અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ જુલાઈ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ પૂનમ | અંક : ૧૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# વડોદરાના પાદરાનો ગંભીરા બ્રિજ તૂટી પડતાં વાહનો નદીમાં ખાબક્યા

## આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના ૨૩ ગાળા પૈકીનો ૧ ગાળો તૂટી પડવાથી દુઃખદ દુર્ઘટના સર્જાઈ : મોટાપાયે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ





। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ તૂટી પડતાં કુલ ૭ વાહનો નદીમાં ખાબકી ગયા છે. જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોતની સત્તાવાર માહિતી મળી છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી કલેક્ટરે આપી હતી. મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો આ બ્રિજ આણંદ અને વડોદરા જિલ્લાને જોડવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માહિતી અનુસાર એક ટ્રક, એક બોલેરો અને એક બાઈક સહિત પાંચ વાહનો નદીમાં ખાબક્યા હોવાના અહેવાલ છે. આ મામલે ખુદ કલેક્ટરે ઘટનાની જાણકારી આપી છે. જ્યારે કોંગ્રેસના દિગ્ગજ નેતા અમિત ચાવડાએ પણ એક્સ પર પોસ્ટ કરીને ઘટનાના વીડિયો શેર કર્યા હતા. બ્રિજ ધરાશાયી થઈ જવાને કારણે મોટાપાયે ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ હતી. જેને ધ્યાનમાં રાખીને અમિત ચાવડાએ ટ્રાફિકનો નિકાલ લાવવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા તંત્રને અપીલ કરી હતી.

આ બ્રિજનું નામ ગંભીરા બ્રિજ હોવાની જાણકારી મળી છે. નદીમાં ખાબકેલા વાહનો પાસે એક મહિલા મદદ માટે કરગરતી દેખાઈ હતી. ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અને આકલાવના ધારાસભ્ય ચાવડા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ આ બ્રિજ આણંદ અને વડોદરા જિલ્લાને કનેક્ટ કરે છે અને આ બ્રિજની હદ વડોદરા જિલ્લામાં આવતી હોવાથી તંત્રએ કામગીરી હાથમાં લીધી છે. તેમણે જણાવ્યું કે બ્રિજ તૂટવાની ઘટના બાબતે પોલીસને જાણકારી આપી દેવામાં આવતી હતી. હાલ બ્રિજ તૂટવાના કારણે પાંચ જેટલા વાહનો નદીમાં પડ્યા છે અને એક ટ્રક લટકતી છે. બંનેની જાણ કરી દેવામાં આવી છે. આ બ્રિજ મહિસાગર નદી પર આવેલો છે. તેનું નિર્માણ ૧૯૮૫માં પૂર્ણ કરાયું હતું. બ્રિજ ધરાશાયી થતાં જ માર્ગ નિર્માણ વિભાગની ગંભીર બેદરકારીની પોલ ખુલી ગઈ છે કેમ કે સરકારે નવો બ્રિજ બનાવવા મંજૂરી આપી હતી અને નવા બ્રિજ માટે સરવે પણ હાથ ધરાયો હતો પરંતુ આ બ્રિજની હાલત જર્જરિત થઈ ગઈ હોવા છતાં તેને બંધ નહોતો કરાયો.

સ્થાનિકોએ આરોપ મૂક્યો કે આણંદ અને વડોદરા જિલ્લાને જોડતો ગંભીરા બ્રિજ ભાજપના શાસનમાં જાળવણીના અભાવે તૂટી પડ્યો. ગુજરાત માર્ગ અને મકાન વિભાગની ૨૫ વર્ષના આયુષ્ય અવધિ સાથે બનાવેલો બ્રિજ આજે ૪૫ વર્ષે તૂટી પડે અને લોકો મોતને ભેટે એની રાહ જોતી ભ્રષ્ટાચારમાં લિપ્ત ભાજપ સરકારને કુદરતનો વધુ એક તમાચો છે.

## મહિસાગર પુલ દુર્ઘટના પર પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું



વડોદરા જિલ્લામાં પુલ તૂટી પડવાની ઘટના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું. આ અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. પીએમ મોદીએ મૃતકોના પરિવારજનો માટે આર્થિક સહાયની જાહેરાત કરી છે. ઘાયલોને પણ આર્થિક મદદ મળશે. પ્રધાનમંત્રીએ ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરી છે. પીએમ મોદીએ એક પોસ્ટ દ્વારા કહ્યું કે, "ગુજરાતના વડોદરા જિલ્લામાં પુલ તૂટી પડવાથી થયેલા જાનહાનિ ખૂબ જ દુઃખદ છે. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી સંવેદના છે. ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરું છું. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારને ૨ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે." હકીકતમાં, વડોદરા જિલ્લામાં મહિસાગર નદી પર બનેલો પુલ તૂટી પડ્યો હતો, જેના કારણે ૧૦ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. પુલ તૂટી પડવાને કારણે ૫ વાહનો પણ નીચે પડી ગયા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુર્ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું



મહીસાગર નદી પર આવેલો મુજપુર-ગંભીરા બ્રિજ આજે વહેલી સવારે તૂટી પડતાં ૯ જેટલા લોકોના મોત થયા છે. આ ઘટના પગલે મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું અને તપાસના આદેશ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે જોખમી બ્રિજને લઈને જાગૃત નાગરિકો દ્વારા અગાઉ રજૂઆત કરવા છતાં સરકાર કે તંત્ર જાગ્યું ન હતું, પરંતુ બ્રિજ તૂટી પડવાની ઘટનામાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા બાદ ઊંઘ ઉડી છે. ગંભીરા બ્રિજ તૂટી પડવાના કારણો તથા અન્ય ટેકનિકલ બાબતો પર પ્રાથમિક તપાસ હાથ ધરી અહેવાલ આપવા સૂચના આપવામાં આવી છે. મુખ્યમંત્રીના આદેશ બાદ તંત્ર એલર્ટ થઈ ગયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને દુર્ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કરવાની સાથે તપાસના આદેશ આપ્યા હતા. તેમણે લખ્યું હતું કે આણંદ અને વડોદરાને જોડતા ગંભીરા બ્રિજના ૨૩ ગાળા પૈકીનો ૧ ગાળો તૂટી પડવાથી સર્જાયેલી દુર્ઘટના દુઃખદ છે. દુર્ઘટનામાં જીવ ગુમાવનાર મૃતકોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરું છું. ઈજાગ્રસ્ત થયેલા લોકોની તત્કાલ સારવાર વ્યવસ્થા માટે વડોદરા કલેક્ટર સાથે વાતચીત કરીને અગ્રતા ક્રમે પ્રબંધ કરવાની સૂચનાઓ આપી છે. દુર્ઘટના સ્થળે બચાવ રાહત કામગીરી માટે સ્થાનિક નગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડ ટીમ બોટ્સ અને તરવૈયાઓ સાથે કાર્યરત છે.

## રાજસ્થાનના ચુરુમાં મોટી દુર્ઘટના, વાયુસેનાનું વિમાન ક્રેશ



। (એજન્સી) ચુરુ, તા.૯ ।

બુધવારે રાજસ્થાનના ચુરુના રતનગઢ વિસ્તારના ભાનુડા ગામમાં વિમાન દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. ઘટના બાદ તરત જ પોલીસ અને વહીવટીતંત્રની ટીમો ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે. ગ્રામજનોની માહિતી મુજબ, આકાશમાં જોરદાર અવાજ બાદ ખેતરોમાં આગ અને ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. કાટમાળ નજીકથી એક મૃતદેહ મળી આવ્યો છે. જે સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત હાલતમાં મળી આવ્યો છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા મૃતદેહની ઓળખ કરવાની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. અકસ્માતના સમાચાર ફેલાતા જ રતનગઢમાં હંગામો મચી ગયો હતો. કલેક્ટર અભિષેક સુરાણા અને સ્થાનિક પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે રવાના થઈ ગયા છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટના પછી તરત જ ખેતરોમાં આગ લાગી હતી.

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નિવેદન

## નિવૃત્તિ બાદ હું મારું જીવન વેદો, ઉપનિષદો અને પ્રાકૃતિક ખેતીને સમર્પિત કરીશ

**અમિત શાહે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સહકારી ક્ષેત્રની મહિલાઓ અને અન્ય સહકારી કાર્યકરો સાથે સંવાદ કર્યો**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સહકારી ક્ષેત્રની મહિલાઓ અને અન્ય સહકારી કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. જેમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં સહકારી ક્ષેત્ર મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે એક મજબૂત માધ્યમ બન્યું છે. અમિત શાહે કાર્યક્રમમાં બનાસકાંઠાનો ઉલ્લેખ કરી કહ્યું કે, 'જ્યારે મારો જન્મ થયો ત્યારે બનાસકાંઠાના લોકોને અઠવાડિયામાં ફક્ત એક જ વાર નહાવા માટે પાણી મળતું હતું. મધ્યપ્રદેશ અને રાજસ્થાનના લોકો કદાચ આ વાતથી વાકેફ નહીં હોય, પરંતુ બનાસકાંઠા અને કચ્છ ગુજરાતના સૌથી વધુ પાણીની અછત ધરાવતા જિલ્લાઓમાંના એક હતા. આજે એક પરિવાર ફક્ત દૂધ ઉત્પાદનમાંથી વાર્ષિક એક કરોડ રૂપિયાની કમાણી કરે છે, જે એક મોટો ફેરફાર છે.'

# ચીન-પાકિસ્તાન-બાંગ્લાદેશ સાંઠગાંઠ પર સતર્કતાની જરૂર

### ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશનું ગઠબંધન ભારત માટે ખતરો છે : CDS જનરલ અનિલ ચૌહાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતના ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણે એક થિંક-ટેન્ક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ભારતની રાષ્ટ્રી. સુરક્ષા આજે બહાર અને આંતરિક બંને મોરચા પર દબાણમાં છે. તેમણે ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના સંભવિત જોડાણને ભારતની સ્થિરતા અને સુરક્ષા માટે મોટું જોખમ ગણાવ્યું. તેમણે કહ્યું કે, આજની વૈશ્વિક સ્થિતિ ખૂબ જ અસ્થિર છે, આખી દુનિયા જૂની વ્યવસ્થાથી નવા વૈશ્વિક સંતુલન તરફ વધી રહ્યા છે. આ પરિવર્તન વચ્ચે અમેરિકાની ભૂમિકા પણ અનેક સ્તરે જટિલતા પેદા કરી રહી છે. CDS એ ભાર મૂકીને કહ્યું કે, 'એક મજબૂત અને લવચિક અર્થવ્યવસ્થા કોઈપણ દેશની રાષ્ટ્રીય શક્તિનો પાયો હોય છે. આર્થિક અને વ્યાપારિક સુરક્ષા પણ રાષ્ટ્રીય સુરક્ષાનો મહત્ત્વનો ભાગ છે. સ્થિર વિકાસ અને ચકાઉ પ્રગતિ માટે મજબૂત અર્થવ્યવસ્થા જરૂરી છે. બહારના પ્રભાવોથી સુરક્ષા ત્યારે જ સંભવ છે, જ્યારે દેશની આંતરિક સ્થિતિ મજબૂત હોય અને તેનો આર્થિક આધાર સ્થિર રહે.' જનરલ ચૌહાણે કહ્યું કે, ભારત જેવા વિવિધતા ભરેલા દેશમાં સામાજિક અને આંતરિક સુરક્ષાને હલ્કામાં ન લેઈ શકાય. આપણો દેશ બહુભાષી, બહુધાર્મિક અને બહુજાતીય છે. એવામાં સામાજિક એકતાને જાળવી રાખવું ખૂબ જરૂરી છે. સામાજિક સુરક્ષા વ્યવસ્થામાં આંતરિક સુરક્ષાને પણ મહત્ત્વનું સ્થાન મળવું જોઈએ.' આ સાથે તેમણે ચેતવણી પણ આપી કે, જો ભારતને આંતરિક રૂપે નબળું પાડવામાં આવ્યું, તો બહારના જોખમ વધુ અસરકારક થઈ જશે. જનરલ ચૌહાણે કહ્યું કે, ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે જો કોઈપણ પ્રકારનો વ્યૂહનૈતિક સહયોગ હોય છે, તો તેની સીધી અસર ભારતની સુરક્ષા પર પડે છે. આ ત્રણેય દેશોના સામાન્ય હિત ભારતની વિરોધમાં એક વ્યૂહનૈતિક પડકાર બની શકે છે. ખાસ કરીને ત્યારે જ્યારે બાંગ્લાદેશના રાજકારણની સ્થિતિ અસ્થિર છે અને ત્યાંના પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના ભારતમાં શરણ લઈ રહ્યા છે.' CDSએ મે ૨૦૨૫માં થયેલા 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરતા કહ્યું કે, આ પહેલું ઉદાહરણ હતું જ્યારે બે પરમાણુ સંપન્ન દેશ ભારત અને પાકિસ્તાન સીધા સૈન્ય સંઘર્ષમાં સામેલ થાય. આ સંઘર્ષમાં ભારતે પાકિસ્તાનની પરમાણુ ધમકીને ખોટી સાબિત કરી અને આ દુનિયા માટે શીખ છે કે, પરમાણુ ડર બતાવીને કોઈ દેશ પોતાની હરકતો છુપાવી નહીં શકે.

## બોઈંગ ડ્રીમલાઈનર સૌથી સુરક્ષિત વિમાન : એર ઈન્ડિયાનો દાવો

। નવી દિલ્હી, તા.૯ ।

અમદાવાદમાં તૂટી પડેલા એર ઈન્ડિયાના વિમાન એઆઈ-૧૭૧ અંગે વિમાન દુર્ઘટના તપાસ બ્યુરોએ તેનો પ્રાથમિક રિપોર્ટ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને સોંપ્યો છે. જોકે, અંતિમ રિપોર્ટ આવતા હજુ ત્રણ મહિનાનો સમય લાગી શકે છે. એર ઈન્ડિયાનું વિમાન તૂટી પડયાના ચાર સપ્તાહ પછી પ્રાથમિક રિપોર્ટ અપાયો છે. બીજીબાજુ સંસદની પીએસી સમક્ષ એર ઈન્ડિયાએ વિમાન બનાવતી કંપની બોઈંગનો બચાવ કરતા દાવો કર્યો કે, બોઈંગ કંપનીનું ડ્રીમલાઈનર સૌથી સુરક્ષિત વિમાન છે.

## ભારતીય મૂળના સાબિહ ખાન બન્યા એપલના COO

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

એપલે ભારતીય મૂળના સાબિહ ખાનની ચીફ ઓપરેટિંગ ઓફિસર (COO) તરીકે નિમણૂક કરી છે. Jeff Williams નિવૃત્ત થતાં તેમની જગ્યા સાબિહ ખાન સંભાળશે. આ દરમિયાન સિલિકોન વેલીમાં એ ચર્ચાએ જોર પકડ્યું છે કે, હવે એપલના નવા CEO કોણ બનશે. કારણ કે, ટિમ કૂક પણ હવે ૬૩ વર્ષના થઈ ચૂક્યા છે. એવું કહેવાય છે કે, Jeff Williams એપલના CEO બનવાના હતા પરંતુ તે તો નિવૃત્ત થઈ ગયા. આ કારણસર એવી ચર્ચા છે કે, સાબિહ ખાન એપલના CEO તરીકેની જવાબદારી સંભાળે તેવી પણ શક્યતા છે. જો કે, હાલમાં સીઓઓ તરીકે નિમાયેલા સાબિહ ખાન સીધા ટિમ કૂકને રિપોર્ટ કરશે. તેનો અર્થ એ થયો કે, સાબિહ ખાન કંપનીમાં અત્યંત મહત્ત્વના હોદ્દા પર છે. જો કે, તેમના CEO બનવા સામે પડકારો છે. સાબિહ ખાન હાલ ૫૯ વર્ષના છે. એટલે કે, તેઓ જેફ વિલિયમ્સ કરતાં માત્ર બે વર્ષ નાના છે. આમ, ટિમ કૂક વધુ લાંબા સમય સુધી CEO તરીકે કામ કરે તો સાબિહ ખાનના CEO બનવાની શક્યતા ઘટી જશે. પરંતુ જો ટિમ કૂક નિવૃત્ત થાય તો એપલને નવા ભારતીય સીઈઓ મળી શકે છે.

## ૨૩ વર્ષથી ફરાર મોનિકા કપૂરની અમેરિકામાં ધરપકડ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

CBIએ કથિત આર્થિક ગુનેગાર મોનિકા કપૂરની અમેરિકાથી ધરપકડ કરી છે. ૨૩ વર્ષથી ફરાર મોનિકાને આજે રાત્રે સીબીઆઈ ટીમ ભારત લાવશે. આને ભારતીય એજન્સીઓની મોટી સફળતા તરીકે જોવામાં આવી રહી છે. આ કાર્યવાહી ૯ જુલાઈ, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થઈ હતી. મોનિકા કપૂર ૨૦૦૨ના આયાત-નિકાસ છેતરપિંડીના કેસમાં મુખ્ય આરોપી હતી. મોનિકા ઓવરસીઝની માલિક મોનિકા કપૂરે તેના બે ભાઈઓ રાજન ખન્ના અને રાજીવ ખન્ના સાથે મળીને શિપિંગ બિલ, ઈન્વોઈસ અને બેંક સર્ટિફિકેટ જેવા નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આ નકલી દસ્તાવેજોના આધારે, તેણે ૧૯૯૮ માં ૬ રિપ્લેનિશમેન્ટ લાઈસન્સ મેળવ્યા હતા, જેની મદદથી ૨.૩૬ કરોડ રૂપિયાનું ડ્યુટી-ફ્રી સોનું આયાત કરવામાં આવ્યું હતું. આ પછી, આ લાઈસન્સ અમદાવાદ સ્થિત કંપની ડીપ એક્સપોર્ટ્સને પ્રીમિયમ પર વેચવામાં આવ્યા હતા. ડીપ એક્સપોર્ટ્સે તેનો ઉપયોગ સોનાની આયાત કરવા માટે કર્યો હતો, જેના કારણે સરકારને ૧.૪૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.

### ખેડૂત નેતાઓ પર ED ત્રાટકી

## ભારતીય ખેડૂત યુનિયનના સુખ ગિલ સહિત અનેકના નિવાસે દરોડા

### ભારતીય કિસાન યુનિયન (ટોટેવાલ)ના અધ્યક્ષ સુખગિલ સહિત પંજાબના અનેક ખેડૂત નેતાઓ સામેલ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ED (એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ)એ બુધવારે પંજાબમાં ખેડૂત સંગઠનના વિવિધ નેતાઓના નિવાસ સ્થાને અને ઓફિસોમાં દરોડા પાડ્યા છે.

ભારતીય કિસાન યુનિયન (ટોટેવાલ)ના અધ્યક્ષ સુખગિલ સહિત પંજાબના અનેક ખેડૂત નેતાઓ સામેલ છે. હાલ કેન્દ્રીય તપાસ એજન્સીઓના અધિકારીઓએ સ્પષ્ટતા આપી નથી કે, તેમણે કયાં આરોપોસર ખેડૂત નેતાઓ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પંજાબના મોગા જિલ્લાના ટોટા સિંહ વાલા ગામનો રહેવાસી સુખગિલ આશરે ૧૨ વર્ષ પહેલાં ઓર્કેસ્ટ્રામાં ડાન્સર હતાં અને લગ્ન સમારોહમાં પણ ડાન્સ કરતાં હતાં. તે પંજાબી ફિલ્મોમાં અભિનેતા પણ રહ્યા છે. ૨૦૧૬માં તે સ્થાનિક ટીવી અને વેબ ચેનલ્સ માટે રાજનેતાઓનું ઈન્ટરવ્યૂ લેતાં હતાં અને પત્રકાર બન્યા હતાં. તે શિરોમણી અકાલી દળના મોગા યુનિટમાં પદાધિકારી પણ બન્યા હતાં. બીકેયુ (ટોટેવાલ)ના પ્રદેશ અધ્યક્ષ પણ છે. ૨૧ વર્ષીય જસવિન્દર સિંહ નામના શખ્સની ફરિયાદ પર સુખગિલ વિરૂદ્ધ પોલીસે રૂ. ૪૫ લાખનો ઈમિગ્રેશન ફ્રોડની ફરિયાદ નોંધી હતી. જસવિન્દર સિંહ પંજાબના ૧૨૭ લોકો પૈકી એક છે, જેને હાલ અમેરિકામાંથી ડિપોર્ટ કરવામાં આવ્યો હતો.

## વંદે ભારતે જીત્યા જાપાનીઓના દિલ, ઓસાકા એક્સ્પોમાં ભારતીય રેલવેની ધૂમ



। નવી દિલ્હી, તા.૯ ।

જાપાનના ઓસાકામાં ચાલી રહેલા વર્લ્ડ એક્સ્પો-૨૦૨૫ માં ભારતીય રેલવેએ ધૂમ મચાવી છે. ભારતીય પેવેલિયનમાં ના ફક્ત ભારતીય પ્રવાસીઓ પરંતુ જાપાની નાગરિકો ની પણ ભારે ભીડ ઉમટી રહી છે. એક્સપોમાં પહોંચનારા લોકોમાં વંદે ભારત એક્સપ્રેસ અને ચિનાબ બ્રિજને લઈને ભારે ઉત્સુકતા જવામાં આવી છે. લોકો તેના વિશે જાણવા માટે ઉત્સુક છે. ઘણા જાપાની મુલાકાતીઓને એ જાણીને આશ્ચર્ય થાય છે કે આટલી હાઈ સ્પીડ અને અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી ટ્રેનો હવે ભારતમાં સામાન્ય બની ગઈ છે. વંદે ભારતની એરોડાયનેમિક ડિઝાઈન, ઈનબિલ્ટ સેફટી ફીચર્સ અને સેમી-હાઈ-સ્પીડ ક્ષમતાઓએ ટેકનોલોજી પ્રેમીઓને આકર્ષ્યા છે. તે જ સમયે,ચિનાબ બ્રિજ - જે વિશ્વનો સૌથી ઊંચો રેલવે આર્ચ બ્રિજ છે. ભારતીય રેલવે એન્જિનિયરિંગ ક્ષમતાના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. હિમાલયની ખીણોમાં બનેલો આ પુલ ના માત્ર ટેકનિકલ પડકારને દૂર કરે છે, પરંતુ ભારતના ઉત્તરીય ક્ષેત્રમાં કનેક્ટિવિટી અને સુરક્ષાના દષ્ટિકોણથી પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જાપાની પ્રેક્ષકો, ખાસ કરીને એન્જિનિયરિંગ અને આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓ, ચિનાબ બ્રિજના 3D પ્રેઝન્ટેશન અને ઈન્ટરેક્ટિવ મોડેલને ધ્યાનથી જોઈ રહ્યા છે અને તેના નિર્માણ સંબંધિત વિગતો જાણવામાં ઊંડો રસ લઈ રહ્યા છે.

વંદે ભારત ટ્રેન અને ચિનાબ બ્રિજ આધુનિક ભારતીય રેલવે ના ચમકતા સિતારા છે. તે બદલાતા ભારતની ઓળખ છે. છેલ્લા દાયકામાં, વંદે ભારતે અતિ-આધુનિક સુવિધાઓ સાથે રેલ મુસાફરીને એક નવી ઓળખ આપી છે. મુસાફરોને વિશ્વ કક્ષાની સુવિધાઓ સાથે હાઈ-સ્પીડ મુસાફરીની સુવિધા મળી રહી છે. ભારતીય રેલવે એ દેશના દરેક ખૂણામાં વંદે ભારત ચલાવીને કનેક્ટિવિટીનો એક નવો અધ્યાય લખ્યો છે. દેશભરમાં લગભગ ૧૪૦ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. તેને યુવાનો તેમજ વરિષ્ઠ નાગરિકોમાં ખૂબ લોકપ્રિયતા મળી છે. આ ટ્રેનમાં એર-કન્ડિશન્ડ કોચ, ઓટોમેટિક દરવાજા, બાયો-ટોઈલેટ, જીપીએસ ઈન્ફોર્મેશન સિસ્ટમ, ઓનબોર્ડ કેટરિંગ, વાઈ-ફાઈ અને સીસીટીવી સુરક્ષા જેવી સુવિધાઓ છે. આ સુવિધાઓ મુસાફરોને એક પ્રીમિયમ અને આરામદાયક અનુભવ પ્રદાન કરે છે, જે પહેલા સામાન્ય ટ્રેનોમાં શક્ય નહોતું. વંદે ભારત ટ્રેનો ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓ માટે ઉપયોગી છે. વર્લ્ડ એક્સ્પો ૨૦૨૫ જે ૧૩ એપ્રિલથી ૧૩ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ચાલશે, ભારત માટે વૈશ્વિક પ્લેટફોર્મ પર તેની સિદ્ધિઓ અને નવીનતાઓ શેર કરવાની એક સુવર્ણ તક છે. જાપાનમાં ઈન્ડિયા પેવેલિયનની લોકપ્રિયતા ના માત્ર ભારતની વધતી જતી વૈશ્વિક વિશ્વસનીયતાને પ્રતિબિંબિત કરે છે, પરંતુ એ પણ દર્શાવે છે કે વિશ્વ ભારતની પ્રગતિને ઉત્સુકતા અને સન્માનની નજરોથી જોઈ રહ્યું છે.

CMYK

# સ્પીડમાં વાહન હાંકવાને બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું કૃત્ય ગણી શકાય નહીં

## હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે ફરિયાદ પક્ષ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

એક ઓટો-રિક્ષા ચાલકને નિર્દોષ જાહેર કરવા સામે રાજ્યની અપીલ ફગાવી કાઢતાં હાઈકોર્ટે એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું છે કે 'ફક્ત વધુ ઝડપે વાહન ચલાવવાને બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું કૃત્ય ગણી શકાય નહીં.' આ રિક્ષાચાલકે એક ટ્રેક્ટર-ટ્રોલી સાથે રિક્ષા અથડાઈ હોવાથી તેના પર બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જેના પરિણામે બે લોકોના મોત થયા હતા. હાઈકોર્ટે રાજકોટ સેશન્સ કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો હતો. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે ફરિયાદ પક્ષ બેદરકારીપૂર્વક વાહન ચલાવવાનું સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો હતો. અકસ્માત હકીકતમાં રાત્રે રસ્તા પર એક બેફામ પાર્ક કરેલા વાહનોના કારણે થયો હતો.

હાઈકોર્ટની બેન્ચે અવલોકન કર્યું હતું કે, 'કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ વધુ ઝડપે વાહન ચલાવવાને બેદરકારીથી વાહન ચલાવવાનું કૃત્ય ગણી શકાય નહીં. ભારતીય દંડ સંહિતાની કલમ 304(A) હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે જવાબદાર વ્યક્તિને બેદરકારીથી વાહન ચલાવવા બદલ જવાબદાર ઠેરવવા માટે, તેણે બેદરકારીથી વાહન ચલાવ્યું છે તે હકીકત કાનૂની પુરાવા સાથે હંમેશા સ્થાપિત કરવી જોઈએ.'આ કેસની હકીકત પ્રમાણે પ્રતિવાદી રિક્ષાચાલક રાત્રે કામ પરથી સાત મજૂરોને ઘરે લઈ જતી ઓટો રિક્ષા ચલાવી રહ્યો હતો. સાંકડા હાઈવે પર મુસાફરી કરતી વખતે, રિક્ષા રસ્તા પર પાર્ક કરેલી ટ્રેક્ટર-ટ્રોલી સાથે અથડાઈ ગઈ હતી. જેમાં કોઈ લાઈટ, સિગ્નલ કે રિફ્લેક્ટર નહોતા. પરિણામે રિક્ષા પલટી ગઈ હતી. જેના કારણે મુસાફરો ઘાયલ થયા. તેમાંથી બેનું મોત નીપજ્યું હતું. ઘાયલ મુસાફરોમાંથી એકના નિવેદનના આધારે FIR નોંધવામાં આવી હતી. પ્રતિવાદી પર IPCની કલમ 279, 304, 304A અને ૩૩૭ તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ હેઠળ કેસ ચલાવવામાં આવ્યો હતો. સેશન્સ કોર્ટે ટ્રાયલ પછી પ્રતિવાદી રિક્ષાચાલકને નિર્દોષ જાહેર કર્યો હતો, અને કહ્યું કે આ અકસ્માત ટ્રેક્ટર-ટ્રોલીના બેદરકારીપૂર્વક પાર્કિંગને કારણે થયો હતો. જે આદેશથી નારાજ થઈને રાજ્ય સરકારે રિક્ષાચાલકને નિર્દોષ જાહેર કરવા સામે CrPCની કલમ ૩૭૮ હેઠળ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જેમાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે અપીલકર્તા એ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા હતા કે પ્રતિવાદીએ વાહન ઉતાવળમાં અથવા બેદરકારીથી ચલાવ્યું હતું, અને મુખ્ય પ્રત્યક્ષદર્શીઓ, જેમાં રિક્ષાના ચાર મુસાફરોનો સમાવેશ થાય છે, તેમણે એવું કહ્યું નહોતું કે ડ્રાઈવરે બેદરકારી દાખવી હતી.

# વડોદરા યુનિવર્સિટીની હોસ્ટેલમાં ૮૦થી વધુ વિદ્યાર્થિનીઓને થયું ફૂડ પોઇઝનિંગ

## આ તમામ વિદ્યાર્થિનીઓને એમ્બ્યુલન્સ દ્વારા ગોત્રી અને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરામાં આવેલ મહારાજ સયાજીરાવ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની ઘટના પ્રકાશમાં આવી છે. ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓએ રાત્રિનું ભોજન લીધું તે બાદ અચાનક તેમની તબિયત લથડી ગઈ હતી. વિદ્યાર્થિનીઓને તબિયત અચાનક ખરાબ થતા સત્વરે હોસ્ટિલ સારવાર માટે લઈ જવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ૮૦થી વધારે વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. જેથી આ તમામ વિદ્યાર્થિનીઓને એમ્બ્યુલન્સ દ્વારા ગોત્રી અને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી.વડોદરાની મહારાજ સયાજીરાવ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહે છે. આ દરમિયાન જમવા માટે મેસની સુવિધા પણ ઉપલબ્ધ છે. ગત રાત્રે ત્રણથી ચાર હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનિઓની રાત્રે ભોજન લીધા બાદ તેમની તબિયત અચાનક લથડી ગઈ હતી. પહેલા તો આ બાબતે હોસ્ટેલની વોર્ડનને જાણ કરવામાં આવી હતી. જો કે, વધારે સંખ્યામાં વિદ્યાર્થિનીઓની હાલત ખરાબ હોવાના કારણે સત્તાધીશોને જાણ કરવામાં આવી હતી. હોસ્ટેલમાં સત્વરે અનેક એમ્બ્યુલન્સ આવી પહોંચી અને તમામ વિદ્યાર્થિનીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે એમ્બ્યુલન્સ ખૂટી જતા પોલીસની ગાડીઓમાં વિદ્યાર્થિનીઓને હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે અત્યારે વિદ્યાર્થિનીઓની હાલત સારી છે. જો કે, ઘટના ખૂબ જ ગંભીર હોવાથી સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ૮૦થી વધારે વિદ્યાર્થિનીઓ અત્યારે સયાજી હોસ્પિટલ, ગોત્રી હોસ્પિટલ અને કેટલીક વિદ્યાર્થિનીઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. હોસ્ટેલમાં રહેતી ૮૦ થી વધુ વિદ્યાર્થીનિઓને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હોવાનું પ્રાથમિક માહિતી સામે આવી છે. તબીબી સારવાર ચાલી રહી છે, પરંતુ અનેક પ્રશ્નો ઊભા થયા છેઆ સમગ્ર મામલે હોસ્ટેલના ભોજન આ મુદ્દે ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ ઉઠી રહી છે. હાલની સ્થિતિમાં વિદ્યાર્થિનીઓની તબિયત સ્થિર છે, પણ સમગ્ર વ્યવસ્થાની જવાબદારી નક્કી થવી આવશ્યક છે. આખરે શા માટે વિદ્યાર્થિનીઓની સ્વાસ્થ્ય સાથે રમત રમવામાં આવે છે? આ મામલે કેવી કાર્યવાહી કરવામાં આવે છે તે જોવું રહ્યું!

# ઈંગોલી પ્રાથમિક શાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ



। ધોળકા, તા.૯ ।

ધોળકા તાલુકાની ઈંગોલી પ્રાથમિક શાળામાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને લોકશાહી પ્રક્રિયા અને નેતૃત્વના ગુણોથી પરિચિત કરાવવાનો હતો. ચૂંટણી પ્રક્રિયા શરૂ કરતા પહેલા શાળાના વિદ્યાર્થીઓને ચૂંટણીનું મહત્વ અને પદ્ધતિ વિશે સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી. ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે મહામંત્રી અને ઉપમહામંત્રી પદ માટે ચૂંટણી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં કુમાર અને કન્યા બંને માટે ઉમેદવારોની સ્વૈચ્છિક પસંદગી કરવામાં આવી હતી. કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી હતી. આ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થઈ રહેલા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ નવી બાળ સંસદ સમિતિ શાળાના વિવિધ પાસાઓમાં, જેમ કે પ્રાર્થના, રમતગમત, સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત પ્રવૃત્તિઓની દેખરેખ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ઉમેદવારોએ પોસ્ટરો દ્વારા પોતાનો ચૂંટણી પ્રચાર કર્યો હતો અને દરેક વર્ગમાં જઈને પોતાના વચનો અને દ્રષ્ટિકોણો રજૂ કર્યા હતા.

# અમદાવાદમાં AMC હેલ્થ વિભાગનું કન્સ્ટ્રક્શન સાઇટ પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

તાજેતરમાં શહેરમાં વરસેલા વરસાદને કારણે ઠેરઠેર પાણી ભરાવાને કારણે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. રોગચાળો વકરતા આરોગ્ય વિભાગ એક્શનમાં આવ્યું છે. AMC હેલ્થ વિભાગનું કન્સ્ટ્રક્શન સાઈટ પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મચ્છર બ્રિડીંગને લઈ થલતેજ ખાતે ચેકિંગ કરાયું છે. મચ્છર બ્રિડીંગ મળતા સહજ વન કન્સ્ટ્રક્શન સાઈટ સીલ કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. જેના લઈને . AMC હેલ્થ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરની કન્સ્ટ્રક્શન સાઈટ પર ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.મચ્છર બ્રિડીંગ લઈ થલતેજ ખાતે ચેકિંગ કરાયું છે. મચ્છર બ્રિડીંગ મળે તે સાઈટને સીલ કરી તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. છસ્ઝ હેલ્થ વિભાગનું કન્સ્ટ્રક્શન સાઈટ પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મચ્છર બ્રિડીંગ મળે તે સાઈટ સીલ કરવામાં આવી રહી છે. શહેરમાં વધતા જતા રોગચાળાને રોકવા શહેર કોર્પોરેશન દ્વારા હાલ આ કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કોઈ કન્સ્ટ્રક્શન સાઈટની આસપાસ મચ્છરની બ્રિડીંગ મળી આવશે તો તેમની સામે કાર્યવાહી થશે.

### દસક્રોઈના મીરોલીની કંપનીમાં બે કારીગરનાં મોત નિપજ્યાં હતા

# વીજ કરંટથી મજૂરોના મોત માટે કંપનીના માલિકો, મેનેજર, કોન્ટ્રાક્ટર સામે ગુનો

## પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરાવ્યું તેમાં કારીગરોને વીજ કરંટ લાગવાથી મોત નિપજ્યાં હોવાનું સામે આવ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।




અસલાલીના મિરોલી ગામમાં આવેલી વિનસ ડેનિમ કંપનીમાં પાંચ દિવસ પહેલા કલરકામ કરતા બે કારીગરનાં મોત નિપજ્યાં હતા. અસલાલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી બંને લાશનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જેમાં સામે આવ્યું કે, અહીંથી પસાર થતી એગ્રીકલ્ચરની ત્રણ તારની હેવી ઈલેક્ટ્રિક લાઈન ચાલુ હોવાથી તેના તારને લોખંડની સીડી અડી જતા વીજ કરંટ લાગવાથી બંનેનાં મોત નિપજ્યાં હતા.

કંપનીના માલિકો, કોન્ટ્રાક્ટર અને મેનેજરે સેફ્ટી સાધનો ન રાખીને બેદરકારી દાખવતા આ મામલે અસલાલી પોલીસે તમામ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દસક્રોઈના મીરોલી ગામમાં વિનસ ડેનિમ કંપનીમાં ૨ જુલાઈએ પાછળના ભાગે સી અને ડી ડિપાર્ટમેન્ટ પાસેની ખુલ્લી જગ્યામાં બે કારીગર કલરકામ કરતા હતા. મૂળ મધ્યપ્રદેશના ૫૬ વર્ષીય મંશારામસિંહ અને ૨૩ વર્ષીય જીતેન્દ્ર બગેલ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે લોખંડની સીડી ખસેડતા હતા ત્યારે કંપનીના કમ્પાઉન્ડમાંથી પસાર થતી એગ્રીકલ્ચરની ત્રણ તારની હેવી ઈલેક્ટ્રિક લાઈન ચાલુ હોવાથી તારને લોખંડની સીડી અડી જતા બંનેનાં મોત નિપજ્યા હતા. આ મામલે અસલાલી પોલીસને જાણ થતાં પોલીસે ઘટનાસ્થળની વિઝિટ કરી અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. પોલીસે લાશનું પોસ્ટમોર્ટમ કરાવ્યું તેમાં કારીગરોને વીજ કરંટ લાગવાથી મોત નિપજ્યાં હોવાનું સામે આવ્યું હતું. અસલાલી પોલીસે વિનસ ડેનિમ કંપનીના માલિક રાજેન્દ્રપ્રસાદ અગ્રવાલ(રહે. વ્રજગાર્ડન સોસા. શેલા), અજય અગ્રવાલ (રહે. સોમેશ્વરા બંગ્લોઝ, સેટેલાઈટ), વિશાલ અગ્રવાલ અને વિનય અગ્રવાલ (રહે. થલતેજ) અને મેનેજર રજનીકાંત પરમાર(રહે. શ્રીધર હેવન ફ્લેટ, વસ્ત્રાલ) તથા કોન્ટ્રાક્ટર અજબસિંહ ગુર્જર(રહે. મિરોલીગામ, દસક્રોઈ) સામે બેદરકારીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાણંદના ઝાપ ગામમાં યોજાયેલી પ્રાકૃતિક કૃષિની તાલીમમાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો

। અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ઝાપ ગામમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેતીવાડી ખાતાના ગ્રામસેવક શ્રી મૌલિકભાઈએ તાલીમમાં હાજર ખેડૂતોને જમીનના તત્વો વિશે માહિતી આપી હતી. પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ



વાઘેલાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં પોતાના દશ વર્ષના અનુભવો રજૂ કર્યા હતા. પ્રાકૃતિક ખેતીમાં ગાયના મહત્વ ઉપર પણ તેમણે વિસ્તૃત માહિતી આપી હતી. તદુપરાંત, ખેતીમાં રાસાયણિક ખાતર અને ઝેરી દવાઓનો ઉપયોગ બંધ કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવા ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું. અંતમાં પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતોનો ઉત્સાહ વધારવા માટે કિચન ગાર્ડન વિશે પણ વિશેષ માહિતી આપવામાં આવી હતી અને ચોમાસામાં થતાં વિવિધ ૧૬ પ્રકારના શાકભાજીના બિયારણની કિટનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત તાલીમમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના કૃષિ સખી સુશ્રી સંગીતાબહેન અને સી.આર.પી. શ્રી ગૌતમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલડી,નારણપુરા, નવરંગપુરા, નવાવાડજ સહિત અમદાવાદમાં ૧૬૦૦થી વધુ ખાડા

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

વર્ષ-૨૦૧૭માં અમદાવાદમાં ભારે વરસાદના કારણે રુપિયા ૪૦૦ કરોડના રસ્તા તૂટી ગયા હતા. આઠ વર્ષ પહેલા સર્જાયેલી સ્થિતિ ફરી એક વખત જોવા મળી રહી છે.એક મહિનામાં ૧૯ ઈંચ વરસાદ થયો છે. પાલડી, નારણપુરા, નવરંગપુરા ઉપરાંત ઘાટલોડિયા અને ચાંદલોડિયા સહીતના વિસ્તારમાં સૌથી વધુ ૧૬૦૦થી વધુ ખાડા પડયા છે. નવાઈની વાત એ છે કે કેટલાક વિસ્તારના રસ્તાઓ ઉપર પડેલા ખાડા પુરાયા પછી ફરી વરસાદ પડતા ફરી એ જ સ્થળે ખાડા પડે છે. લોકોને પડતી હાલાકીની કોર્પોરેશનના અધિકારીઓને પડી નથી. એમને તો બસ તેમની ઉપરના સાહેબને અમે આટલા ખાડા પુર્યા એ બતાવવુ છે. શહેરના સૌથી વધુ વિકસિત એવા એલિસબ્રિજ, પાલડી, વાસણા, નારણપુરા, નવરંગપુરા હોય કે નવા વાડજ, રાણીપ અથવા તો ચાંદખેડા આ તમામ વિસ્તારોમાં એક મહિનામાં ૧૬૧૩ ખાડા અને ૧૧૩ ભુવા મળી કુલ ૧૭૬૫ ખાડા પડયા હતા. જે તમામનુ સમારકામ કરી દેવાયુ હોવાનુ સત્તાવારસૂત્રમાંથી જાણવા મળે છે. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં આવતા બોડકદેવ, થલતેજ ઉપરાંત ઘાટલોડિયા, ચાંદલોડિયા સહીત અન્ય વિસ્તારના રોડ ૬૪૮ ખાડા પડયા હતા. ગત સપ્તાહે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં મળેલી અધિકારીઓ સાથેની બેઠકમાં તેમણે શહેરના વિવિધ રોડ ઉપર પડેલા ત્રણ હજારથી પણ વધુ ખાડા ત્રણ દિવસમાં પુરવા સુચના આપી હતી.

# અગરિયાઓના ઉત્કર્ષ તથા હિત માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ : મીઠા ઉદ્યોગ મંત્રી જગદીશ વિશ્વકર્મા





। ગાંધીનગર, તા.૯ ।

મીઠા ઉદ્યોગના વિકાસ અને અગરિયાઓના કલ્યાણ માટેની યોજનાઓના ઘડતર અને અમલીકરણને ઝડપી મંજુરી આપવા માટે રાજ્યમાં ઉચ્ચ સ્તરીય એમ્પાવર્ડ કમિટીની રચના કરવામાં આવી છે. મીઠા ઉદ્યોગ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે આ સોલ્ટ એમ્પાવર્ડ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ અંગે સમીક્ષા તથા નવી યોજનાઓના ઘડતર અંગે ચર્ચા કરવામાં આવી હતી.

મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ આ બેઠકમાં મીઠાનું ઉત્પાદન કરતા ઉદ્યોગો, અગરિયાઓ સાથે સંકળાયેલ વિવિધ એસોસિએશન અને હિતધારકોની રજૂઆતો સાંભળી વિગતવાર ચર્ચા કરી હતી. આવનારા સમયમાં સકારાત્મક આયોજન હાથ ધરી, અગરિયાઓના ઉત્થાન માટેની સહાય યોજનાઓ દ્વારા અગરિયાઓને સશક્ત બનાવવા અંગેની કામગીરી વધુ વેગવાન બનાવવામાં આવશે તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

ગુજરાત સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. જેનો લાભ રાજ્યમાં મીઠું પકવતાં અગરિયાઓને મળી રહ્યો છે. અગરમાં કામ કરવામાં પણ અનેક મુશ્કેલીઓ પડતી હતી. પરંતુ મીઠું પકવતા અગરિયાઓની મુશ્કેલીઓ દુર કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

આ ઉપરાંત રાજ્યના અગરિયાઓને મીઠાના ઉત્પાદન માટે સોલારપંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજના કાર્યરત છે. જે હેઠળ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૪૯૦૦ થી વધુ અગરિયા પરિવારોને રૂ.૧૧૯ કરોડથી વધુની સહાય આપ વામા આવી છે. એક અગરિયા લાભાર્થી કુટુંબ દ્વારા એક સોલારપંપ સીસ્ટમથી ડિઝલના ખર્ચમાં વાર્ષિક આશરે રૂ.૧.૫ થી ૨ લાખ જેટલી બચત થાય છે. અગરિયાઓની મુશ્કેલીઓને દુર કરવામાં શિક્ષણ, આરોગ્ય તથા માર્ગ અને મકાન જેવા વિવિધ ક્ષેત્રોમાં અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે સ્કૂલ ઓન વ્હીલ યોજના હેઠળ ૩૮ મોબાઈલ બસ શાળાઓ-સ્કૂલ ઓન વ્હીલ શરૂ કરવામાં આવી છે. ગુજરાતના વિવિધ અંતરીયાળ ગામના અગરિયા વિસ્તારની શાળાઓ માટે જરૂરી શૈક્ષણિક સાધનો પુરા પાડવામાં આવી રહ્યાં છે.

એમ્પાવર્ડ કમિટીની અધ્યક્ષતામાં આરોગ્ય ક્ષેત્રે ૨૦ અગરિયા ધનવંતરી આરોગ્ય રથના વાહનો જિલ્લાઓને અગરિયા વિસ્તારમાં કામગીરી અર્થે ફાળવવામાં આવ્યા છે. છેલ્લા બે વર્ષમાં અગરિયા વિસ્તારમાં ૨,૯૫,૦૦૦ થી વધારે ઓ.પી.ડી., ૧૭૦૦ થી વધુ પ્રસુતિ સારવાર અને ૭૫,૦૦૦ થી વધુ લેબોરેટરી તપાસ મળી આશરે ૩,૭૧,૦૦૦ થી વધારે લાભાર્થીઓને આરોગ્ય વિષયક સેવા આપવામાં આવી છે. અગરિયા હિતરક્ષક મંચના પ્રમુખ શ્રી હરણેશ પંડ્યાએ બેઠક દરમિયાન યોજનાના સફળતાપૂર્વકના અમલીકરણ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, યોજનાના અમલીકરણથી અગરિયાઓના કુટુંબની પાંચ પેઢીનું દેવું પાંચ વર્ષમાં ચૂકવવામાં આવ્યું છે.

યોજનાથી ૭૦ ટકા ઉત્પાદન ખર્ચ ઘટ્યો અને ઉત્પાદકતા અને નફાકારકતા વધી છે. તેમની ધિરાણ લેવાની નિર્ભરતા ઘટી અને તેઓ સ્વતંત્ર્ય રીતે મીઠું પકવી બજારમાં વેચી રોજગારી મેળવી રહ્યાં છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### મેં બે દિવસ પહેલા જ મારી દાઢી રંગી છે : વિરાટ કોહલી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ટેસ્ટ ક્રિકેટમાંથી અચાનક નિવૃત્તિ લીધા બાદ વિરાટ કોહલીની પહેલીવાર મોટો ખુલાસો કર્યો છે. પૂર્વ ભારતીય કેપ્ટને કહ્યું કે, તેણે બે દિવસ પહેલા જ દાઢી રંગી હતી. વિરાટ કોહલીએ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહ દ્વારા આયોજિત ખાસ ગાલા ડિનરમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. આ કાર્યક્રમમાં ગૌરવ કપૂરે એક ખાસ વાતચીત સેશનનું આયોજન કર્યું હતું. શરૂઆતમાં વિરાટ કોહલી સ્ટેજ પર નહોતો, પરંતુ પછીથી તે અન્ય દિગ્ગજો સાથે સ્ટેજ પર આવ્યો હતો. મીટ એન્ડ ગ્રીટ સેગમેન્ટમાં જ્યારે ગૌરવ કપૂરે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિનો વિષય ઉઠાવ્યો, ત્યારે કોહલીએ હસીને કહ્યું કે, મેં બે દિવસ પહેલા જ દાઢી રંગી છે... જ્યારે તમારે દર ચાર દિવસે દાઢી રંગવી પડે, ત્યારે તમને સમજાય જાય છે કે સમય આવી ગયો છે! કોહલીએ સ્ટેજ પર પૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રી સાથેના પોતાના મજબૂત સંબંધો વિશે ખુલીને વાત કરી હતી. તેમણે કહ્યું કે, જો શાસ્ત્રીનું સમર્થન ન હોત, તો તેમનું ટેસ્ટ કરિયર એવું ન હોત, જેવું રહ્યું. વધુમાં વિરાટે કહ્યું કે, ઈમાનદારીથી કહું તો, જો મેં રવિ ભાઈ સાથે કામ ન કર્યું હોત... તો ટેસ્ટ ક્રિકેટમાં જે કંઈ થયું તે ક્યારેય સંભવ ન હોત. તેમણે જે રીતે મને પ્રેસ કોન્ફરન્સમાં ફ્રન્ટલાઈન પર ઉભા રહીને ટેકો કર્યો, તે દુર્લભ છે. તેઓ મારી સફરનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે. લંડનમાં આ ઈવેન્ટ યુવરાજ સિંહના રૅઉીઝફહ ફાઉન્ડેશન માટે ફંડ એકત્ર કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી.

### પાલતુ શ્વાનની બુદ્ધિ-સતર્કતાએ ૬૩ લોકોના જીવ બચાવ્યા

। (એજન્સી) મંડી, તા.૯ ।

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના સિયાથી ગામમાં એક પાલતુ શ્વાન રોકીની બુદ્ધિ અને સતર્કતાએ ૬૩ લોકોના જીવ બચાવ્યા. આ અકસ્માત ૨૯ જૂનની રાત્રે ૧૨:૩૦થી ૧:૦૦ વાગ્યાની વચ્ચે થયો હતો, જ્યારે આ વિસ્તારમાં ભારે વરસાદને કારણે અચાનક ભૂસ્ખલન થયું હતું. રોકી લલિત કુમાર નામના વ્યક્તિનો પાલતુ શ્વાન છે. તે ઘરના નીચેના ભાગમાં સૂતો હતો. પછી તે અચાનક ભસવા લાગ્યો અને જોરથી રડવા લાગ્યો, જાણે કોઈ ભયનો સંકેત આપી રહ્યો હોય. લલિત કુમારે કહ્યું, હું શ્વાનના વિચિત્ર અવાજથી જાગી ગયો. જ્યારે હું નીચે ગયો ત્યારે મેં જોયું કે દિવાલમાં એક મોટી તિરાડ પડી ગઈ હતી અને પાણી ઝડપથી આવી રહ્યું હતું. આ ચેતવણીને ગંભીરતાથી લેતા લલિત તરત જ બીજા માળેથી નીચે દોડી ગયો, તેના શ્વાનને સાથે લીધો અને પરિવારના બાકીના સભ્યોને જગાડ્યા. પછી તેણે ઘરે ઘરે જઈને પડોશીઓને જગાડવાનું શરૂ કર્યું. ઊંચાઈ પર બનેલા તેમના ઘરમાંથી, તેઓ જોઈ શકતા હતા કે કાટમાળ અને પાણી આખા ગામ તરફ કેવી રીતે આગળ વધી રહ્યા છે.

### સુશાસન માટે મને નોબલ પુરસ્કાર મળવો જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, સુશાસન માટે મને નોબલ પુરસ્કાર મળવો જોઈએ. એલજીએ અટકાવ્યા હોવા છતાં મેં જેટલુ કામ કર્યું છે, તેને ધ્યાનમાં લેતાં શાસન અને વહીવટી તંત્ર માટે મને નોબલ પુરસ્કાર મળવો જોઈએ. અગાઉ પણ કેજરીવાલે પોતાના બે સાથી મિત્રો મનિષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈન માટે ભારત રત્નની માગ કરી હતી. આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા જાસમીન શાહના પુસ્તક કેજરીવાલ મૉડલને પંજાબી ભાષામાં લોન્ચ કરવામાં આવ્યું છે. પંજાબના મોહાલીમાં સ્થિત કલકટ ભવનમાં આયોજિત કાર્યક્રમમાં કેજરીવાલે પોતાની એક સામાન્ય કર્મચારીથી નેતા બનવા સુધીની વાર્તા સંભળાવી હતી. દિલ્હીમાં પોતાની સરકાર દ્વારા કરવામાં આવેલા કામકાજનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે પોતાની સરકારમાં થયેલા કામકાજના વખાણ કર્યા હતાં. ઉલ્લેખનીય છે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાના માટે નોબલ પ્રાઈઝની માગ કરી છે. આરટીઆઈ કાર્યકર તરીકે મેગ્સેસે એવોર્ડ જીતનારા અરવિંદ કેજરીવાલે પોતાના માટે નોબલ પુરસ્કારની માગ કરી છે. તેમણે કહ્યું કે, જેટલા દિવસ અમારી સરકાર રહી, અમને કામ કરતાં અટકાવવામાં આવ્યા હોવા છતાં અમે કામ કર્યું. મને લાગે છે. મને ગવર્નન્સની ઉપર અને એડમિનિસ્ટ્રેશનની અંદર રહીને ઘણા સારા કામો કરવા બદલ નોબલ પુરસ્કાર મળવો જોઈએ.

**પટનામાં કરાવવી પડી ઇમર્જન્સી લેન્ડિંગ । એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, "પક્ષી અથડાયા પછી, વિમાનના એન્જિનમાં કંપન જોવા મળ્યું**

# ટેક ઓફ કરતાં જ પક્ષી સાથે ટકરાયું ૧૭૫ મુસાફરો ભરેલું ઇન્ડિગો વિમાન

। (એજન્સી) પટના, તા.૯ ।

સવારે પટના એરપોર્ટથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની એક ફ્લાઈટને ટેકઓફ કર્યાની થોડી મિનિટો પછી જ કટોકટીમાં પરત ફરવું પડ્યું. મળતી માહિતી મુજબ, ફ્લાઈટ દરમિયાન એક પક્ષી વિમાનના એક એન્જિન સાથે અથડાયું, જેના કારણે ટેકનિકલ ખામી સર્જાઈ.



સલામતીને ધ્યાનમાં રાખીને, પાયલોટે સાવચેતીભર્યો નિર્ણય લીધો અને ફ્લાઈટને પટના એરપોર્ટ પર સુરક્ષિત રીતે પાછી ઉતારી. આ વિમાનમાં કુલ ૧૭૫ મુસાફરો હતા. ફ્લાઈટે ૫ટના એરપોર્ટથી સવારે ૮:૪૧ વાગ્યે ઉડાન ભરી હતી, પરંતુ ટેકઓફ કર્યા પછી તરત જ, એક એન્જિનમાં કંપન અનુભવાયું, જેના કારણે વિમાનને પટના પરત ફરવું પડ્યું. હાલમાં, તકનીકી તપાસ ચાલી રહી છે અને મુસાફરોને દિલ્હી લઈ જવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

પટણા એરપોર્ટ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "પટણાથી દિલ્હી જતી ફ્લાઈટ IGO5009 એ ટેકઓફ કર્યાના થોડા સમય પછી, ૦૮:૪૨ IST પર પક્ષી સાથે અથડાયાની જાણ કરી હતી. રનવે પર નિરીક્ષણ દરમિયાન, એક મૃત પક્ષીના ટુકડા મળી આવ્યા હતા. આ માહિતી એપ્રોચ કંટ્રોલ યુનિટ દ્વારા વિમાનને આપવામાં આવી હતી."

પટણા એરપોર્ટ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "પટણાથી દિલ્હી જતી ફ્લાઈટ IGO5009 એ ટેકઓફ કર્યાના થોડા સમય પછી, ૦૮:૪૨ IST પર પક્ષી સાથે અથડાયાની જાણ કરી હતી. રનવે પર નિરીક્ષણ દરમિયાન, એક મૃત પક્ષીના ટુકડા મળી આવ્યા હતા. આ માહિતી એપ્રોચ કંટ્રોલ યુનિટ દ્વારા વિમાનને આપવામાં આવી હતી." એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, "પક્ષી અથડાયા પછી, વિમાનના એન્જિનમાં કંપન જોવા મળ્યું, જેના કારણે પાઈલટે વિમાનને પટના પાછું મોકલવાનો નિર્ણય લીધો. સ્થાનિક સ્તરે કટોકટીની ચેતવણી જાહેર કરવામાં આવી અને વિમાન સવારે ૦૯:૦૩ વાગ્યે રનવે ૭ પર સુરક્ષિત રીતે ઉતર્યું." અગાઉ, મંગળવારે (૮ જુલાઈ, ૨૦૨૫) સવારે ઈન્દોરથી રાયપુર જતી ઈન્ડિગોની ફ્લાઈટને ટેકનિકલ ખામીને કારણે ટેકઓફ થયાના લગભગ ૩૦ મિનિટ પછી ઈમરજન્સી લેન્ડિંગ કરાવવી પડી હતી. ફ્લાઈટ નંબર ૬ઈ ૭૨૯૫ દરરોજ સવારે ૬:૩૫ વાગ્યે ઈન્દોરથી ઉપડે છે. મંગળવારે, વિમાન સમયસર ઉડાન ભર્યું હતું, પરંતુ થોડા સમય પછી ટેકનિકલ સમસ્યા સામે આવતાં, પાયલોટે સાવચેતી તરીકે વિમાનને ઈન્દોર એરપોર્ટ પર પાછું લાવવાનો નિર્ણય કર્યો.

**૨૩ લાખમાં ગોલ્ડન વિઝાના સમાચાર તદ્દન ખોટા**

# UAE ગોલ્ડન વિઝા સ્કેમ : ભારતીયો માટે ૨૩ લાખની ઓફરના અહેવાલ ખોટા

**આ સમાચાર તદ્દન ખોટા છે, ભારતીયો સાથે છેતરપિંડી કરવાના ભાગરૂપે આ અફવા ફેલવવામાં આવી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

યુએઈ દ્વારા ૨૩ લાખમાં ભારતીયોને કાયમી વસવાટનો વિકલ્પ આપતાં ગોલ્ડન વિઝાનો રિપોર્ટ ખોટો ઠર્યો છે. આઈડેન્ટિટી, સિટીઝનશીપ, કસ્ટમ્સ એન્ડ પોર્ટ સિક્યોરિટી (ICP) માટેની ફેડરલ ઓથોરિટીએ પ્રેસ કોન્ફરન્સ યોજી આ અહેવાલને અફવા તેમજ ગેરમાર્ગે દોરનારો ગણાવ્યો છે.

૨૩ લાખ રૂપિયામાં ગોલ્ડન વિઝા મળવાના સમાચાર તદ્દન ખોટા હોવાનું ઈમિગ્રેશન વકીલે જણાવ્યું છે. અજમેરા લૉ ગ્રૂપના ઈમિગ્રેશન એટર્ની પ્રશાંત અજમેરાએ જણાવ્યું હતું કે, આ સમાચાર તદ્દન ખોટા છે. ભારતીયો સાથે છેતરપિંડી કરવાના ભાગરૂપે આ અફવા ફેલવવામાં આવી છે. અમુક કંપનીઓ ભારતીયોને ટાર્ગેટ કરી રહ્યા છે. કારણકે, મોટાભાગના ભારતીયો વિદેશ સ્થાયી થવા માગે છે. ગોલ્ડન વિઝા માટે અન્યો પાસે યુએઈ કરોડો રૂપિયાનું રોકાણ કરાવે છે, તો તે સાવ નજીવી રૂ. ૨૩ લાખની રકમમાં કેવી રીતે કાયમી વસવાટની મંજૂરી આપી શકે?

રિયાદ ગ્રૂપ તરીકે ઓળખાતી કન્સલ્ટન્સીએ પ્રેસ રીલિઝ જાહેર કરી દાવો કર્યો હતો કે, યુએઈના નોમિનેશન આધારિત ગોલ્ડન વિઝા માટે અરજદારોએ હવે પ્રોપર્ટીમાં કરોડો રૂપિયામાં રોકાણ કરવાની જરૂર પડશે નહીં. માન્ય અરજદારને માત્ર ૨૩.૩ લાખમાં (AED 100000) કાયમી વસવાટ માટે મંજૂરી મેળવી શકશે. આ રીલિઝ વિઝા પ્રોસેસિંગ કંપની VFS ગ્લોબલના નામે સર્ક્યુલેટ કરવામાં આવી હતી.

જેમાં જણાવવામાં આવ્યું હતું કે, પાયલટ પ્રોજેક્ટમાં ભારત અને બાંગ્લાદેશને સામેલ કરવામાં આવ્યું છે, બાદમાં ચીન અને અન્ય CEPA દેશોને સામેલ કરવામાં આવશે. સ્પષ્ટતા કરવામાં આવી છે કે, યુએઈ દ્વારા વિદેશીઓ માટે તેના ઈમિગ્રેશન પ્રોગ્રામ હેઠળ સિટીઝનશીપ માટે હાલ કોઈ ઓફર રજૂ કરવામાં આવી નથી. સત્તાવાર સરકારની વિગતો હંમેશા ચકાસવી જોઈએ.

યુએઈ સરકારે પણ આ પ્રકારના અહેવાલને અફવા ગણાવી છે. આઠ જુલાઈના રોજ આઈસીપીએ ગોલ્ડન વિઝાની ૨૩ લાખની સિટિઝનશીપ ઓફરનો દાવો ફગાવ્યો હતો. કોઈ આંતરિક કે બાહ્ય માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી નથી. ગોલ્ડન રેસિડન્સની કેટેગરીઝ, તેની શરતો અને નિયંત્રણો યુએઈના કાયદાઓ, લેજિસ્લેશન અને સત્તાવાર મંત્રીઓના નિર્ણયોને આધિન છે. યુએઈ ગોલ્ડન વિઝા માટે અરજી કરવા માગતાં લોકો ICPની સત્તાવાર વેબસાઈટ તથા સ્માર્ટ એપ્લિકેશનનો સંપર્ક સાધી શકે છે.

**ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સેક્સ ગ્રુપ ઇંક સાથે જોડાયા**

# બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ઋષિ સુનકને મળી નવી નોકરી

। (એજન્સી) લંડન, તા.૯ ।

બ્રિટનના પૂર્વ પ્રધાનમંત્રી ઋષિ સુનકે હવે નવી નોકરી શોધી લીધી છે. તેઓ જાણીતી ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સૅક્સ ગ્રુપ ઈંક સાથે જોડાયા છે. કંપનીમાં તેમને સીનિયર એડવાઈઝરનું પદ મળ્યું છે. તેની જાણકારી ગોલ્ડમેન સૅક્સના સીઈઓ ડેવિડ સોલોમન તરફથી આપવામાં આવી છે. CEO એ આ જાણકારી પોતાના એક નિવેદનમાં આપી છે. ડેવિડ સોલોમન પ્રમાણે સુનક હવે કંપનીના સીનિયર મેનેજમેન્ટ સાથે જોડાઈ વૈશ્વિક સ્તર પર ગ્રાહકોને સલાહ આપશે. તેઓ ખાસ કરી ભૂ-રાજનીતિક અને આર્થિક વિષયો પર પોતાનો દ્રષ્ટિકોણ અને અનુભવ શેર કરશે.

મહત્વનું છે કે સુનલ ઓક્ટોબર ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૪ સુધી બ્રિટનના પ્રધાનમંત્રી રહ્યા હતા. તેમણે વર્ષ ૨૦૧૫મા સંસદના સભ્ય તરીકે બ્રિટનની રાજનીતિમાં પ્રવેશ કર્યો હતો. પ્રધાનમંત્રી બનતા પહેલા તેઓ ફેબ્રુઆરી ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૨ સુધી બ્રિટનના નાણામંત્રી રહી ચૂક્યા છે. આ સિવાય તેમણે સ્થાનીક સરકાર અને નાણા મંત્રાલયમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. તમને જણાવી દઈએ કે ઋષિ સુનક રાજકારણમાં પ્રવેશતા પહેલા ન્યૂયોર્કમાં ગોલ્ડમેન સૅક્સમાં કામ કરતા હતા. કંપની સાથે તેમનો લાંબો સંબંધ છે. ૨૦૦૦ ની શરૂઆતમાં, તેમણે આ કંપનીમાં સમર ટ્રેઈની તરીકે કામ કર્યું, ત્યારબાદ તેમણે ૨૦૦૧-૨૦૦૪ દરમિયાન ત્યાં વિશ્લેષક તરીકે કામ કર્યું. આ પછી, ૨૦૧૫ માં રાજકારણમાં પ્રવેશતા પહેલા, સુનકે એક આંતરરાષ્ટ્રીય રોકાણ પેઢીની સહ-સ્થાપના કરી, જે વિશ્વભરની કંપનીઓ સાથે નાણાકીય રોકાણો પર કામ કરતી હતી. બ્રિટનમાં પાછલા વર્ષે યોજાયેલી ચૂંટણીમાં સુનકની કંઝર્વેટિવ પાર્ટીએ ખરાબ રીતે હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તેઓ નોર્થ ઈંગ્લેન્ડના રિચમંડ અને નોર્થએલર્ટન ક્ષેત્રથી સાંસદ બનેલા છે. સુનકે પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન કહ્યુ હતુ કે તેઓ મતદાનના પરિણામની ચિંતા કર્યા વગર આગામી સંસદના સમયગાળા સુધી ક્ષેત્રના સાંસદ રહેશે. તો તેમના ઉત્તરાધિકારી અને બ્રિટનના વર્તમાન પ્રધાનમંત્રી કીર સ્ટારમર વર્ષ ૨૦૨૯ના મધ્ય સુધી દેશમાં આગામી ચૂંટણીની જાહેરાત કરી શકે છે.

**રેસ્ક્યૂ ઓપરેશનમાં મળશે મદદ**

# ઈન્ડિયન નેવીને મળ્યું પહેલું સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ વેસલ નિસ્તાર

**વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડે ઈન્ડિયન નેવીને પ્રથમ સ્વદેશી ડાઇવિંગ સપોર્ટ જહાજ નિસ્તાર સોંપ્યું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ઈન્ડિયન નેવી પોતાની શક્તિને વધુ મજબૂત બનાવવા જઈ રહી છે. ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડે ઈન્ડિયન નેવીને પ્રથમ સ્વદેશી ડાઈવિંગ સપોર્ટ જહાજ નિસ્તાર સોંપ્યું. આ જહાજ ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવ્યું છે અને બનાવવામાં આવ્યું છે. તે માત્ર એક સહાયક જહાજ નથી, પરંતુ એક સાયલન્ટ કિલર છે જે સમુદ્રમાં દુશ્મનની કોઈપણ ચાલને નિષ્ફળ બનાવે છે. નિસ્તારએ ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ અને બચાવ કામગીરી માટે રચાયેલુ યુદ્ધ જહાજ છે. તેનું નામ સંસ્કૃત શબ્દ નિસ્તાર પરથી આવ્યું છે, જેનો અર્થ મુક્તિ, બચાવ અથવા મુક્તિ થાય છે. તે એક ખાસ ટેકનોલોજી ધરાવતું જહાજ છે જે વિશ્વ થોડા દેશ પાસે જ છે. INS નિસ્તાર ઈન્ડિયન નેવીનું પહેલું ડેડીકેટેડ ડાઈવિંગ સપોર્ટ જહાજ (DSV)



હશે, જેનો ઉપયોગ કટોકટીમાં કોઈપણ સબમરીનને બચાવવા માટે કરવામાં આવશે. આ જહાજ લગભગ ૮૦% સ્વદેશી ટેકનોલોજી અને સામગ્રીથી બનેલું છે. તેનું વજન ૯૩૫૦ ટન છે અને તે ૧૨૦ મીટર લાંબુ છે. INS નિસ્તારમાં ૨૦૦થી વધુ નેવીના કર્મચારીઓ તૈનાત કરી શકાય છે અને તે બંદર પર પાછા ફર્યા વિના ૬૦ દિવસ સુધી સમુદ્રમાં કાર્ય કરી શકે છે. તે ડીપ સબમર્જન્સ રેસ્ક્યુ વ્હીકલ (DSRV) થી સજ્જ છે, જે સમુદ્રમાં ૬૫૦ મીટર ઊંડાઈ સુધી જઈ શકે છે અને કોઈપણ ફસાયેલી સબમરીનના સૈનિકોને બચાવી શકે છે. તેમાં હેલિકોપ્ટરની સુવિધા પણ છે, જેથી કટોકટીમાં રાહત અને બચાવ કાર્ય ઝડપથી થઈ શકે. અત્યાર સુધી ઈન્ડિયન નેવીને સબમરીન અકસ્માતો અથવા બચાવ મિશનમાં ONGC અથવા ખાનગી કંપનીઓ પર આધાર રાખવો પડતો હતો. પરંતુ INS નિસ્તાર અને INS નિપુણના આગમનથી ભારત સંપૂર્ણપણે આત્મનિર્ભર બનશે. INS નિસ્તાર પૂર્વ કિનારા પર તૈનાત કરવામાં આવશે, જ્યારે INS નિપુણ પશ્ચિમ કિનારા પર તૈનાત કરવામાં આવશે. આનાથી કોઈપણ ખૂણામાં સબમરીન અકસ્માતની સ્થિતિમાં તાત્કાલિક મદદ મળી શકશે. INS નિસ્તારનું મુખ્ય કામ ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ અને બચાવ કરવાનું છે. જો કોઈ સબમરીન દરિયામાં ફસાઈ જાય અથવા તેમાં કોઈ સમસ્યા હોય, તો આ જહાજ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી શકે છે.

# દિલ્હીની મહિલાઓ સહેલી સ્માર્ટ કાર્ડ સાથે ડીટીસી અને ક્લસ્ટર બસોમાં મફત મુસાફરી કરી શકશે

**આ સ્માર્ટ કાર્ડમાં ધારકનું નામ અને ફોટો હશે સરળ શબ્દોમાં કહીએ તો આ કાર્ડ મફત પિંક ટિકિટનું સ્થાન લેશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીમાં DTC બસોમાં મફત મુસાફરી કરતી લાખો મહિલાઓ માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. હવે દિલ્હીની લાખો મહિલાઓ ગુલાબી ટિકિટ સાથે DTC બસની મફત સેવાનો આનંદ માણી શકશે નહીં. હવે દિલ્હીની આ મહિલાઓ 'સ્માર્ટ કાર્ડ' દ્વારા DTC બસમાં મફત મુસાફરી કરશે. આ અંગે સરકાર દ્વારા એક આદેશ પણ જાહેર કરવામાં આવ્યો છે.

દિલ્હી સરકાર દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ દિલ્હીમાં રહેતી ૧૨ વર્ષથી વધુ ઉંમરની છોકરીઓ, મહિલાઓ અને ટ્રાન્સજેન્ડરો 'સહેલી સ્માર્ટ કાર્ડ' સાથે DTC અને ક્લસ્ટર બસોમાં મફત મુસાફરી કરી શકશે. આ એક ડિજિટલ કાર્ડ હશે, જે નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) ફ્રેમવર્ક હેઠળ જાહેર કરવામાં આવશે. આ સ્માર્ટ કાર્ડમાં ધારકનું નામ અને ફોટો હશે. સરળ શબ્દોમાં કહીએ તો આ કાર્ડ મફત પિંક ટિકિટનું સ્થાન લેશે. આ 'સહેલી સ્માર્ટ કાર્ડ'નો લાભ મેળવવા માટે, મહિલાઓએ DTC પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવી પડશે.



ઉપરાંત, બેંક શાખામાં જઈને KYC પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. 'સહેલી સ્માર્ટ કાર્ડ'નો લાભ મેળવવા માટે, મહિલાઓને આધાર કાર્ડ, પાન કાર્ડ, રહેઠાણનો પુરાવો, પાસપોર્ટ ફોટો અને કોઈપણ બેંકના KYC જેવા દસ્તાવેજોની જરૂર પડશે. આ કાર્ડ મહિલાઓને રજિસ્ટર્ડ સરનામે પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે. જો આ કાર્ડ ક્યાંક ખોવાઈ જાય, તો મહિલાઓને બેંકની શરતો મુજબ ડુપ્લિકેટ કાર્ડ મળશે. આ કાર્ડ સાથે, મહિલાઓ મફતમાં મુસાફરી કરી શકશે. પરંતુ બેંકો કાર્ડ જારી કરવા અથવા તેની જાળવણી માટે નજીવી ફી વસૂલ કરી શકે છે. હાલની દિલ્હી સરકાર પણ અગાઉની આમ આદમી પાર્ટી સરકાર પર મહિલાઓ માટે મફત ટિકિટના નામે કૌભાંડનો સતત આરોપ લગાવી રહી છે.



ગુરુગ્રામમાં ભારે વરસાદ પછી દિલ્હી-ગુરુગ્રામ એક્સપ્રેસ વે પર પાણી ભરાયેલા સર્વિસ રોડ પરથી મુસાફરો પસાર થતા નજરે પડે છે.

# હાલમાં ૫૦ રૂપિયાનો સિક્કો રજૂ કરવાની કોઈ યોજના નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટમાં માહિતી આપી હતી કે, હાલમાં ૫૦ રૂપિયાનો સિક્કો રજૂ કરવાની કોઈ યોજના નથી. નાણા મંત્રાલયે એક સોગંદનામું દાખલ કર્યું છે, જેમાં જણાવાયું છે કે, ૨૦૨૨માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે, સામાન્ય લોકો ૧૦ અને ૨૦ ના સિક્કા કરતાં નોટો વધુ પસંદ કરે છે. જણાવી દઈએ કે, આ મામલો દિલ્હી હાઈકોર્ટમાં એક PILની સુનાવણી દરમિયાન પ્રકાશમાં આવ્યો હતો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**RCC બિલ્ડીંગ અને રનિંગ રૂમનું વિસ્તરણ**

**ઈ-ટેન્ડર નંબર: DRM-ADI-90-2025-26**

**કામનું નામ:** ગાંધીધામ ખાતે RCC બિલ્ડીંગ અને રનિંગ રૂમનું વિસ્તરણ (બેલેન્સ વર્ક) (કમ્પોઝિટ વર્ક)

**અંદાજિત કિંમત:** ₹2,28,12,212.95 | **EMD રકમ:** ₹2,64,100.00

**ઈ-ટેન્ડર સમાપ્તિ તારીખ:** 05/08/2025 સમય 15:00 કલાક

**કાર્યાલયનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યૂ સ્વદેશી મિલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 101

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ...

# મરાઠી 'અસ્મિતા' બચાવવાના નામે મુંબઈમાં મનસેની રેલી


મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાના વકરતા વિવાદ વચ્ચે મરાઠી 'અસ્મિતા'ના નામે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને કેટલાંક મરાઠી સંગઠનોએ મુંબઈ નજીકના મીરા ભાયંદરમાં વિશાળ વિરોધ રેલી કાઢી હતી. રેલીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને શરદ પવારની એનસીપીના નેતાઓ પણ જોડાયાં હતાં. દેખાવકારોએ શિવસેનાના મંત્રી પ્રતાપ સરનાઈકને ધક્કે ચડાવીને ભગાડી મૂક્યાં હતાં. પોલીસે ઘણા દેખાવકારોની અટકાયત કરી હતી ત્યારે તંગદિલી ઊભી થઈ હતી. ૧ જુલાઈ મરાઠી ન બોલવા બદલ મનસે કાર્યકરોએ ફૂડ સ્ટોલના માલિક સાથે મારપીટ કર્યા પછી વેપારીઓએ તાજેતરમાં દેખાવો કર્યા હતાં. તેનાથી મરાઠી એકીકરણ સમિતિના નેજા હેઠળ એમએનએસ અને અન્ય મરાઠી સમર્થક સંગઠનોએ આ રેલીનું આયોજન કર્યું હતું. રેલી પહેલા થાણે જિલ્લાના મીરા ભાયંદરમાં સુરક્ષા વધારાઈ હતી. પોલીસે શરૂઆતમાં રેલીને મંજૂરી આપી ન હતી. જોકે પછીથી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે રેલી માટે પરવાનગી અપાઈ હતી, પરંતુ મનસે ચોક્કસ રૂટનો આગ્રહ રાખ્યો હતો. સોમવારે મોડી રાત્રે રેલી માટે પરવાનગી માંગવામાં આવી હતી, જે પણ મંજૂર કરાઈ હતી. જોકે સરકારની ટીકા કરતાં મનસે નેતા સંદીપ દેશપાંડેએ જણાવ્યું હતું કે સરકાર આપણો અવાજ દબાવવાની રણનીતિના ભાગરૂપે રૂટ બદલાવનું દબાણ કરી રહી છે. ગૃહ રાજ્યમંત્રી યોગેશ કદમે જણાવ્યું હતું કે રેલીઓની પરવાનગીમાં મરાઠી અને બિન-મરાઠી સમુદાયો વચ્ચે કોઈ ભેદભાવ નથી.

## પ્રધાનમંત્રીએ બ્રાઝિલના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી બ્રાઝિલિયાની સત્તાવાર મુલાકાતે છે. તેમણે આજે બ્રાઝિલિયાના અલ્વોરાડા પેલેસ ખાતે બ્રાઝિલના રાષ્ટ્રપતિ મહામહિમ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા સાથે મુલાકાત કરી. આગમન પર, રાષ્ટ્રપતિ લુલા દ્વારા તેમનું ઉષ્માભર્યું અને રંગબેરંગી ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ લુલાએ મર્યાદિત અને પ્રતિનિધિમંડળ સ્તરના ફોર્મેટમાં વાતચીત કરી અને ભારત અને બ્રાઝિલ વચ્ચે બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીના તમામ પાસાઓ પર ચર્ચા કરી હતી. તેમણે ભારત-બ્રાઝિલના ઉષ્માભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધોને આધાર આપતા સહિયારા મૂલ્યોને પુનઃપુષ્ટિ આપી.

**બાળકનાં જન્મથી જ એને સાચાં સંસ્કાર આપનાર માતા પિતાને પ્રથમ ગુરુ તરીકે મનાવવામાં આવે છે**

# અપરંપાર અજવાળાં પ્રદેશનાં સમર્થ સમ્રાટ શ્રી સદગુરુ ભગવાનને ચરણે કોટી કોટી વંદન



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વિશ્વમાં એક સનાતન ધર્મમાં જ આત્મા પરમાત્માનાં સાક્ષાત્કારની વાત છે અને ગુરુ સંસારમાં રહીને પણ પરમ તત્વની પ્રાપ્તિ થઈ શકે, એવું જ્ઞાન આપે છે. ગુરુ એટલે શિષ્યને અજ્ઞાન રુપી અંધકારથી જ્ઞાન રુપી પ્રકાશ તરફ દોરતી અલૌકિક શક્તિ.**

અષાઢ સુદ પૂનમ એટલે કે વેદ વ્યાસની જન્મ જયંતી! વેદ વ્યાસ પરાશર ઋષિ અને મત્સ્ય કન્યા સત્યવતીનાં પુત્ર છે. ભગવાન વેદ વ્યાસે સાંપ્રત મન્વતંરમાં વેદને વિભાજીત કર્યા અને અઢાર પુરાણ લખ્યાં, આ ઉપરાંત મહાભારતનું પઠન પણ કર્યું, મહાભારતને પંચમ વેદ પણ કહેવાય છે, આમ વેદ વ્યાસ એ સનાતન ધર્મનાં પ્રથમ આચાર્ય છે, માટે આજનાં દિવસને વ્યાસ પૂર્ણિમા અથવા ગુરુ પૂર્ણિમા કહેવામાં આવે છે. આમ જુઓ તો ભારતીય સનાતન ધર્મમાં દરેકે દરેક મહિના અને બધી જ તિથિઓનું મૂલ્ય છે, પરંતુ એક શિષ્ય અષાઢ મહિનો આવતાં ગદગદિત થઈ જાય છે, કારણકે તેની માટે અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુપૂર્ણિમા એક અનેરૂ મહત્વ ધરાવતું પર્વ છે, અને એટલે સર્વ પ્રથમ તો શ્રી સમર્થ સદગુરુ ભગવાનનાં ચરણોમાં કોટી કોટી વંદન. શિક્ષક અને ગુરુ માં બહુ જ તફાવત છે! ગુરુ માટે આપણે ત્યાં અનેક વ્યાખ્યાઓ થઈ છે. આપણાં સનાતન ધર્મમાં અધ્યાત્મ પંથ પર દોરનારને ગુરુ કહેવામાં આવે છે! વિશ્વમાં એક સનાતન ધર્મમાં જ આત્મા પરમાત્માનાં સાક્ષાત્કારની વાત છે, અને ગુરુ સંસારમાં રહીને પણ પરમ તત્વની પ્રાપ્તિ થઈ શકે, એવું જ્ઞાન આપે છે. ગુરુ એટલે શિષ્યને અજ્ઞાન રુપી અંધકારથી જ્ઞાન રુપી પ્રકાશ તરફ દોરતી અલૌકિક શક્તિ. ગુરુ એટલે શિષ્યની જીવાદોરી, ગુરુ એટલે હરક્ષણ જાગૃત રાખતું પ્રેરક બળ, ગુરુ એટલે દિવ્ય રોશની, ગુરુ એટલે અનુભવની એરણે ચડાવીને નિત્ય નૂતન જ્ઞાન આપ તું અસ્તિત્વ, સિદ્ધિ નહીં પણ શુદ્ધિ જરૂરી છે, એ સમજાવી સ્પર્ધા મુક્ત કરી સંસાર સુખદ બનાવે. બાળકનાં જન્મથી જ એને સાચાં સંસ્કાર આપનાર માતા પિતાને પ્રથમ ગુરુ તરીકે મનાવવામાં આવે છે. બીજાં શિક્ષક કે જે અક્ષરજ્ઞાન સુધી દોરી એને વિવિધ વિષયો શીખવે છે, પછી ધ્યેય સિદ્ધ કરનાર આચાર્યને સ્થાન આપવામાં આવ્યું છે. પણ ગુરુ એટલે ગુરુ એનું સ્થાન સૌથી ઉપર છે, અને એટલે જ ગુરુને સાક્ષાત પરબ્રહ્મનું સ્થાન આપ્યું છે. ગુરુ ગોવિંદ દોનું ખડે કાકે લાગૂ પાય! બંદઉ ગુરુ પદ પદમુ પરાગા..જેવાં શ્લોકથી શિષ્ય ગુરુ પૂજન કરે છે, અને ગુરુ શિષ્યને પરમ પથ પર દોરે છે. ગુરુ બિન જ્ઞાન કહાં સે પાઉં.. એમ સાચાં શિષ્યને ધ્યાન કરવા માટે, સદગુરુનું મંગલ સ્વરૂપ પર્યાપ્ત છે, પૂજા કરવા માટે તેનાં ચરણ, અને ગુરુનાં વચનો જીવન મંત્ર બની તેને કાયમ દોરે છે, અને ગુરુકૃપા તેને મોક્ષ તરફ લઈ જાય છે.

ધ્યાનં મૂલમ ગુરુ મૂર્તિ,
પૂજા મૂલમ ગુરુ પદમ,
મંત્રં મૂલમ ગુરુ વાક્યમ,
મોક્ષ મૂલમ ગુરુ કૃપાપ..

આમ તો ગુરુપૂર્ણિમા નામમાં જ ગુરુનો વિશિષ્ઠ અર્થ સમાયો છે! ગુરુ + પૂર્ણિમા એટલે કે જે ગુરુ, શિષ્યને પૂનમના ચાંદ જેમ સોળ સિદ્ધિની કે સોળ શુદ્ધી અપાવે છે, અથવા તો પૂર્ણ આનંદ સુધીની સફર કરાવી એને જન્મ મૃત્યુનાં શાશ્વત બંધન માંથી મુક્ત કરી, આનંદ સ્વરૂપ બનાવે છે, અને એટલે એનાં પૂજનનો મહિમાં ગવાયો છે.

આજે આપણી પાસે વૈજ્ઞાનિક વિકાસને કારણે આનંદ સિવાય લગભગ બધું જ છે, એમ કહી શકાય! માનવી અવકાશ યાત્રા પણ કરી શકે છે! અન્ય ગ્રહ પરનું અવલોકન પણ કરી શકે છે. પણ ગુરુ એક એવો ગ્રહ છે, જો એને ચરણે બેસી જઈએ તો બાકી બધાં આગ્રહો છોડાવીને અનુરાગમાં ફેરવી નાખે. હકીકતમાં સુખને આનંદ સમજવાની ભૂલને કારણે જ આપણે આનંદ સુધી પહોંચી શકતા નથી. માનવી છીએ એટલે સુખની ચાહ એમ સમાપ્ત થતી નથી! કે શ્રેષ્ઠ સુખ માટેની જીદ પણ જતી નથી! કારણકે સમજ એટલે કે તત્વતઃ જ્ઞાનનો અભાવ છે. માનવીની બીજી ભૂલ એ છે કે શિક્ષણથી સમજ કે જ્ઞાન આવે! પણ શિક્ષણથી માત્ર માહિતી કે જાણકારી વધી છે, ઉલટી સાવ સામાન્ય સમજથી પણ આપણે દૂર થતાં જઈએ છીએ! કારણકે આપણી સમજ સહજ નથી. ગયાં વર્ષે ગુરુપૂર્ણિમાના લેખમાં આપણે સદગુરુ શિષ્યને સૂર્ય, સત્ય, અને શબ્દ સન્મુખ કરી એનાં જીવનને સરલ તરલ બનાવી પ્રસન્નતાથી ભરે છે એમ કહ્યું હતું.

આ વખતે સદગુરુ પોતાનો શિષ્ય પૂર્ણતાના આરે પહોંચી શકે એ માટે, પ્રથમ જીવન માંથી ત્રણેય કાળના કાટને કાઢી, સત્યનિષ્ઠ કરે છે, ત્યારબાદ સમય, સંજોગ, અને સંબંધની સમજને સમ બનાવી સહજ બનાવે છે.

સમય ** એટલે કે સાલ, તારીખ, તિથિ, વાર મુજબ જે વર્તમાન કાળ હોય, એની સામે આપણો લાખ વિરોધ હોય, પણ એમાં આપણે કંઈ જ કરી શકીએ નહીં! નથી ભૂતકાળમાં જવાતું કે નથી ભવિષ્યમાં! દાખલા તરીકે આજે ગુરુવાર છે તો છે! આપણાં ઈચ્છવાથી એ રવિવાર થઈ જતો નથી! ઉપરાંત હમારે જમાને મેં તો..અને એ આપણે સૌ જાણીએ જ છીએ! છતાં સમ રહી શકતાં નથી. વ્યક્તિગત રીતે સમયનું પરિબળ હંમેશા પરિપેક્ષ હોય છે, એટલે કે કોઈનો ભૂતકાળ પીડિત હોય, કોઈનો પ્રસન્ન હોય, પણ જે થયું તે થયું અને જે ગયું તે ગયું! એવી આપણી જાણકારીને સહજ સમજમાં પરિવર્તિત કરવાનો અનુભવ કરાવીને શિષ્યને સમ બનાવે છે.

સંજોગ** એટલે કે સમય સાથે જોડાયેલી એવી પરિસ્થિતિ કે જેમાં આપણે નિઃસહાય થઈ જઈએ છીએ. કુદરતી આપત્તિ સમયે લાખ ધમપછાડા કરીએ છતાં કંઈ હાથ આવતું નથી, દાખલા તરીકે કોરોના વાયરસનો પ્રકોપ! ત્યારે આપણે સાવચેતી રાખવી, મૌન રહેવું, ધીરજ રાખવી, કે સમય છે, આ પણ પસાર થઈ જશે! પરિસ્થિતિ સામાજિક પારંપરિક કે વ્યક્તિગત પણ હોય શકે છે,પણ ધીરજના ફળ મીઠા એવી સમજ કેળવવી પડે અને એ સદગુરુ કૃપાથી કેળવાય છે.

સંબંધ** સમય સંજોગને આપણે હજી સ્વીકારી લઈએ છીએ! પણ સંબંધમાં બાંધછોડ થતી નથી, અને એ જ આનંદ સુધી ન પહોંચવાનું સૌથી મોટું વિઘ્ન છે. કોઈ પણ આપસી સંબંધ હોય, એમાં અપેક્ષા ઉપેક્ષા, હા અને નાં, આગ્રહ નિગ્રહ કે પછી નિંદા સ્તુતિ એટલે કે પ્રસંશા ના દ્વન્દ્વ યુદ્ધ ચાલે જ રાખે છે, અને એમાંથી લોભ, લાલચ, ઈર્ષા, અહમ, દીનતા, ક્રૌધ, કામ, અને હિંસા જેવા ભાવ પ્રગટે છે! પોતાની તરફથી અપેક્ષા મુક્ત થવું એ જ તમામ ભાવોમાં સમ રહેવાની ચાવી છે, એ સત્ય સદગુરુ સમજાવે છે.

ઘણાને એમ થતું હશે કે સદગુરુનું આટલું મહાત્મ્ય શું કામ છે? પણ એ તો કોઈ શુભ મંગલમાં નિરંતર ગતિ કરતાં ચરણોમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, બધું જ છોડી બેસી જઈએ તો જ સમજાય! ગઈકાલ સુધી જગત દુઃખનું મૂળ કહેનાર સાધક જગત એટલે જ જગદીશ! એ સત્યને સ્વીકારી ઉદાર, કૃપાળુ, માયાળું, અને મિતભાષી બનીને લોકમંગલ માટે સદગુરુનાં આચરણને અનુસરે છે. આમ સાધક શિષ્ય માટે સદગુરુ તેનું સકળ અસ્તિત્વ છે, તેનાં વ્યક્તિત્વને ઘડનાર પરમ શિલ્પ કાર છે, અને તેનામાં તમામ પ્રકારની વિદ્યાનું રોપણ કરનાર એક સમર્થ ગુરુ એટલે કે આચાર્ય પણ છે, અને જીવન રંગોને બેલેન્સ કરનાર એક ગજબનો ચિત્રકાર પણ છે. સદગુરુ પરનાં પૂર્ણ ભરોસાથી શિષ્યમાં શરણાગત ભાવ સ્થાયી બને છે, જેથી શિષ્યનો દીવો આંધી તોફાનમાં પણ પ્રકાશ ફેલાવી શકે છે! અને આવાં અપરંપાર અજવાળાં પ્રદેશનાં સમર્થ સમ્રાટ એવાં મારા શ્રી સદગુરુ ભગવાનને ચરણે આજના દિવસે સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જય સીયારામ.

**ગુરૂ પૂર્ણિમા..વ્યાસ પૂર્ણિમાનું મહાત્મ્ય**

# ગુરુ ગોવિંદ દોનું ખડે કિસકું લાગું પાય, બલિહારી ગુરુદેવ કી ગોવિંદ દિયો બતાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભગવાનની કૃપા વિના ગુરુ નથી, ગુરુ વિના જ્ઞાન નથી. આત્મા વિના ગામ નથી, માત્ર વેદ પુરાણ.એટલે કે ભગવાનની કૃપા વિના શિક્ષક નથી અને શિક્ષક વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આપણા વેદ અને પુરાણો કહે છે કે અમર આત્માને તેના વાસ્તવિક સ્વરૂપ માં જ્ઞાન વિના જાણી શકાતો નથી.ધન્ય છે એવા ગુરુ, જેના ચરણોમાં અનેક સર્જનો થયા છે**

આજે અષાઢી પૂનમ ગુરૂવાર એટલે ગુરૂ પુર્ણિમા.આપણે આજે ગુરૂનું મહાત્મય જાણીએ.'ગુ' એટલે અધકાર અને રુ એટલે પ્રકાશ. અજ્ઞાનનો અંધકાર દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવનાર ને ગુરુ કહેવાય છે.ગુરુના પદ માટે આપણને ઘણું માન છે. ભગવાન શંકરે કહ્યું છે."ગુરુ બિનુભવનિધિ તરાઈના કોઈ,જો બિરંચી કસમ હોઈ એટલે ગુરુ વિના સંસાર સાગરને કોઈ પાર કરી શકતું નથી ભલે તે બ્રહ્મા,વિષ્ણુ, મહેશ હોય શાસ્ત્રોમાં ભગવાન કરતાં ગુરુનો મહિમા વધુ જણાવવામાં આવ્યો છે. ભગવાન રામ પોતે જ્યારે પણ ભગવાનશ્રી સાથે પૃથ્વી પર આવ્યા ત્યારે તેમણે પણ સૂર્ય નારાયણ ગુરુઓની સેવા કરી, ગુરુઓને નમન કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું.ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ ગુરુદેવો મહેશ્વર ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ તેઓ સાક્ષાત ભગવાન છે,છતાં તેમણે પોતે માનવ સ્વરૂપ ધારણ કરીને જગતને સમજવાના હેતુથી ગુરુઓની સેવા કરી બાય ધ વે, મનુષ્ય જન્મથી જ કોઈને કોઈને ગુરુ બનાવે છે સૌ પ્રથમ ગુરુએ માતાપિતા છે,જે વ્યક્તિનું પાલન પોષણ કરે છે અને તેને સંસારના માર્ગે આગળ લઈ જાય છે.આ પછી એવા શિક્ષણ ગુરુઓ છે જે વ્યક્તિને તમામ સાંસારિક જ્ઞાન આપે છે. એવા લોકો છે જે તમને દુન્યવી જ્ઞાનનો ઉપદેશ આપીને વ્યક્તિને પ્રબુદ્ધ કરે છે. આ પછી અને અંતે એવા આધ્યાત્મિક શિક્ષકો છે.જે વ્યક્તિને આ દુનિયામાંથી દુઃખ-આનંદ,નુકસાન લાભ અને કાર્યોના વાવાઝોડામાં થી બહાર કાહે છે અને તેમને તેમના આત્મામાં સ્થિત રહેવાનું અને દુન્યવી દુષ્ટતાથી મુક્ત થવાનું શીખવે છે.ગણતરી પર નજર કરીએ તો દુનિયામાં કોઈ પણ કામ કરતા પહેલા તે શીખવું જરૂરી છે.ઉદાહરણ તરીકે,છોકરી એ જે રીતે રોટલી બનાવતા શીખવું પડે છે, તેણે તેની માતાનો આશ્રય લેવો પડે છે માતા તેને પોતાની સંગતમાં રાખે છે અને તેને રોટલી બનાવવાની અને રોલ કરવાની કળા શીખવે છે તો જયારે ગુરુની મદદ વિના દુનિયાનું નાનુંનાનું પણ કરવું શક્ય નથી,તો પછી આ સંસારના દુષ્ટ વર્તુળમાં થી બહાર નીકળવું કેવી રીતે શક્ય છે?આ પૃથ્વી પર જેટલા પણ મહાપુરુષો થયા છે.આ બધાએ કોઈને કોઈ ગુરુનો સંગ મેળવ્યો છે,તેમની સેવા કરી છે અને તેમની કૃપા પચાવી છે અને વિશ્વમાં પોતાનું નામ પ્રસિદ્ધ કર્યું છે કાયમ માટે અમર બની ગયો છે.બાળક ધ્રુવ જેને તેના પિતાએ દત્તક લેવાનું નક્કી કર્યું હતું.જે બાળક ધ્રુવને પિતાનો ખોળોમળ્યો ન હતો જયારે એ જ બાળક ધ્રુવને નારદ જી જેવા ગુરુ મળ્યા અને ગુરુ મંત્રનો જાપ કર્યો, ત્યારે તેને એક સંસારી પિતાની વાત તો રહેવા દો,ખુદ ભગવાનના ખોળામાં બેસવાનું નક્કી થયું. સ્વામી વિવેકાનંદ જેમનુ બાળ પણનું નામ નરેન્દ્ર હતું તેઓ ઘણી વ્યક્તિઓ,સંસ્થાઓમાં ગયા, ઘણી વ્યક્તિઓ,આધ્યાત્મિક વ્યક્તિઓને મળ્યા પરંતુ જયારે તેઓ સ્વામી રામકૃષ્ણ પરમહંસજીના શિષ્ય બન્યા ત્યારેજ તેઓ નરેન્દ્રમાંથી સ્વામી વિવેકાનંદ' બની શક્યા. સ્વામી વિવેકાનંદને આજે કોણ નથી ઓળખતું? ભગવાનની કૃપા વિના ગુરુ નથી,ગુરુ વિના જ્ઞાન નથી. આત્મા વિના ગામ નથી, માત્ર વેદ પુરાણ.એટલે કે ભગવાનની કૃપા વિના શિક્ષક નથી અને શિક્ષક વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આપણા વેદ અને પુરાણો કહે છે કે અમર આત્માને તેના વાસ્તવિક સ્વરૂપમાં જ્ઞાન વિના જાણી શકાતો નથી.ધન્ય છે એવા ગુરુ, જેના ચરણોમાં અનેક સર્જનો થયા છે.જો વાસ્તવિક્તા જોવામાં આવે તો જ્યારે પણ પૃથ્વી પર ભાર વધે છે,પાપ વર્ષ છે, અનાચાર અને અત્યાચાર વધે છે ત્યારે જ ભગવાન પોતે સમર્થ સદગુરુના રૂપમાં અવતાર લે છે.સંતનો આત્મા અને ભગવાનના આત્મા એક છે. સંત શ્રી તુકારામજી શ્રી એકનાથજી શાનેશ્વર મહારાજ, રાજા જનક, સુખદેવજી, દત્તાત્રેય ભગવાન અને શંકરાચાર્ય વગેરે આવા અનેક મહાન આત્મા સમર્થ સદગુરુઓ આ પૃથ્વી પર આવ્યા અને મનુષ્યને જીવન જીવવાનો સાચો માર્ગ શીખવ્યો અને જન્મના દુઃખોનો નાશ કર્યો. મૃત્યુ, કયું.સાચો શિષ્ય જે પોતાના ગુરુના આશ્રયમાં રહે છે અને તેમની આજ્ઞાનું પાલન કરે છે. કોઈ તેને નુકસાન પહોંચાડી શકે નહીં. ગુરુ એવી કળા આપે છે કે વ્યક્તિની કુંડળીના ગ્રહો અને કાર્યોનો હિસાબ બદલતા વાર નથી લાગતી. જે વ્યક્તિ સાચા ગુરુની સેવા કરે છે તેની રોજ દિવાળી હોય છે.શીખ સમાજમાં ગુરુને ભગવાન કરતાં પણ ઊંચો દરજજો આપવામાં આવ્યો છે. ગુરુ ગોવિંદ બંને ઉભા થયા અને તેમના ચરણ સ્પર્શ કયાં ભગવાન દિયામાં ભળેલા ગુરુ ગોવિંદનું બલિદાન હું શીખોની ગુરુભક્તિને વંદન કરુંછું.એવો શિષ્ય જેગુરુને સર્વોપરી માને છે. ગુરુના શબ્દોમાં ચાલે છે. ગુરુના વર્તુળને અનુસરે છે, ગુરુના શબ્દોને માન આપે છે ધન્ય છે આવી ગુરુ ભક્તિ વ્યક્તિએ શીખવું જોઈએ, કોઈના ગુરુનો આદર કરવો જોઈએ,કોઈના ગુરુની વાતોનું પાલન કરવું જોઈએ આજના સમયમાં ઘણા એવા લોકો છે જે ઘણા બધા ગુરુ બનાવે છે.બધાને ગુરુ કહેવાય આ સારું નથી જો કે ગુરુની કોઈ ઓળખ નથી, પરંતુ આજે પણ કળયુગના સમય તે ધ્યાનમાં લઈને કેટલાક વિચારો કરી શકાય છે.પિતૃ શરીરમાં જન્મ આપે છે.પણ સાચા ગુરૂ આપણને એ દેહમાં રહેતા પરબ્રહ્મ પરમાત્માના દર્શન કરાવે છે અને પરમાત્મામાં જ સ્થાપિત કરે છે.વ્યક્તિના આંતરિક આત્માને જાગૃત કરે છે. તેમનો મહિમા છે.ગુરુ મોટાપાપોનું પરિણામ ચપટીમાં પતાવી દે છે. જેમ શિષ્ય સાચા સદગુરુની શોધ કરેછે.તેવી જરીતે સદગુરુ પણ સાચા શિષ્યની શોધ કરે છે. તેને આપો તેવી જ રીતે, સદગુરુ પણ સાચા શિષ્યની શોધ કરે છે.તેમના પર સંપૂર્ણ કૃપા વરસાવવા માંગેછે તેમને ગુરુપદમાં સ્થાપિત કરવા માંગે છે.પણ આજે કળયુગના સમયમાં આવા સાચા સદગુરુ મળી જાય,પણ સાચો શિષ્ય મળે મોટા ભાગના શિષ્યો માત્ર સાંસારિક મોહ,માયા મેળવવા ઈચ્છે છે.મારે ઘર જોઈએ છે, ગુરુજી, મને દુકાન જોઈએ છે, ગુરુજી, મારે પતી જોઈએ છે. સંપત્તિ જોઈએ છે.પરંતુ શિક્ષક જે શિક્ષણ આપવા માંગે છે તે લેવા માંગતા નથી. કળયુગની અસર વધી રહી છે,તેથી સાવચેત રહો કપટી શિક્ષક લોભી શિષ્ય બંને નરકમાં ધકેલાયેલા. આજના ગુરુ ઈચ્છે છે કે શિષ્યનું ખિસ્સું કપાય અને શિષ્ય ગુરુને છેતરે ગુરુ અને શિષ્ય વચ્ચેનો પિતા અને પુત્ર કરતાં વધુ છે. શાસ્ત્રોમાં ગુરુ કેવી રીતે પોતાના શિષ્યના કર્મનું ચપટીમાં સમાધાન કરે છે. આના ઘણા ઉદાહરણો છે.એક વાર ગુરુ નાનકદેવજી આસપાસ કરતા કરતા એક શેઠ શાહુકારની જગ્યાએ પહોંચ્યા.તે શેઠશાહુકારે દેવીની ખૂબ સેવા કરી. મેં ખૂબ જ પ્રેમથી ભોજન કરાવ્યું મારા પોતાના હાથે ગુરુજીના ચરણ સ્પર્શ કર્યા, હવામાં પૈખા લગાવ્યા અને ખૂબ જ ઉત્સાહિત અને આનંદ થયો કે ભગવાને મને ખૂબ આશીવાદ આપ્યા છેકે આજે ગુરુ મારા ઘરે આવ્યા છે.રાત્રે બધા આરામ કરવા લાગ્યા. રાત્રે સ્વપ્ર દરમિયાન તેણે પોતાને એક મહાન પીડિત,લાચાર અને બીમાર તરીકે જોયો. આ સપનું જોઈને તે આખી રાત મુશ્કેલીમાં હતો. સવારે ઉઠીને તેને ખૂબ જ આશ્ચર્ય થયું કે આટલા મોટા વિદ્વાનને જોયા પછી પણ મેં આવું સ્વપ્ર કેમ જોયું?મારી આખી રાત કાળી થઈ ગઈ. શું આમાં પણ કોઈ રહસ્ય હશે?તેમણે નાનકદેવજીને આ વિશે પૂછયુંકે તમારા ગુરુજી જેવા મહાન આત્માના દર્શન કર્યા પછી વ્યક્તિનું મન પ્રસન્ન રહેવું જોઈએ શુ સપના જોવા જોઈએ પણ મારી સાથે ઊલટું થયું.ગુરુ નાનક દેવજી એ કહ્યું,પુત્ર,સંતોના મહિમાને કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ રીતે સમજી શકતું નથી. તમે સ્વપ્ર માં જે રોગ લાચારી અને પીડા જોઈ છે.કે તમારું તમારા કર્મોને લીધે તમારે ભોગવવું પડ્યું પરંતુ માત્ર ઋષિની સેવા કરવાથી તમારા ઘણા વર્ષોના રોગ માત્ર એક જ રાતમાં કપાઈ ગયા અને તે પણ સ્વપ્રમાં જ દૂર થઈ ગયા. ભગવાન પોતાનું અપમાન સહન કરે છે,પરંતુ ગુરુનું અપમાન કયારેય સહન કરતા નથી. એકવાર દેવર્ષિ નારદ વૈકુંઠમાં પ્રવેશ્યા, ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીએ તેમનો ખૂબ જ આદર કર્યો.આદિ નારાયણે નારદજીનો હાથ પકડીને તેમને આરામ કરવા કહ્યું,એક તરફ ભગવાન વિષ્ણુ નારદજીના ચરણોમાં માલીશ કરી છે.નારદ જી કહે ભગવાન હવે છોડો,આ લીલા શૈની છે? હે નાથ આ રહસ્ય શું છે, સમજાવવાની યુક્તિ તમે મારા પગ દબાવો છો અને માતા પંખો સહન કરે છે. નારદ બોલ્યા,તમે ગુરુઓની દુનિયામાંથી આવ્યા છો. મહાપુરુષોની દુનિયામાંથી આવ્યા. ધમપુરીમાં પાપોનો અનુભવ થાય છે, પુરુષનું ફળ વૈકુંઠમાં મળે છે, પણ મૃત્યુલોકમાં સદગુરુની પ્રાપ્તિ થાય છે અને આત્મા કાયમ માટે મુક્ત થઈ જાય છે. એવું લાગે છે કે તમે એક યા બીજા ગુરુનો આશ્રય લઈને આવ્યા છો. ભગવાને આ બધું નારદજીને પોતાની ભૂલનો અહેસાસ કરાવવા માટે કર્યું. મનોરંજન કરતા હતા. નારદજીએ કહ્યું, હે ભગવાન, હું ભક્ત છું. પણ નિગ્રા છું. આઈ ગુરુ શું આપે છે? ગુરુનું મહત્વ શું છે? કૃપા કરી ને રહ્યા છે અને બીજી તરફ લક્ષ્મીજી પંખો ફૂંકી રહ્યા.મને આ જણાવો. ભગવાને કહ્યું, ગુરુ શું આપે છે? ગુરુનું મહત્વ શું છે? જો તમારે આ જાણવું હોય તો જાઓ. ગુરુ પાસે જાઓ.આ વૈકુંઠ છે.પોલીસ ગુનગારોને પકડતી હોવાથી સાવચેત રહો ન્યાયાધીશો તેમને પકડી શક્તા નથી.એવી રીતે તે ગુરુઓ આપણા હદયમાંથી આપણા મન ની મલિનતા,દુષ્કર્મના સંસ્કાર આપણા હદયના અપરાધો, વાસના, ક્રોધ,લોભ આસક્તિ વગેરે દૂર કરે છે. જયાં સુધી તે પદ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી જાગત રહી ને દરેક જન્મમાં તેના પર આત્મા પરબ્રહ્મની યાત્રામાં આવતો રહે એ છે.ગુરુનો આશ્રય લેવા જાઓ અહીં પછી આવજો. દેવર્ષિ નારદ ગુરુની શોધમાં મૃત્યુ ની ભૂમિ પર આવ્યા અને વિચાર્યું કે સવારે હું જે પ્રથમ વ્યક્તિ શોધીશ તેને હું મારો ગુરુ બનાવીશ.સવારે નદીએ જઈને જોયું તો એક માણસ કદાચ સ્નાન કરીને આવી રહ્યો હતો. હાથમાં સળગતી અગરબત્તી છે. નારદજીએ તેમને હદયમાં પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા.જયારે તે નજીક આવ્યો ત્યારે તેને ખબર પડી કે તે માછી માર છે,હિંસક છે,જોકેઆદિ નારાયણ વિષ્ણુ તે સ્વરૂપમાં આવ્યા હતા. નારદજીએ તેમના સંકલ્પને કહ્યું કે મેં તમને મારા ગુરુ તરીકે સ્વીકાર્યા છે. નારદજીએ પગ પકડયા, નાવડી વાળાએ કહ્યું મને છોડો પોતાનો જીવ બચાવવા હોડીવાળા એ કહ્યુંકે જવું સારુંછે નારદજી આવ્યા વૈકુંઠમાં, ભગવાને હવે નાદ બંધ કર્યો નથી ના,હું ભગવાનના ગુરુ બનીને આવ્યો છું. તમારા શિક્ષક કેવા છે? નારદજીએ કહ્યું,મારી થોડી છેતર પિંડી થઈ છે.તેને વાહિયાતનાવિક મળ્યો. હવે આપણે શું કરવું?તારી આશા પાળીને,તેને તારો શિક્ષક બનાવ્યો ભગવાન ગુસ્સે થયા.તમે ગુરુ શબ્દનું અપમાન કર્યું છે. નાપાધીશ કોર્ટમાં ખુરશી પર બેસી શકે છે,કોટનો ઉપયોગ કરી શકેછે પરંતુ ન્યાયાધીશ પણ કોર્ટનું અપમાન કરી શક્તા નથી. સરકાર પણ કોર્ટનું અપમાન કરી શકે નહીં ભગવાને કહ્યુ તમે ગુરુપદનું અપ માન ન કર્યુ છે.જા,તારે ચૌર્યાસી લાખ જન્મો સુધી માતા ના ગર્ભમાં નરક ભોગવવું પડશે. આ પુણ્યનું ફળ ભોગવવાનુંસ્થળ છે, તરકએ પાપનું ફળ ભોગવવાનું સ્થળ છે,પૃથ્વીએ સ્થાન છે, મનુષ્ય જગતએ કર્મોમાંથી મુક્તિ મેળવવાનું સ્થાન છે.તમેએ ગુરુ ઓ પાસે જાવ,તો જ તમને મૃત્યુ ની ભૂમિ માં તમારો મોક્ષ મળશે. નારદજી પૃથ્વી પર પાછા આવ્યા. પેલા નાવિકના પગ પકડીને હાથ જોડીને આંસુ વહાવતા કહ્યું હે ગુરુદેવ, મને ઉપાયજણાવો હું બહુ ફસાઈ ગયો છું.ચોરાસીના પ્રણયમાંથી છુટકારો મેળવવાનો કોઈ ઉપાય જણાવો.ગુરુજીએ પહેલા આખી વાત સમજવા અને પછી કેટલાક સંકેતો આપ્યા. નારદજી ફરી સ્વર્ગમાં પધાર્યા.મે ભગવાનને કહ્યું કે હું ચૌર્યાસી લાખ પોનિઓ નો આનંદ લઈશ, પણ કૃપા કરીને તેના નકશો બનાવો, મને બતાવો. ભગવાન,ચૌર્યાસી લાખ યોનિઓ કેવી છે. ભગવાને તરત જ નકશો બનાવ્યો નારદ અંજ તકશા પર પાછા ફરવા લાગ્યા. અરે,શું કરો છો નારદ,હે ભગવાન, તે ચૌપાંસી પણ તમારા દ્વારા જ બનાવવામાં આવ્યા છે અને આ ચૌર્યાસી પણ તમારા દ્વારા જ બનાવવામાં આવ્યા છે.હું આમાં રાઉન્ડ લઈને મારા ચીસી વર્ષ પૂરા કરી રહ્યો છું. ભગવાને કહ્યું, નારદે જોવું મહાપુરુષોની વાનગીઓ અહુત છે. તમને પણ આ યુક્તએજ ગુરુજી પાસેથી મળી છે.નારદના મહા પુરુષોને લઈને જીવ પોતાના અતૃલ હદયમાં સંતોષ મેળવે છે. ભગવાનને પરેશાન હદયમાં શાંતિ મળે છે, અન્નાનથી ઘેરાયેલા હદય માં આત્માને પ્રકાશ મળે છે,એવા મહાપુરુષો જેમના જીવનમાં ગુરુ ઓનો સાચો પ્રસાદ આવ્યો હતો. ઉચ્ચઅનુભવથી યોગ્ય શાંતિ પ્રાપ્ત થઈ છે.એ મહાપુરુષોએ ગુરુઓનું વર્ણન કરવાની આપણી શક્તિ શું છે.તે શની મહાપુણ્ય જેના જીવનમાં તે જુએ છે, જેના જીવનમાં તે થોડી મીઠી નજર નાખે છે, તેના જીવનમાં મધુરતા છવાઈ જાય છે ગુરુ વંદના સાથે સૌને ગુરૂ વ્યાસ પૂર્ણિમાની શુભેચ્છા પાઠવું છું.

### કાજોલે કહ્યું, એ ફિલ્મ એ સમય માટે યોગ્ય હતી

# આજે અમે 'કુછ કુછ હોતા હૈ' બનાવીએ તો લોકો અમારા પર હસશે : કાજોલ



શાહરુખ ખાન, કાજોલ અને રાની મુખર્જીની ૧૯૯૮માં આવેલી ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' ઘણી સફળ ફિલ્મ હતી, આજે પણ આ ફિલ્મ એક કલ્ટ ફિલ્મ ગણાય છે. આ ફિલ્મથી કરણ જોહરે ડિરેક્ટર તરીકે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું. આજે પણ એવા ઘણા લોકો છે, જે આ ફિલ્મ વારંવાર જુએ છે, તો કેટલાંક લોકો એવાં પણ છે, જેઓ આ ફિલ્મની કેટલીક રૂઢિવાદી બાબતો પર આજે પણ તેની ટીકા પણ કરે છે.તાજેતરમાં કાજોલ એક ચેનલના ઈન્ટરવ્યુમાં હાજર રહી હતી, જ્યાં તેણે ટીકા અને ખાસ કરીને તેના 'કુછ કુછ હોતા હૈ'ના અંજલિ અને શાહરુખના રાહુલનાં પાત્રો અંગે પણ વાત કરી હતી. જેમાં અંજલિ એક ટોમ બોય પ્રકારની છોકરી અને તેઓ બંને કોલેજ ફ્રેન્ડ્ઝ છે, જ્યારે તે એક સોહામણી સ્ત્રીની જેમ સાડી પહેરીને જોવા મળે છે, ત્યારે શાહરુખ રાહુલ તેનાં પ્રેમમાં પડે છે.



આ વાતના જવાબમાં કાજોલે કહ્યું કે, તેણે જ્યારે આ ફિલ્મ કરી ત્યારે તેણે આ બધી બાબતો પર ધ્યાન આપ્યું નહોતું. તેણે કહ્યું, ''અમે એ ફિલ્મ માત્ર મનોરંજન માટે બનાવી હતી. મને લાગે છે ફિલ્મ સમાજનું જ પ્રતિનિધિત્વ કરતી હોય છે, આવું જ કુછ કુછ હોતા હૈમાં હતું. એ સમયે લોકો એવું વિચારતા હતા. એ ફિલ્મ જો આજે બની હોત તો લોકો અમારા પર હસતાં હોત.''આગળ કાજોલે એવું પણ કહ્યું, ''જો આજે ફિલ્મ બને તો એ ટોમબોય લૂક કદાચ બીજા ભાગમાં હોત. આજે એવી ફિલ્મ બની શકે કે પહેલાં સાડીમાં હતી તો નહોતી ગમી, પછી જ્યારે તે બાસ્કેટ બોલ રમવા માંડી અને કૂલ બની ગઈ એટલે એને ગમી ગઈ. આજે એ ફિલ્મ કરતાં ઊલટું થઈ શકે. એ સમય માટે એ ફિલ્મ યોગ્ય હતી, જો આજે એ ફિલ્મ બની હોત અને અમે લોકોને કહ્યું હોત, શું સાચું અને શું ખોટું, તો અમે કદાચ ખોટાં પડ્યાં હોત.''આ ફિલ્મમાં કાજોલ, શાહરુખ અને રાનીની સાથે અનુપમ ખેર, અર્ચના પુરણસિંહ, સલમાન ખાન અને જોની લિવર સહીતના કલાકારો હતાં. તાજેતરમાં જ કાજોલની 'મા' રિલીઝ થઈ છે, તેના પ્રમોશનમાં કાજોલ વ્યસ્ત છે, તેના પછી ઓટીટી પર તેની ફિલ્મ 'સરઝમીન' રિલીઝ થવાની છે.

### અભિનેત્રી 'ડોન ૩'માં આશ્ચર્યજનક એન્ટ્રી કરશે

# કિયારા-રણવીર ટૂંક સમયમાં 'ડોન ૩'નું શૂટિંગ શરૂ કરશે

**આ ફ્રેન્ચાઇઝીમાં શાહરૂખ ખાનનું સ્થાન લેનારા રણવીર સિંહને શાહરૂખને બદલવા બદલ ઓનલાઈન ઘણી ટ્રોલીંગનો સામનો કરવો પડ્યો હતો**

અભિનેતા રણવીર સિંહે આજે પોતાના ચાહકોને ખુશ કરવાની કોઈ તક છોડી નથી. અગાઉ, તેમની ફિલ્મ 'ધુરંધર'નો પહેલો લુક સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી હતી. હવે તેમની બીજી મોટી ફિલ્મ 'ડોન ૩' સંબંધિત નવીનતમ અપડેટ બહાર આવી છે. અહેવાલ છે કે રણવીર ટૂંક સમયમાં અભિનેત્રી કિયારા અડવાણી સાથે તેની ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે.ફરહાન અખ્તર દ્વારા દિગ્દર્શિત 'ડોન ૩'નું શૂટિંગ ખૂબ જ ટૂંક સમયમાં શરૂ થવાનું છે. વિવિધ સમસ્યાઓને કારણે આ ફિલ્મ લાંબા સમયથી અટકી પડી હતી. પરંતુ હવે નિર્માતાઓ શક્ય તેટલી વહેલી તકે તેના પર કામ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. બોલિવૂડ હંગામાના અહેવાલ મુજબ, 'ડોન ૩'નું શૂટિંગ આવતા વર્ષની શરૂઆતમાં શરૂ થશે.સૂત્રો કહે છે



કે, 'હા, શૂટિંગ શરૂ કરવામાં વિલંબ થયો છે પણ તેના વિશે કંઈ કરી શકાયું નહીં. આ ફ્રેન્ચાઈઝીમાં શાહરૂખ ખાનનું સ્થાન લેનારા રણવીર સિંહને શાહરૂખને બદલવા બદલ ઓનલાઈન ઘણી ટ્રોલીંગનો સામનો કરવો પડ્યો હતો. ફરહાન અને રણવીરે પોતે નક્કી કર્યું કે તેઓ મામલો થોડો ઠંડો પડે ત્યાં સુધી રાહ જોશે. તે જ સમયે, રણવીરે પણ તેના રોલ માટે માનસિક અને શારીરિક રીતે તૈયાર રહેવું પડ્યું, જેના માટે તેણે માર્શલ આર્ટ્સની તાલીમ લેવી પડી.'સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ફિલ્મના ડિરેક્ટર ફરહાનને શૂટિંગ માટે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. તેને એક પછી એક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત, ફરહાન પોતે પણ તે સમય દરમિયાન તેની ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હતો. પરંતુ હવે તે જાન્યુઆરી ૨૦૨૬ માં કિયારા અડવાણી સાથે તેનું શૂટિંગ શરૂ કરવા માટે તૈયાર છે. તેણે કહ્યું, 'આ બધા પછી, પ્રિયંકા ચોપરાની જગ્યાએ કાસ્ટ કરાયેલી કિયારા અડવાણી ગર્ભવતી થઈ ગઈ. આ બધા બદલાતા કારણોસર ફરહાનને ફિલ્મ બંધ કરવી પડી. આ સાથે, તે પોતે તેની યુદ્ધ ફિલ્મ ૧૨૦ બહાદુરના શૂટિંગમાં વ્યસ્ત હતો જેમાં તે મેજર શૈતાન સિંહની ભૂમિકા ભજવી રહ્યો છે. તેની ફિલ્મ ૨૧ નવેમ્બરે રિલીઝ થશે.

# સમન્થા રૂથ પ્રભુ અમેરિકામાં તેલુગુ ચાહકોનો પ્રેમ જોઈ રડી પડી

સમન્થા રૂથ પ્રભુએ કહ્યું કે કોઈપણ પ્રોજેક્ટ હાથ ધરતા પહેલા, તેણીના મનમાં પહેલો વિચાર એ આવે છે કે ''તેલુગુ દર્શકો મારા પર ગર્વ કરશે કે નહીં.તેણીએ



યુએસએમાં તેલુગુ સમુદાયનો આભાર માન્યો. તેણીએ તેલુગુ એસોસિએશન ઓફ નોર્થ અમેરિકાના ૨૦૨૫ ના સંસ્કરણમાં હાજરી આપી હતી. એક વિડિઓમાં, સમન્થાએ કૃતજ્ઞતા વ્યક્ત કરી અને કાર્યક્રમમાં ભીડ સમક્ષ માથું પણ નમાવ્યું. લોકોનો આભાર માનતા, તેણીએ કહ્યું કે ''મેં કરેલી દરેક ભૂલ'' પછી પણ તેઓએ તેણીને છોડ્યા નહીં.સામન્થા રૂથ પ્રભુએ કહ્યું કે તેના તેલુગુ ચાહકોએ તેણીને એક ઓળખ, એક ઘર અને પોતાનું હોવાની ભાવના આપી.સમન્થાને આશ્ચર્ય થયું કે તેલુગુ સમુદાયનો આભાર માનવા માટે તેને તે મંચ પર ૧૫ વર્ષ કેમ લાગ્યા. ''મને ક્યારેય તમારો આભાર માનવાનો મોકો મળ્યો નહીં. તમે મારી પહેલી ફિલ્મથી જ મને પોતાનો બનાવી દીધો. તમે મને ફક્ત પ્રેમ આપ્યો છે. હું વિશ્વાસ કરી શકતી નથી કે મને અહીં આવવા અને આભાર માનવા માટે ૧૫ વર્ષ લાગ્યા . હું મારી કારકિર્દીના એક મહત્વપૂર્ણ તબક્કે અહીં આવી છું.અભિનેત્રીએ તેના ચાહકોનો આભાર માન્યો કે તેણીની સફર દરમિયાન તેની સાથે રહી અને ક્યારેય તેને છોડવા દીધી નહીં. ''મેં લીધેલા દરેક પગલા, મેં કરેલી દરેક ભૂલ, તમે મને ત્યજી નહી . હું ખરેખર તેની પ્રશંસા કરું છું. હું જ્યાં પણ જાઉં છું, હું ગમે તે કરું છું અને હું કોઈપણ ઉદ્યોગમાં કામ કરું છું, કોઈપણ નિર્ણય લેતા પહેલા મારા મનમાં પહેલો વિચાર એ આવે છે કે 'શું તેલુગુ પ્રેક્ષકો મારા પર ગર્વ કરશે કે નહીં?'સમન્થાનો તાજેતરનો પ્રોજેક્ટ તેનું ડેબ્યૂ પ્રોડક્શન, સુભમ હતું. પ્રવીણ કાન્દ્રેગુલા દ્વારા દિગ્દર્શિત, હોરર કોમેડી ફિલ્મમાં હર્ષિત માલગીરેડ્ડી, શ્રિયા કોંથમ, ચરણ પેરી, શાલિની કોંડેપુડી, ગવિરેડ્ડી શ્રીનિવાસ અને શ્રાવણી મુખ્ય ભૂમિકાઓમાં છે.

### એમેઝોને 'પંચાયત'ની પાંચમી સીઝનની જાહેરાત કરી નાંખી

# વેબ સિરીઝ 'પંચાયત'ની ચોથી સિઝનને સૌથી મોટું ઓપનિંગ મળ્યું

**આ સીઝનની ભારત સહિત ૧૮૦ દેશોમાં સિરિઝ લોંચ થયાના એક જ અઠવાડિયામાં જે પ્રતિસાદ મળ્યો છે**

લોકપ્રિય વૅબ સિરીઝ 'પંચાયત'ની ચોથી સીઝન ઓટીટી પર ૨૪ જૂને આવી હતી, આગળની ત્રણ સીઝનની લોકપ્રિયતાને કારણે વધેલી લોકોની ઉત્સુકતાને કારણે આ સીઝન અંગે દર્શકોમાં આ સીઝન અંગે ભારે ઉત્સુકતા હતી. તેથી આ સીઝનને સૌથી મોટું ઓપનિંગ મળ્યું હતું. તેના પ્રતિસાદમાં એમેઝોન પ્રાઈમ વીડિયો દ્વારા તેની પાંચમી સીઝનની જાહેરાત કરી દેવામાં આવી છે.પંચાયતની છેલ્લી સીઝનને સૌથી મોટું ઓપનિંગ મળ્યું, જેણે આગળની બધી જ સીઝનની વ્યુઅરશિપનો રેકોર્ડ તુટી ગયો છે. છેલ્લી સીઝન ઓટીટી પર આવી ત્યારે અન્ય દસ ફિલ્મ અને સિરીઝ સાથે આ સિરીઝ યૂએસએ, કૅનેડા, ઓસ્ટ્રેલિયા, યૂકે અને યૂએઈ સહિતના ૧૮૦ દેશોમાં ટોપ ૧૦માં ટ્રેન્ડ કરી રહી હતી પહેલાં અઠવાડિયા દરમિયાન આ સિરીઝે પોતાનું સ્થાન જાળવી



રાખ્યું હતું. જ્યારે ભારતમાં તે પહેલાં ક્રમે રહ્યું હતું.ત્યારે હવે એમેઝોન પ્રાઈમ વીડિયો દ્વારા તેની નવી સીઝનની જાહેરાત કરવામાં આવી છે. પાંચમી સીઝનનું કામ શરૂ થઈ ગયું છે અને એ સીઝન ૨૦૨૬માં આવી જશે. એમેઝોન પ્રાઈમ વીડિયોના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ પર એક પોસ્ટર શેર કરીને કૅપ્શનમાં લખાયું હતું, ''હાઈ ૫ ફુલેરા વાપસ આને કી તૈયારી શુરુ કર લિજીયે. પંચાયત પ્રાઈમ પર, નવી સીઝન, બહુ જલ્દી.''આ અંગેના નિવેદનમાં પ્રાઈમ વીડિયો ઈન્ડિયાના કન્ટેન્ટ લાઈસન્સિંગના ડિરેક્ટર અને હેડ મનિષ મેઘાણીના જણાવ્યા અનુસાર, ''અમે પંચાયતની સીઝન ૪ને મળેલાં અભુતપૂર્વ પ્રતિસાદથી અમે ખુબ ખુશ છીએ, તેના કારણે સિરીઝની કહાણી આગળ વધારવાનું અમને ગમશે, ઓથેન્ટિક વાર્તા સાથે નવા આયામો સિદ્ધ કરવા તૈયાર છીએ. આ સીઝનની ભારત સહિત ૧૮૦ દેશોમાં સિરિઝ લોંચ થયાના એક જ અઠવાડિયામાં જે પ્રતિસાદ મળ્યો છે, તે જ દર્શાવે છે કે આ વાર્તા બિલકુલ અસલ ભારતીય હોવા છતાં તે સમગ્ર વિશ્વના લોકોને સ્પર્શી શકે છે. કારણ કે તેની વાર્તા દિલથી લખાઈ છે અને તેના પાત્રો દરેકને પોતાનાં લાગે છે, આ બાબતોથી જ પંચાયત એક વિશ્વ કક્ષાએ લોકપ્રિય સિરીઝ બની છે અને તેને કોઈ સરહદ રહી નથી, દર્શકોને પંચાયતની હુંફ, સાદગી અને સચ્ચાઈ દુનિયાભરના દર્શકોને પ્રભાવિત કરી શકી છે. તે સિરીઝની લોકપ્રિયતા તો દર્શાવે જ છે, સાથે એ વાતનો પણ પુરાવો છે કે વિશ્વભરના દર્શકોને ભારતીય મૂળ સાથે જોડાયેલી વાર્તા જોવામાં રસ છે. ત્યારે અણને એ જણાવતા આનંદ થાય છે કે તેની પાંચમી સીઝનનું કામ શરૂ થઈ ચૂક્યું છે અને અમે ફુલેરા અને તેના પાત્રોની સફરને આગળ વધારવા ઉત્સુક છીએ.''

# પ્રિયંકાની સ્માર્ટનેસ, સાસુમા પાસે પોતાના કપડા ધોવડાવ્યા




અભિનેત્રી પ્રિયંકા ચોપરાને તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'હેડ્સ ઓફ સ્ટેટ'માં તેના કામ માટે ઘણી પ્રશંસા મળી રહી છે. અભિનેત્રીએ તાજેતરમાં જણાવ્યું હતું કે બીજા બધાની જેમ, તેને પણ ઘરનું એક કામ સૌથી ઓછું ગમે છે. અભિનેત્રીએ શેર કર્યુ કે તેણીએ એક સમયે તેની સાસુને છેતરીને આ કામ કરાવ્યું હતું.એક અહેવાલ મુજબ, પ્રિયંકા ચોપરાએ કહ્યું હતું કે, 'મારા માટે કપડાં ધોવા મુશ્કેલ કામ છે. મને તે મુશ્કેલ લાગે છે. હું હંમેશા આ કામ કોઈ બીજા પાસેથી કરાવવાનો પ્રયાસ કરીશ.' તેણીએ યાદ કર્યુ કે તેણીએ તેના પતિ નિક જોનાસની માતા ડેનિસ મિલર-જોનાસને આ કામ કેવી રીતે કરાવ્યું. તેણીએ કહ્યું, 'હું કપડાં ઈસ્ત્રી કરી શકું છું, કપડાં ફોલ્ડ કરી શકું છું. પરંતુ કપડાં ધોવાની પ્રક્રિયામાંથી પસાર થવું ખરેખર મુશ્કેલ છે. ઘણા બધા બટનો, ઘણી બધી વસ્તુઓ, ઘણી બધી નાની વસ્તુઓ મને નથી ફાવતી.૨૦૧૮માં મિલર-જોનાસના દીકરા સાથે લગ્ન કર્યા પછી પ્રિયંકા તેની સાસુની નજીક છે અને ઘણીવાર તેની ૩ વર્ષની પુત્રી માલતી મેરી સાથે સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરે છે. નિક ૭ વર્ષનો હતો અને પ્રિયંકા ૧૭ વર્ષની હતીક્વોન્ટિકો સ્ટારે એક વખત ખુલાસો કર્યો હતો કે ૩૨ વર્ષીય નિક જોનાસ અને તેનો પરિવાર ૨૦૦૦ ની મિસ વર્લ્ડ સ્પર્ધા જોઈ રહ્યા હતા, જે તેણીએ જીતી હતી. ''મારી સાસુએ કહ્યું, 'મને યાદ છે કે જ્યારે તમે જીતી ગયા ત્યારે હું તમને જોઈ રહી હતી.

### રામાયણનો પહેલો ભાગ ૨૦૨૬માં દિવાળી પર રિલીઝ થશે

# રણબીરને રામાયણની બે ફિલ્મોમાં ૧૫૦ કરોડ મળશે



સનાતન સંસ્કૃતિ અને સંસ્કારોની ભવ્ય રજૂઆતના સંકલ્પ સાથે 'રામાયણ'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. નિતેશ તિવારીના ડાયરેક્શનમાં આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે. ભગવાન રામના રોલમાં રણબીર કપૂરની ઝલક પણ તાજેતરમાં રિલીઝ થઈ છે. હવે, ફિલ્મમાં રણબીરની ફી અંગે પણ ખુલાસો થયો છે. 'રામાયણ'ના બે ભાગમાં રણબીર માટે રૂ.૧૫૦ કરોડની ફી નક્કી થઈ હોવાનું કહેવાય છે. 'રામાયણ'માં રણબીરને કરિયરની સૌથી વધુ ફી મળવા જઈ રહી છે ત્યારે અન્ય સ્ટાર્સની ફી અંગે વિગતો બહાર



આવી નથી. આ ફિલ્મમાં રાવણના રોલમાં યશ અને સીતા માતા તરીકે સાઈ પલ્લવી જોવા મળશે. 'રામાયણ'ની એક ફિલ્મ માટે રણબીરને ૭૦-૭૫ કરોડની રકમ મળવાની છે ત્યારે તેની પાસે અપેક્ષા પણ વધી છે. પ્રભાસની 'આદિપુરુષ'થી નિરાશ થયેલા દર્શકોને રણબીરની 'રામાયણ' જરૂર પસંદ આવશે, તેવું ફિલ્મ મેકર્સ માની રહ્યા છે. ફિલ્મની રિલીઝ પૂર્વે ઉત્સુકતા વધારવા પ્રમોશન પણ પૂર જોશમાં ચાલી રહ્યું છે. તાજેતરમાં ટીઝર લોન્ચ માટે દેશના ૯ શહેરો ઉપરાંત ન્યૂયોર્ક ટાઈમ્સ ખાતે ઈવેન્ટ્સ યોજાઈ હતી. રામ અને રાવણ વચ્ચે ચાલતા યુદ્ધને ગ્લોબલ ઓડિયન્સ સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ પણ આ સાથે થયો છે. ફિલ્મમાં ભગવાન હનુમાન તરીકે સની દેઓલ અને લક્ષ્મણજીના રોલમાં રવિ દુબે છે. ફિલ્મની કાસ્ટમાં જાણીતા એક્ટર્સને સ્થાન આપવાની સાથે મ્યૂઝિકમાં પણ વિશેષ તકેદારી રખાઈ છે. હાન્સ ઝીમર અને એર આર રહેમાન મ્યૂઝિક બનાવી રહ્યા છે, જ્યારે એક્શન સીક્વન્સ માટે હોલિવડના સ્ટન્ટ કો ઓર્ડિનેટર ટેરી નોટરી અને ગાય નોરિસને બોલાવાયા છે. 'રામાયણ'નો પહેલો પાર્ટ દિવાળી ૨૦૨૬ પર રિલીઝ થશે, જ્યારે બીજો પાર્ટ દિવાળી ૨૦૨૭ પર આવશે. ભારતીય સંસ્કૃતિની ભવ્યતા અને વર્તમાન સમયની સિનેમા ટેકનોલોજી સાથે ઓડિયન્સને ખુશ કરવાના ઈરાદા સાથે બંને ભાગ માટે રૂ.૮૦૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે. ફિલ્મને ગ્લોબલ બોક્સઓફિસ પર મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે.

# 'સુપરમેન'ની માનવતા, અમેરિકામાં ઈમિગ્રન્ટ્સની તકલીફ દૂર કરશે

**સમગ્ર વિશ્વમાં કરોડો ચાહકો ધરાવનારા સુપરહીરો 'સુપરમેન'નું ૧૧ જુલાઈએ આગમન થઈ રહ્યું છે**

સમગ્ર વિશ્વમાં કરોડો ચાહકો ધરાવનારા સુપરહીરો 'સુપરમેન'નું ૧૧ જુલાઈએ આગમન થઈ રહ્યું છે. 'સુપરમેન'ને દરેક ફિલ્મમાં દુષ્ટ-અત્યાચારીઓ સામે લડતો અને ગુનેગારોને સજા આપતો બતાવાય છે. આગામી ફિલ્મમાં સુપરમેનની માનવતાની સ્ટોરી છે, જેમાં તે અમેરિકામાં વસતા ઈમિગ્રન્ટ્સની તકલીફો દૂર કરવાનો છે. ડીસી સ્ટુડિયો દ્વારા જેમ્સ ગુન્નના ડાયરેક્શનમાં 'સુપરમેન' બની છે. જેમ્સના મતે આગામી ફિલ્મમાં અમેરિકાની સ્ટોરી છે. ડેવિડ કોરેનસ્વેટે લીડ રોલ કર્યો છે, જ્યારે વિલન લોઈસ લેન તરીકે બ્રોસ્નહાન જોવા મળશે. ડાયરેક્ટર જેમ્સે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન ફિલ્મની થીમ અંગે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન અમેરિકાની



સ્ટોરી છે. જીવનને બહેતર બનાવવા અન્ય દેશમાંથી અમેરિકા આવતા ઈમિગ્રન્ટ્સના સંઘર્ષને દર્શાવવામાં આવ્યો છે. 'સુપરમેન'ની સ્ટોરી ખૂબ સરળ હોવાની સાથે ગહન પણ છે. તેના પાયામાં માનવીય કરુણા રહેલી છે. માનવ જીવનમાંથી કરુણાનું ધોવાણ થયું હોય તેમ લાગી રહ્યું છે. ફિલ્મના માધ્યમથી સમગ્ર દુનિયાને એક સંદેશ આપવા પ્રયાસ થયો છે. સામાજિક સ્તરે અનેક ભાગમાં વહેંચાયેલા વિશ્વને માનવતાની જરૂર છે. માનવતાના મૂલ્યો ન ધરાવતા હોય તેવા લોકોને આ ફિલ્મ જોઈને આંચકો લાગી શકે છે, પરંતુ તેનો હેતુ કરુણા પ્રસરાવવાનો અને અત્યાચારીઓને પાઠ ભણાવવાનો છે. ફિલ્મમાં રાજકારણ અને નૈતિકતાની વાત પણ થઈ છે. રાજકીય લાભ માટે નફરત ફેલાવતા અને લાચાર ઈમિગ્રન્ટ્સને હેરાન કરતા નેતાઓની ટીકા કરવામાં આવી છે. સુપરમેન ક્યારેય જીવ લેવામાં નથી માનતો જ્યારે લોઈસ લેનની ઈચ્છા કત્લેઆમ મચાવવાની છે. નૈતિક મૂલ્યો માટે બંને વચ્ચે રહેલો તફાવત જ સુપરમેન અને લોઈસના સંબંધોને અસર કરે છે. આ મતભેદના કારણે તેમના સંબંધો પણ જોખમમાં મૂકાય છે. આગામી 'સુપરમેન'માં ડેવિડ અને બ્રોસન્હાનની સાથે નિકોલસ હોલ્ટ, મારા ગેબ્રિએલા નાથન ફિલિઓન, સ્કાયલર ગિસોન્ડો અને ઈસાબેલા મર્સેડ પણ મહત્ત્વના રોલમાં છે.

### વધારાની કામગીરી બંધ કરવા, માનદ વેતન બંધ કરી લઘુત્તમ વેતન ચાલુ કરવાની માંગણી કરવામાં આવી

# ઝાલોદ મામલતદાર કચેરી ખાતે આંગણવાડી બહેનો દ્વારા પોતાના હક્ક માટે આવેદનપત્ર આપી રજૂઆત કરી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના લેટર પેડ પર ઝાલોદ તાલુકાની આંગણવાડી બહેનોએ ૦૯-૦૭-૨૦૨૫ ના રોજ દેશના તમામ મજૂર -કિસાન, આશા વર્કર /ફેસીલીએટર, મધ્યાહન કર્મચારીઓ તથા તમામ સ્કીમ વર્કરોની શોષણ વિરોધી અને શ્રમ કાયદાના રક્ષણ માટે સંયુક્ત ટ્રેડ યુનિયનની રાષ્ટ્રીય હડતાલ છે જે અન્વયે આંગણવાડી બહેનોની લાંબા સમયની કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર પાસે વિવિધ માંગણીઓ કરી રહેલ છે. સરકાર દ્વારા ૨૦૧૮ પછી કોઈ પણ જાતનો વેતન વધારો નથી કર્યો નથી તેમજ રોજેરોજ પોષણ ટેકરના નામે માનસિક ત્રાસ ગુજારવામાં આવી રહેલ છે.

સરકાર દ્વારા વધારાની કામગીરી નહીં કરવાનો પરિપત્ર હોવા છતાંય વધારાની કામગીરી આપવામાં આવે છે તેથી બાળકો શિક્ષણ થી વંચિત રહી જાય છે. એફ.આર.એસના નામે લાભાર્થીઓ ના પોષણ અધિકારો છીનવી આંગણવાડી બહેનોના પગાર કપાત કરવામાં આવી રહેલ છે તેથી



આંગણવાડી બહેનોનું શોષણ થઈ રહેલ છે. આ અંગે આંગણવાડી વર્કર હેઠળ કામગીરી કરતી બહેનો મોટા પ્રમાણમાં મામલતદાર કચેરીએ ઉમટી વિવિધ સૂત્રોચ્ચાર કરી પોતાના હક્ક માટે ન્યાય માંગી રહેલ હતી. આંગણવાડી બહેનો સૂત્રોચ્ચાર દરમિયાન હમ હમારા હક માંગતે નહી કીસીસે ભીખ માંગતે, માનદ વેતન બંધ કરો, લઘુત્તમ વેતન ચાલુ કરો, મહિલાઓનું શોષણ બંધ કરો, બી.એલ.ઓની કામગીરી બંધ કરો જેવા સૂત્રોચ્ચાર કરી ઝાલોદ મામલતદારને આવેદન પત્ર આપેલ હતું. તેમજ ૦૯-૦૭-૨૦૨૫ ના રોજ સામૂહિક રીતે માસ સી.એલ ભરીને કામગીરી થી અળગા રહેવાનો નિર્ણય કરેલ છે.

# ઝાલોદ તાલુકાના વગેલા ગામના ખેતરમાંથી ગાંજાનો ૨,૦૯,૪૦૦નો મુદ્દામાલ ઝડપી પાડતી એસ.ઓ.જી દાહોદ : એક વ્યક્તિની અટકાયત કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલિસ સ્ટેશન વિસ્તારના વગેલા ગામના ઢાંકણી ફળિયામાં આવેલ એક ખેતરમાં પારુ સુરપાળ ડામોર પોતાના ખેતરમાં નશીલા પદાર્થની ખેતી કરતા હોવાની બાતમી દાહોદ એસ.ઓ.જીના પી.આઈ એસ. જે.રાણાને મળતા તેઓ પોતાના પોલિસ સ્ટાફ સાથે બાતમી મળેલ વિસ્તારમાં તપાસ આદરી હતી.

પી.આઈ એસ.જે.રાણાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એમ.માળી તેમના પોલિસ સ્ટાફ સાથે બાતમી વાળી જમીન પર પહોંચતા તેઓને ખેતરમાં વનસ્પતિજન્ય લીલાં ગાંજાના છોડનુ વાવેતર મળી આવેલ હતું. ખેતર માલિક ખેતરમાં ભીંડા તેમજ ગવારસિંગના વાવેતરની આડમાં ગાંજાનુ વાવેતર જોવા મળી આવેલ હતું. તાત્કાલિક દાહોદ એસ.ઓ.જી પોલીસ દ્વારા ખેતરમાં ઊગેલ માલની ઝડતી લેતા ગાંજાના છોડ નંગ ૫૮ જેનું



કુલ વજન ૨૦.૯૪૦ કિલોગ્રામ હતું જેની અંદાજિત કિંમત ૨,૦૯,૪૦૦ થાય છે. દાહોદ એસ.ઓ.જી દ્વારા ગાંજાના છોડ સહિતના માલને ઝડપી એક આરોપી પારુ સુરપાળ ડામોરની અટકાયત કરી એન.ડી.પી.એસ એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# દેવગઢ બારિયા તાલુકાના અંતેલા ગામ ખાતે પ્રગતિશીલ ખેડૂતો દ્વારા ફાર્મ સ્કુલ હેઠળ મિટિંગ યોજવામાં આવી

। (માહિતી) દાહોદ, તા.૯ ।

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના અંતેલા ગામ ખાતે પ્રગતિશીલ ખેડૂતશ્રી સુરેશભાઈ પગી તેમજ ભરતભાઈ પટેલ કે જેઓ છેલ્લાં ઘણાં વર્ષોથી પ્રાકૃતિક ખેતી અપનાવીને પ્રાકૃતિક ખેતી કરીને પોતાના પરિવાર સહિત સમાજને પણ રસાયણ મુક્ત અનાજ પૂરું પાડી રહ્યા છે. તેમણે અન્ય ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી અપનાવી રસાયણ મુક્ત અનાજ પકવે એ માટે વિવિધ ગામોમાં જઈને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટેની તાલીમ આપી ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડાવા માટે અનુરોધ કરી રહ્યા છે. જે અંતર્ગત અંતેલા ગામ ખાતે ફાર્મ સ્કુલ હેઠળ ખેડૂતો સાથે મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી વિષે ચર્ચા અને પ્રશ્નોતરી કરવામાં અઆવી હતી. જે દરમ્યાન ખેડૂતોને વિસ્તાર પૂર્વક જાણકારી આપીને તમામ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવામાં જોડાય એ માટે સમજાવવામાં આવ્ય હતું. આ દરમ્યાન પ્રાકૃતિક ખેત પદ્ધતિ અપનાવવાથી થતા ફાયદા અંગેની વિસ્તાર પૂર્વક સમજ આપવામાં આવી હતી. જેમાં પ્રેક્ટીકલ દ્વારા પણ ખેડૂતોને સમજ આપવામાં આવી હતી. આવેલ તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી થકી જળ, જમીન, પાક, વાતાવરણની સાથોસાથ આપણા સ્વાસ્થ્ય માટે થતા અઢળક ફાયદાઓ જણાવીને તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર મુક્યો હતો.

# ગાંધીનગરમાં ૧૦૦૦ કરતા પણ વધુ મહિલાઓને રોજગાર આપનાર- "પુષ્પાબેન પેશવાની"

। (માહિતી) ગાંધીનગર, તા.૯ ।

શું તમે જાણો છો કે ગાંધીનગરમાં વસેલા પૂજાબેન પેશવાની જે દસ વર્ષથી પ્સ્ક્ર "સખી મંડળ" માં રોજગાર શીખવાડે છે? ગાંધીનગરમાં આવેલ જીએમસી સખીમંડળ દ્વારા પૂજાબેન છેલ્લા દસ વર્ષથી ૧૦૦૦ કરતા પણ વધુ સ્ત્રીઓને રોજગાર ચલાવતા શીખવાડ્યું છે, જે મહિલાઓ પોતાના ઘર માટે આગળ વધીને કામ કરવા માંગે છે, તેવી મહિલાઓને રોજગાર આપવાનું કામ આ પૂજાબેન કરે છે. જ્યારે દિવાળી આવે ત્યારે ડ્રાયફ્રુટ ના પેકેટ બનાવવા, રક્ષાબંધન આવે ત્યારે રાખડી બનાવી, શ્રાવણ માસમાં ફરારી નાસ્તો બનાવોઆ બધી બહેનોને રોજગાર મળી રહે તે માટે સિઝનલ ધંધો કરાવે છે. આ બધીજ વસ્તુઓ હાથેથી બનાવવાની કારીગરી બધી બહેનોને પૂજાબેન શીખવાડે છે, આ મહિલાઓની બનાવેલી વસ્તુઓ પાંચ રૂપિયાથી લઈને સો રૂપિયા સુધી વસ્તુઓ બનાવે છે. આ બધી વસ્તુ ભારતના બધા રાજ્યોમાં તથા ભારતના બહાર ના દેશો અમેરિકા, કેનેડા, લંડન સુધી માલ પહોંચાડવામાં આવે છે

# સીંગવડ તાલુકાની મેથાણ પ્રાથમિક શાળા ખાતે ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન" અંતર્ગત યોજાયો કેમ્પ



। (માહિતી) દાહોદ, તા.૯ ।

સીંગવડ તાલુકા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતા હેઠળ મેથાણ પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાના ધરતી આભા જન જાતિય ઉત્કર્ષ અભિયાનમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–મેથાણના આરોગ્ય સ્ટાફ દ્વારા લોકોનું આરોગ્ય લક્ષી NCD સ્ક્રીનીંગ કરી જરૂરી તપાસ કરવામાં આવી હતી. જેમાં ૫૭ જેટલા લોકો હાજર રહ્યા હતા. તેમાંથી ૪૧ જેટલા લોકોનું NCD સ્કીનિંગ કરવામાં આવ્યું હતું સાથે ૧૫ જેટલા લાભાર્થીઓના PMJAY કાર્ડ બનાવવામાં આવ્યા હતા. ૭૦ વર્ષથી પણ વધુ ઉંમરના ૦૬ લાભાર્થીઓ આ કેમ્પમાં હાજર રહ્યા હતા.

# શહેરના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત રોડ-રસ્તા રિપેરીંગની કામગીરી હાથ ધરાઇ



। (માહિતી) દાહોદ, તા.૯ ।

દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં પડેલા ભારે વરસાદને પગલે શહેર જિલ્લાના વિવિધ માર્ગો ક્ષતિગ્રસ્ત બન્યા હતા. ત્યારે રાજ્યભરમાં વરસાદના વિરામ બાદ રોડ-રસ્તાની પરિસ્થિતિની સમીક્ષા કરીને નાગરિકોની સુવિધા માટે મુખ્યમંત્રી દ્વારા તેના સમારકામ માટે સૂચન કરાયું હતું.જેના ભાગરૂપે મ્યુ.કમિશનર શ્રી શાલિની અગ્રવાલના માર્ગદર્શનમાં સુરત મનપા દ્વારા નુકસાનગ્રસ્ત માર્ગોના મરામતની કામગીરી હાથ ધરાઈ છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં અસરગ્રસ્ત નાના મોટા રોડ, રસ્તાઓ પર પેચવર્ક, રિસર્ફેસિંગ અને રિકાર્પેટિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.જેમાં ઉધના ત્રણ રસ્તા, લિંબાયત નિલગિરી ગ્રાઉન્ડ, સાંઇ પોઈન્ટ ડીંડોલી, ભીમરાડ રોડ, રાહુલ રાજ મોલ અને લાલભાઈ સ્ટેડિયમ-વેસુ સહિતના રસ્તાઓનું સમારકામ કરાયું હતું.

### ભારતીય ડાક વિભાગની સેવાઓ વધુ હાઈટેક બનશે

# પોસ્ટ ઓફિસોમાં IT આધુનિકીકરણ - ૨.૦ શરૂ કરવામાં આવ્યું : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

### IT આધુનિકીકરણ-૨.૦ એ 'ડિજિટલ ઇન્ડિયા' અને 'કેશલેસ ઇન્ડિયા' તરફ ડાક વિભાગનું 'ગ્રાહકલક્ષી' પગલું છે : પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ



। અમદાવાદ, તા.૯ ।

ડાક વિભાગ તેની સેવાઓને વધુ અદ્યતન બનાવવા માટે હાઈટેક બનાવી રહ્યું છે. આ ક્રમમાં, ડાક વિભાગે IT આધુનિકીકરણ-૨.૦ અમલમાં મૂકવાનું શરૂ કર્યું છે. ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ, શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે 'ડિજિટલ ઈન્ડિયા' અને 'કેશલેસ ઈન્ડિયા' તરફ ડાક વિભાગનું આ 'ગ્રાહકલક્ષી' પગલું છે, જેના દ્વારા શહેરો તેમજ દૂરના ગ્રામીણ વિસ્તારોમાં સ્થિત શાખા પોસ્ટ ઓફિસોને હાઈટેક બનાવવામાં આવી રહી છે. આ અંતર્ગત, ડાક વિભાગની તમામ વહીવટી કચેરીઓ, પોસ્ટ ઓફિસો, રેલ્વે પોસ્ટલ સર્વિસીસ APT ૨.૦ પોર્ટલ પર કામ કરશે. ગુજરાત પોસ્ટલ સર્કલમાં પ્રથમ તબક્કામાં, મહેસાણા, રાજકોટ અને નવસારી પોસ્ટલ ડિવિઝન અને તમામ રેલ્વે પોસ્ટલ સર્વિસીસ ડિવિઝનની પોસ્ટલ સેવાઓને ૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ APT 2.0 પોર્ટલમાં રૂપાંતરિત કરવામાં આવી છે. ૨૨.૦૭.૨૦૨૫ થી બાકીના ૨૩ પોસ્ટલ ડિવિઝનમાં પણ APT 2.0 પોર્ટલ પર કામ શરૂ થશે. IT 2.0 લાગુ કરતા પહેલા, ગુજરાત પોસ્ટલ સર્કલના ૨૬,૦૦૦ થી વધુ કર્મચારીઓને ખાસ તાલીમ આપવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં, દેશની તમામ પોસ્ટ ઓફિસો IT આધુનિકીકરણ -૨.૦ હેઠળ કામ કરવાનું શરૂ કરશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ફોરેન પોસ્ટ ઓફિસ, અમદાવાદ અને રેલ્વે મેઈલ સર્વિસ ઓફિસમાં IT આધુનિકીકરણ ૨.૦ લોન્ચ કર્યું. તે જ સમયે, ગુજરાતના રાજકોટ અને મહેસાણા ડિવિઝનમાં તેના લોન્ચ પ્રસંગે, તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ડાક અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાતચીત પણ કરી. શ્રી યાદવે માહિતી આપી કે APT ૨.૦ પહેલા, ડાક વિભાગમાં તમામ પ્રકારની ડાક સેવાઓ SAP અને દર્પણ ૨.૦ સોફ્ટવેર દ્વારા પૂરી પાડવામાં આવતી હતી. SAP એ એક ખાનગી કંપની દ્વારા વિકસાવવામાં આવેલ સોફ્ટવેર છે, જ્યારે દર્પણ ૨.૦એ ડાક વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલ એપ્લિકેશન છે. IT Modernization-2.0 હેઠળ, ટપાલ વિભાગના સેન્ટર ફોર એક્સેલન્સ ઈન પોસ્ટલ ટેકનોલોજી (CEPT), મૈસુર દ્વારા તૈયાર કરાયેલ ઓનલાઈન પોર્ટલ APT 2.0 વિવિધ સોફ્ટવેરમાં થઈ રહેલા કાર્યને જોડીને સિંગલ વિન્ડો પ્લેટફોર્મ પૂરું પાડે છે, જેનાથી ડાક કર્મચારીઓ માટે કામ કરવાનું ખૂબ જ સરળ બનશે અને ગ્રાહકોને ઝડપી સેવા પણ મળશે. હવે ગ્રાહકો ઊઈ કોડ સ્કેન કરીને UPI આધારિત ડિજિટલ ચુકવણી કરી શકશે. APT 2.0 માં ઘણી નવી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે જેમાં પોસ્ટલ ડિલિવરી સિસ્ટમને વધુ સરળ બનાવવા માટે પોસ્ટમેનના ડાક ડિલિવરી કાર્યને GPS સાથે લિંક કરવું, OTP આધારિત ડિલિવરી સિસ્ટમ શરૂ કરવી, પોસ્ટના રિટેલ અને કોન્ટ્રાક્ટેડ ગ્રાહકો માટે ડાક સેવા એપ દ્વારા કોઈપણ સુવિધા માટે સિંગલ વિન્ડો પ્લેટફોર્મ પૂરું પાડવું, તેમના માટે ઓછા દરે પિકઅપ સેવા પૂરી પાડવી, સિંગલ વિન્ડો પ્લેટફોર્મ દ્વારા બધી શાખા પોસ્ટ ઓફિસોને વધુ આધુનિક અને સરળ એપ્લિકેશન પૂરી પાડવી વિગરે શામેલ છે. ભવિષ્યમાં, ડિજીપીન (નવી પિન કોડ સિસ્ટમ) પણ તેમાં સમાવવામાં આવશે. આ પ્રસંગે સીનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ શ્રી ચિરાગ મહેતા, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી એસ કે વર્મા, આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રી એમ એમ શેખ, શ્રી રિતુલ ગાંધી, શ્રી વારિસ વ્હોરા, મેનેજર શ્રી એન જી રાઠોડ, આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ પ્રેયલ શાહ, રિઝવાન શેખ, એસ એન ઘોરી, જિનેશ પટેલ, રમેશ પટેલ, રોનક શાહ, ભાવિન પ્રજાપતિ, પોસ્ટલ ઈન્સ્પેક્ટર સોનલ દેસાઈ, પાયલ પટેલ, વિજય રાઠોડ, યોગેન્દ્ર રાઠોડ, ફોરેન પોસ્ટ ઓફિસ ના પોસ્ટમાસ્ટર વિશાલ પુરોહિત, ચિરાયુ વ્યાસ, અવિનાશ અને તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો.

# મુંજપુર-ગંભીરા પુલ તૂટતા આ પુલ પર તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ

। (માહિતી) વડોદરા, તા.૯ ।

આજ તા. ૦૯/૦૭/૨૦૨૫ ના રોજ વહેલી સવારે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુંજપુર ગામ અને આણંદ જિલ્લાને જોડતો મહિસાગર નદી ઉપરનો મુંજપુર-ગંભીરા પુલ તૂટી જતા વાહન વ્યવહારના સરળ નિયમન માટે વડોદરાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી. એસ. પટેલે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. જે અંતર્ગત મુંજપુર-ગંભીરા પુલ પુનઃ કાર્યરત ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તથા વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબના રૂટનો ઉપયોગ કરવા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.૧. વડોદરા થી તારાપુર જતા વાહનોએ સીધા વડોદરા (ફાજલપુર) થઈને વાસદ તરફ જવું. ૨. વડોદરા થી બોરસદ તાલુકાના ગામડાઓ તરફ જતા વાહનોએ ગંભીરા બ્રિજ તરફ જવાની જગ્યાએ સિંધરોટ થઈને ઉમેટા નીકળવું. મોટા/ભારે વાહનોએ ફાજલપુર થઈને વાસદ નીકળવું. ૩. પાદરા તરફથી આણંદ કે તારાપુર તરફ જતા વાહનોએ ગંભીરા બ્રીજની જગ્યાએ નાના વાહનોએ સિંધરોટ થઈને ઉમેટા તરફ અને મોટા/ભારે વાહનોને ફાજલપુર થી વાસદ થઈને નીકળવું. આ જાહેરનામું પ્રસિદ્ધ થાય તે તારીખથી પુલ પુનઃ કાર્યરત ન થાય ત્યાં સુધી ઉપર જણાવ્યા મુજબના ડાયવર્ઝનવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. ટ્રાફિક ડાયવર્ઝન અંગે જાહેરનામાની અમલવારી માટે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીએ જરૂરી પોલીસ ગાર્ડ તહેનાત કરી દીધા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. રોમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો.મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થઈ શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.



**કર્ક (ડ,હ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે. જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. નવું સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ.



**સિંહ (મ,ટ) :**

તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થઈ શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ. આજે તમે પ્રેમાળ મૂડમા હશો- આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. સુંદર સ્મિત સાથે તમારા પ્રેમી કે પ્રેમિકાનો દિવસ ઝળકાવો.

## કેપ્ટન તરીકે ગિલનો હનીમૂન પીરિયડ ચાલી રહ્યો છે : ગાંગુલી



। (એજન્સી) કોલકાતા, તા.૯ ।

એજબેસ્ટન ટેસ્ટમાં બંને ઈનિંગ્સમાં સદી ફટકારીને ભારતીય ટેસ્ટ ટીમના નવા કેપ્ટન શુભમન ગિલે ઐતિહાસિક રેકોર્ડ સ્થાપિત કર્યા છે. પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી ભારતની જીત અને ગિલની બેટિંગથી ખૂબ જ ખુશ છે. ગાંગુલી માને છે કે, ટેસ્ટ કેપ્ટન તરીકે શુભમન ગિલનો હનીમૂન પીરિયડ ચાલી રહ્યો છે. પરંતુ આગામી દિવસોમાં તેના પર વધુ દબાણ રહેશે. ૫૩ વર્ષીય ગાંગુલીએ એ વાત પર ખાસ ભાર મૂક્યો હતો કે, ભારતીય ક્રિકેટ ક્યારેય પ્રતિભાશાળી ખેલાડીઓથી વંચિત રહેશે નહીં. ૫૮૫ રન સાથે ગિલ હવે રાહુલ દ્રવિડના ૨૦૦૨માં (૬૦૨) ઈંગ્લેન્ડમાં શ્રેણીમાં ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ રનના રેકોર્ડને પાર કરવા માટેથી માત્ર ૧૮ રન દૂર છે. ભારતે શાનદાર વાપસી કરીને એજબેસ્ટન ટેસ્ટ ૩૩૬ રનથી જીતીને પાંચ મેચની શ્રેણી ૧-૧થી બરાબર કરી લીધી છે. ગાંગુલીએ પોતાના જન્મદિવસની ઉજવણી દરમિયાન ઈડન ગાર્ડન્સ ખાતે મીડિયાને જણાવ્યું હતું કે, મેં તેને બેટિંગ કરતા જોયો તેમાંથી આ શ્રેષ્ઠ છે અને મને આશ્ચર્ય થયું નથી. મેં અગાઉ કહ્યું હતું કે ભારતીય ક્રિકેટમાં દરેક પેઢીમાં તમને ખેલાડીઓ મળશે. જ્યારે પણ કોઈ ખાલી જગ્યા હશે, ત્યારે ખેલાડીઓ આવીને તેને ભરશે. ભારતીય ક્રિકેટમાં ઘણી પ્રતિભા છે.મહાન સુનીલ ગાવસ્કર, કપિલ દેવ, સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, અનિલ કુંબલે અને વિરાટ કોહલી પછી હવે ગિલ, યશસ્વી જયસ્વાલ, આકાશ દીપ, મુકેશ કુમાર, મોહમ્મદ સિરાજ. દરેક પેઢીમાં જ્યારે પણ કોઈ ખાલી જગ્યા હશે, ત્યારે તેઓ આવીને તેને ભરશે. મેં હંમેશા એવું કહ્યું છે. વાતચીત દરમિયાન ગાંગુલીએ ભવિષ્યમાં ભારતના મુખ્ય કોચ બનવાનો સંકેત આપ્યો હતો. મહત્વનું છે કે, પહેલી વાર ભારતનું નેતૃત્વ કરતા ગિલે અત્યાર સુધીમાં બે મેચમાં ત્રણ સદી (એક ડબલ સહિત) ફટકારી છે, અને ૧૪૬.૨૫ની એવરેજથી ૫૮૫ રન બનાવી ચૂક્યો છે. બર્મિંગહામમાં ૨૬૯ અને ૧૬૧ રનના સ્કોરે તેને અનેક રેકોર્ડ તોડવામાં મદદ કરી હતી. જેમાં ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ મેચ એગ્રીગેટનો પણ સમાવેશ થાય છે. હજુ ત્રણ ટેસ્ટ બાકી છે ત્યારે વધુ રેકોર્ડ તૂટવાની રાહ જોવાઈ રહી છે. ગિલ ટેસ્ટ શ્રેણીમાં કેપ્ટન તરીકે સૌથી વધુ રન બનાવવાનો ડોન બ્રેડમેનનો ૮૮ વર્ષ જૂનો રેકોર્ડ તોડવાની કતારમાં છે.

### સુપ્રીમ કોર્ટના CJIનું મોટું નિવેદન

# 'ન્યાયતંત્રમાં કારોબારીઓની દખલ ન હોવી જોઈએ'

## બંધારણના કારણે મહિલાઓ અને પછાત સમુદાયોને રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાં લાવી શક્યા છે : ચીફ જસ્ટિસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ન્યાયતંત્ર કારોબારીની દખલગીરીથી મુક્ત હોવું જોઈએ તેવી ભારત રત્ન ડો. બી. આર. આંબેડકરની સંકલ્પના હતી તેમ ચીફ જસ્ટિસ ભૂષણ ગવઈએ મહારાષ્ટ્રના વિધાનમંડળનાં બંને ગૃહોનું સન્માન સ્વીકાર્યા બાદ જણાવ્યું હતું. મહારાષ્ટ્ર વિધાન ભવનમાં સરકાર દ્વારા દ્વારા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે ભૂષણ આર. ગવઈની નિયુક્તિ બાદ તેમનું સન્માન કર્યું હતું.આ પ્રસંગે 'ભારતીય બંધારણ' પર બોલતા, તેમણે કહ્યું કે બંધારણ દેશમાં રક્તહીન ક્રાંતિનું શ રહ્યું છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૭૫ વર્ષોમાં ભારતમાં સામાજિક-આથક સમાનતા લાવવા માટે ન્યાયતંત્ર, કારોબારી અને વિધાનસભાએ સાથે મળીને કામ કર્યું છે. બંધારણ તેની શતાબ્દી તરફ આગળ વધી રહ્યું છે. આ સમયગાળામાં પોતે ન્યાયિક પ્રક્રિયાનો ભાગ રહ્યા તે વાતની તેમને ખુશી છે. મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોએ સર્વાનુમતે



અભિનંદન આપતા ઠરાવો પસાર કર્યા બાદ ગવઈએ પોતાના સંબોધનમાં યાદ અપાવ્યું હતું કે ડો. આંબેડકરે કહ્યું હતું કે આપણે બધા બંધારણની સર્વોચ્ચતામાં માનીએ છીએ જે શાંતિ અને યુદ્ધ દરમિયાન દેશને એક રાખશે. તેમણે કહ્યું હતું કે આપણા ત્રણ મુખ્ય સ્થંભ કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર છે. તેમાંથી ન્યાયતંત્રનું કરત્વય નાગરિક અધિકારોના રખેવાળ તરીકેનું છે. ચીફ જસ્ટિસએ આંબેડકરના શબ્દોને પણ ટાંકીને કહ્યું કે બંધારણ સ્થિર ન હોઈ શકે, તે ઓર્ગેનિક હોવું જોઈએ અને વિકસિત થતું રહેવું જોઈએ. આવનારી પેઢી જે સમસ્યાઓનો સામનો કરી શકે છે તેનો વર્તમાન પેઢી અંદાજ લગાવી શકતી નથી, તેથી બંધારણીય સુધારાઓની જોગવાઈ રખાઈ છે એમ તેમણે કહ્યું હતું. બંધારણના કારણે મહિલાઓ અને પછાત સમુદાયોને રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાં લાવી શક્યા છે. આપણી પાસે એક મહિલા વડા પ્રધાન, બે મહિલા રાષ્ટ્રપતિઓ, પછાત સમુદાયોના કેઆર નારાયણન અને રામ નાથ કોવિંદ રાષ્ટ્રપતિ તરીકે, જીએમસી બાલયોગી અને મીરા કુમાર લોકસભા સ્પીકર તરીકે, અને પછાત વર્ગના ઘણા સભ્યો મુખ્ય સચિવ અને ડીજીપી તરીકે વિવિધ રાજ્યોમાં ઉચ્ચપદે રહ્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભા દ્વારા આપવામાં આવેલા સન્માનથી તેઆ ગદગદ થયા હતા. થયા હતા તેમણે.યાદ કર્યું હતું કે તેમના પિતા આર. એસ ગવઈ ૩૦ વર્ષથી વધુ સમયથી રાજ્ય વિધાન પરિષદ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા.રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આરપીઆઈ) ના નેતા આર. એસ. ગવઈ મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ તેમજ બિહાર, સિક્કિમ અને કેરળના રાજ્યપાલ રહ્યા હતા. અગાઉ, વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે વિધાનસભામાં ગવઈને અભિનંદન આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે મુખ્ય ન્યાયાધીશ તરીકે તેમની નિમણૂક મહારાષ્ટ્ર માટે ગર્વની વાત છે. આ પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.રાજ્ય વિધાનસભા પરિષદમાં અધ્યક્ષ રામ શિંદે દ્વારા પણ આવી જ અભિનંદન દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી અને સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.સેન્ટ્રલ હોલમાં આયોજિત એક સમારોહમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભા વતી ગવઈનું સન્માન કર્યું હતું. ૨૪ નવેમ્બર, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રના અમરાવતી ખાતે જન્મેલા જસ્ટિસ ગવઈએ ગત ૧૪ મેના રોજ સંજીવ ખન્ના પછી ભારતના બાવનમા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા.

### ઇઝરાયેલી સેનાના હુમલામાં ૫૧ પેલેસ્ટાઇનનાં મોત

## ગાઝામાં હમાસે કરેલા વિસ્ફોટમાં ઇઝરાયેલના ૫ સૈનિકો માર્યા ગયા

। (એજન્સી) તેલ અવિવ, તા.૯ ।

ગાઝા પટ્ટીમાં યુદ્ધ વધુ ભીષણ થવાના એંધાણ છે. ગાઝાના આતંકીઓએ કરેલાં હુમલામાં ઈઝરાયેલના પાંચ સૈનિકોના મોત નીપજ્યા છે. જેને કારણે અકળાયેલી ઈઝરાયેલી સેનાએ વળતો હુમલો કરીને ૫૧ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જાણવાની વાત એ છે કે હાલમાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા વોશિંગ્ટન પહોંચ્યા છે. જ્યાં તેઓ અમેરિકી પ્રમુખ સાથે યુદ્ધ વિરામ જેવા શાંતિના મુદ્દાઓ પર ચર્ચા કરવાના છે. પરંતુ હવે આ ઘટનાએ બળતાંમાં ઘી હોમ્યું છે. હમાસના હુમલામાં પાંચ સૈનિકોનો મોત થતાં હવે સ્થિતિ વણસી શકે છે. સૈનિકોના વાહનમાં બોમ્બ ગોઠવી દેતાં તેમાં વિસ્ફોટ થયો હતો. ઈઝરાયેલના એક સૈન્ય અધિકારીએ જણાવ્યું હતું કે ઉત્તરી ગાઝાના બેઈત હેનોન વિસ્તારમાં ઓપરેશન દરમિયાન પાંચ સૈનિકોને વિસ્ફોટકોથી ઉડાવી દેવાયા હતા. ઘવાયેલા સૈનિકોને લઈ જતી વખતે આતંકીઓએ ફાયરિંગ પણ કર્યું હતું. જેમાં ૧૪ સૈનિકોને ઈજા પહોંચી છે. જેમાં અનેકની હાલત ગંભીર હોવાથી સ્થિતિ વણસી શકે છે. આની સાથે અત્યારસુધી હમાસના હુમલામાં ઈઝરાયેલના કુલ ૮૮૮ સૈનિકો ઠાર મરાયા છે. હમાસના પ્રવક્તા અબુ ઓબેદાએ ઈઝરાયેલની સેનાને નબળી ગણાવી કહ્યું હતું કે આ હુમલો એક વધારાનો ફટકો છે. જોકે ઈઝરાયેલના વળતાં હુમલામાં આશ્રયસ્થાનોમાં રહેલા લોકો પણ નિશાન બનાવાયા હતા. જેમાં કુલ ૫૧ લોકોનાં મોત નીપજ્યા છે. મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે.

### એક્સ ટાસ્ક ફોર્સના રિપોર્ટમાં દાવો

## પુલવામા એટેક માટે વિસ્ફોટકો એમેઝોન પરથી ખરીદવામાં આવ્યા હતાઃ રિપોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ૨૦૧૯માં થયેલા આતંકવાદી હુમલામાં ઉપયોગમાં લેવાયેલા વિસ્ફોટક પદાર્થો ઈ-કોમર્સ વેબસાઈટ એમેઝોન પરથી ખરીદવામાં આવ્યા હતા. વિશ્વભરમાં આતંકવાદી સંસ્થાઓને અપાતા ફન્ડિંગ પર નજર રાખનાર ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ)એ પોતાના રિપોર્ટમાં આ દાવો કર્યો છે. જેમાં જણાવાયું છે કે ૨૦૨૨માં યુપીના ગોરખપુરમાં ગોરખનાથ મંદિર પર થયેલા હુમલામાં સામેલ આતંકવાદીઓને ઓનલાઈન મની ટ્રાન્સફર પ્લેટફોર્મ 'પે-પલ' દ્વારા પૈસા આપ્યા હતા. આ બંને મામલાને ઉદાહરણ તરીકે રજૂ કરીને એફએટીએફે ચેતવણી આપી છે કે ઈ-કોમર્સ અને ડિઝિટલ મની ટ્રાન્સફર સર્વિસ જો ખોટા હાથમાં જશે તો એ આતંકવાદના ઝડપી



પ્રસારનું માધ્યમ બની શકે છે. એફએટીએફની આ રિપોર્ટનું નામ - 'કોમ્પ્રિહેન્સિવ અપડેટ ઓન ટેરરિસ્ટ ફાઈનાન્સિંગ રિસ્ક' છે. આ રિપોર્ટના પેજ નંબર ૧૩૧ પર ઉલ્લેખ કર્યો છે કે કેવી રીતે આતંકવાદના ફન્ડિંગની પદ્ધતિ બદલાઈ છે. આ રિપોર્ટ અનુસાર, આતંકવાદી સંગઠનો હવે પરંપરાગત ફન્ડિંગ માધ્યમની સાથે-સાથે ડિઝિટલ માધ્યમો જેવા ઓનલાઈન પેમેન્ટ, ગેમિંગ પ્લેટફોર્મ્સ, સોશ્યલ મીડિયા અને ઈ-કોમર્સ સાઈટ્સનો ઉપયોગ કરી રહ્યા છે. આતંકવાદ સંબંધિત ફન્ડિંગની રણનીતિઓ એક જેવી હોતી નથી, પરંતુ અલગ-અલગ જગ્યાઓ પર, અલગ પરિસ્થિતિઓના હિસાબથી અલગ રીતો અપનાવવામાં આવે છે. ઘણા દેશોમાં આતંકવાદના ફન્ડિંગને સમજવા અને રોકવાની ક્ષમતામાં હજુ પણ મોટી ખામીઓ છે, અને જો તેને સમયસર બરાબર કરવામાં નહીં આવે તો આતંકવાદી સંગઠનો વર્તમાન ખામીઓનો ફાયદો ઉઠાવતા રહેશે. આ રિપોર્ટ અનુસાર, કેવી રીતે આતંકવાદી સંગઠન આંતરરાષ્ટ્રીય ફાયનાન્શિયલ સિસ્ટમનો ઉપયોગ પોતાની ગતિવિધિઓને ચાલું રાખવા અને હુમલો કરવા માટે કરે છે.

## ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનને વધારાના શસ્ત્રો મોકલવાની જાહેરાત કરી

### રશિયા હવે ઇરાનના શાહેદ ડ્રોનનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે. યુદ્ધને લંબાવવા માટે તેની પાસે બહુ ઓછા વિકલ્પો બાકી છે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

રશિયાએ નવેસરથી હુમલા કરીને યુક્રેનના કેટલાંક નવા પ્રદેશો પર અંકુશ મેળવ્યો છે ત્યારે અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કીવને વધારાના શસ્ત્રો મોકલવાની જાહેરાત કરી છે. રશિયાના નવેસરના હુમલાથી યુદ્ધભૂમિમાં યુક્રેન પડકારોનો સામનો કરી રહ્યું હોવાનું સ્વીકારીને પ્રેસિડન્ટ ટ્રમ્પે વ્હાઉટ હાઉસમાં જણાવ્યું હતું કે અમારે વધુ શસ્ત્રો મોકલવા પડશે, જે ખાસ કરીને સંરક્ષણાત્મક શસ્ત્રો હશે. રશિયા ખૂબ જ આકરા પ્રહાર કરી રહ્યું છે. તેઓ રશિયન પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનથી ખુશ નથી. વોશિંગ્ટને કિવને અમુક શસ્ત્રોના સપ્લાય પર રોક લગાવ્યાના થોડા દિવસો પછી પ્રેસિડન્ટ ટ્રમ્પે આ ટીપ્પણી કરી હતી. લશ્કરી સહાયમાં ટૂંકા ગાળાનો આ વિરામ કિવ માટે મોટી ચિંતાનો વિષય બન્યો હતો. યુક્રેન ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં સૌથી મોટા મિસાઈલ અને ડ્રોન હુમલાઓનો સામનો કરી રહ્યું છે. રશિયાએ યુક્રેનના કેટલાંક પ્રદેશો પર અંકુશ મેળવ્યો હોવાનો પણ દાવો કર્યો છે. બીજી તરફ યુક્રેને જણાવ્યું હતું કે તેને મોસ્કો પ્રદેશમાં રશિયન દારૂગોળા ફેક્ટરી પર વળતા ડ્રોન હુમલા કર્યા હતાં. પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કી જણાવ્યું હતું કે આગામી વ્યૂહાત્મક બેઠકો દ્વારા આંતરરાષ્ટ્રીય સમર્થન અને સહયોગને મજબૂત કરાશે. રશિયા હવે ઈરાનના શાહેદ ડ્રોનનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે. યુદ્ધને લંબાવવા માટે તેની પાસે બહુ ઓછા વિકલ્પો બાકી છે.

## બિલ ગેટ્સ ટોચની ૧૦ ધનિક વ્યક્તિઓની યાદીમાંથી બહાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

એક સમયે બિલિયોનેરની યાદીમાં ટોચ પર રાજ કરનારા અબજોપતિ બિલ ગેટ્સ ટોચની ૧૦ ધનિક વ્યક્તિઓની યાદીમાંથી બહાર ફેંકાઈ ગયા છે. છેલ્લા સાત દિવસમાં મૂડીમાં $52 અબજથી વધુનું ધોવાણ થયું છે જેને પગલે તેઓ બ્લૂમબર્ગ બિલિયોનેરની યાદીમાં ૧૨મા સ્થાને આવી ગયા છે.

જ્યારે ફોર્બ્સ બિલિયનરની યાદીમાં તો છેક ૧૫માં સ્થાને નોંધાયા છે, જેઓ ભારતના સૌથી શ્રીમંત મુકેશ અંબાણી કરતાં પણ નીચે છે, જેઓ આ યાદીમાં ૧૪માં સ્થાને છે. બિલ ગેટ્સની ગત સોમવારે બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ અનુસાર, કુલ સંપત્તિ $124 અબજ થઈ હતી, જે સાત દિવસ પહેલાં $172 અબજ હતી. આનો અર્થ એ થયો કે માઈક્રોસોફ્ટના ભૂતપૂર્વ સીઈઓએ છેલ્લા સાત દિવસમાં તેમની કુલ સંપત્તિના ૩૦ ટકા એટલે કે આશરે $52 અબજ ગુમાવ્યા હતા. ઈન્ડેક્સ અનુસાર સોમવારે બિલ ગેટ્સની કુલ સંપત્તિમાં $35.1 કરોડનો ઘટાડો થયો હતો. ફોર્બ્સની બિલિયનર યાદી અનુસાર ગેટ્સની કુલ સંપત્તિ $117.1 અબજની હતી, જે આગલા દિવસની સામે $37.2 કરોડનો ઘટાડો દર્શાવતી હતી. બિલ ગેટ્સની સંપત્તિમાં અચાનક ઘટાડો ગેટ્સ ફાઉન્ડેશનને તેમના મોટા ચેરિટી યોગદાન અને દાનને કારણે થયો છે. આ વર્ષે મે મહિનામાં એક બ્લોગમાં, માઈક્રોસોફ્ટના સહ-સ્થાપકએ શેર કર્યું હતું કે તેમની પાસે $108 અબજની ચોખ્ખી સંપત્તિ છે અને તેમણે આગામી ૨૦ વર્ષમાં લગભગ બધી જ ચેરિટીમાં દાન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમના તાજેતરના નુકસાનને કારણે ગેટ્સ બર્કશાયર હેથવેના સીઈઓ વોરેન બફેટ, ગૂગલ-પેરેન્ટ આલ્ફાબેટના સહ-સ્થાપક લેરી પેજ અને સેર્ગેઈ બ્રિન, LVMH સીઈઓ બર્નાર્ડ આર્નોલ્ટ અને એનવિડિયા સીઈઓ જેન્સન હુઆંગ કરતાં પાછળ રહી ગયા છે. ૨૦૧૪માં માઈક્રોસોફ્ટ સીઈઓ પદ છોડી દેનારા સ્ટીવ બાલ્મર હવે બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં $172 અબજની નેટવર્થ સાથે ૫માં સ્થાને છે.એલન મસ્કની સંપત્તિમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના પ્રારંભથી અત્યાર સુધીમાં રેકોર્ડ $87 અબજ ડોલરનું ધોવાણ થયું છે. ગત સોમવારે શેરના ભાવમાં ૭ ટકાનો કડાકો નોંધાયો ત્યારે નેટવર્થમાં ૧૫ અબજ ડોલરનો ઘટાડો થયો હતો. છેલ્લા છ મહિનામાં જંગી ધોવાણ થવા છતાં તેઓ હજી પણ વિશ્વના સૌથી વધુ ધનિક વ્યક્તિ રહ્યા છે. ફોર્બ્સ બિલિયોરનની યાદી અનુસાર તેઓની છેલ્લે કુલ નેટવર્થ $393.1 અબજની તો બ્લૂમબર્ગ બિલિયોનેર અનુસાર $361 અબજ હતી.

**વિશેષ** ઓલિમ્પિક મેડલ વિજેતા મીરાબાઈ ચાનુ અને શ્રીમતી ખડસેએ રમતવીરોના વ્યાપક વિકાસ માટે તાકાત અને કન્ડીશનીંગ, પોષણ અને રમતગમત વિજ્ઞાનના મહત્વપૂર્ણ પાસાઓ પર ચર્ચા કરી

# 'જ્યારે મહિલાઓ આગળ વધે છે, ત્યારે રાષ્ટ્ર આગળ આવે છે': શ્રીમતી રક્ષા ખડસે, યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી

। (પીઆઈબી) નવી દિલ્હી ।

શ્રીમતી રક્ષા ખડસે, યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રીએ મોદીનગરમાં વેઈટલિફ્ટિંગ વોરિયર્સ એકેડેમીની મહત્વપૂર્ણ મુલાકાત લીધી, જે ખેલો ઈન્ડિયા માન્યતા પ્રાપ્ત એકેડેમી પહેલ હેઠળ શ્રેષ્ઠતાના પ્રતીક સમાન છે. તેમની સાથે ઓલિમ્પિક મેડલિસ્ટ મીરાબાઈ ચાનુ, મુખ્ય કોચ વિજય શર્મા, સહદેવ યાદવ, IWLF પ્રમુખ, અશ્વિની કુમાર, CEO IWLF પણ જોડાયા હતા.

મુખ્ય રાષ્ટ્રીય કોચ શ્રી વિજય શર્મા દ્વારા સ્થાપિત વેઈટલિફ્ટિંગ વોરિયર્સ એકેડેમી, ભવિષ્યના ચેમ્પિયનોને તૈયાર કરવા માટે કાળજીપૂર્વક રચાયેલ એક અત્યાધુનિક સુવિધા છે. ખેલો ઈન્ડિયા યોજના અને વિવિધ રમત સંસ્થાઓના મજબૂત સમર્થનથી સંચાલિત, એકેડેમી એથ્લેટિક વિકાસ માટે એક સર્વાંગી વાતાવરણ પૂરું પાડે છે.





ખેલો ઈન્ડિયા માન્યતા પ્રાપ્ત એકેડેમી - ખેલો ઈન્ડિયા યોજનાનું એક મહત્વપૂર્ણ ઘટકઃ

ખેલો ઈન્ડિયા માન્યતા પ્રાપ્ત એકેડેમી તરીકે માન્યતા પ્રાપ્ત કરવા માટે, કોઈપણ સુવિધા માટે ખેલો ઈન્ડિયા યોજનાના ધોરણોનું પાલન કરવું જરૂરી છે. આ વેઈટલિફ્ટિંગ વોરિયર્સ એકેડેમીમાં આધુનિક, સંપૂર્ણ સજ્જ જીમ, શ્રેષ્ઠ પોષણ સુનિશ્ચિત કરવા માટે સમર્પિત મેસ અને અત્યાધુનિક તાલીમ સાધનો અને રમતગમત વિજ્ઞાન સુવિધાઓ છે. તે હવે ફક્ત પરંપરાગત કોચિંગ સુધી મર્યાદિત નથી. અહીંના રમતવીરો વૈજ્ઞાનિક તાલીમ પદ્ધતિઓ, અદ્યતન પ્રદર્શન વિશ્લેષણ, લક્ષિત ઈજા નિવારણ કાર્યક્રમો અને વ્યાપક પુનર્વસન સહાયનો લાભ મેળવે છે. અહીં રહેણાંક માટે ૩૦ આરામદાયક રૂમ છે જે ૬૦ જેટલા રમતવીરોને સમાવી શકે છે. હાલમાં, આ એકેડેમી ૮-૧૪ વર્ષની વયના ૪૦ આશાસ્પદ યુવા ખેલાડીઓ માટે એક વાઈબ્રન્ટ હબ છે. જેઓ રમતમાં મહાનતા તરફ પોતાનું પ્રથમ પગલું ભરી રહ્યા છે. તેઓ ૧૫ ટોચના ખેલાડીઓ સાથે તાલીમ લે છે, જેમાં ભારતના પ્રતિષ્ઠિત ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મીરાબાઈ ચાનુનો પણ સમાવેશ થાય છે, જેમનું સમર્પણ અને કૌશલ્ય આ દિવાલોમાં સતત પ્રેરણાનો સ્ત્રોત રહે છે.

ઉત્સાહી યુવા રમતવીરો, કોચ અને સ્ટાફને સંબોધતા શ્રીમતી ખડસેએ કહ્યું, ""ખેલો ઈન્ડિયા પોલિસી ૨૦૨૫' હેઠળ, અમે એક એવી ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ જે ફક્ત પ્રતિભાઓને જ શોધશે નહીં પરંતુ તેમને વિશ્વ કક્ષાના કોચિંગ અને સમુદાય જોડાણ દ્વારા જાળવી રાખશે. મને સમજાયું છે કે જ્યારે મહિલાઓ આગળ વધે છે, ત્યારે આખું રાષ્ટ્ર આગળ વધે છે, અને અમે પ્રતિજ્ઞા લઈએ છીએ કે કોઈ પ્રતિભા અપ્રાપ્ય રહેશે નહીં અને કોઈ આકાંક્ષા અપૂર્ણ રહેશે નહીં.''

શ્રીમતી ખડસેની મુલાકાતે પાયાના સ્તરેથી પ્રતિભાઓને ઓળખવા અને તેમને ઉછેરવામાં, તેમને વિશ્વ કક્ષાની સુવિધાઓ અને નિષ્ણાત માર્ગદર્શનથી સજ્જ કરવામાં આ એકેડેમીઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. આવી સંસ્થાઓ "ખેલો ઈન્ડિયા પોલિસી ૨૦૨૫"ના મહત્વાકાંક્ષી લક્ષ્યોને સાકાર કરવા માટે મહત્વપૂર્ણ છે, જે એક દૂરંદેશી નીતિ છે જેનો ઉદ્દેશ્ય એક વ્યાપક અને ટકાઉ રમત વિકાસ માળખું બનાવીને ભારતને એક મજબૂત વૈશ્વિક રમતગમત મહાસત્તામાં રૂપાંતરિત કરવાનો છે.

એકેડેમીમાં મીરાબાઈ ચાનુ જેવી પ્રતિષ્ઠિત રમતવીરની હાજરી યુવા તાલીમાર્થીઓ માટે એક મજબૂત પ્રેરણાદાયક કાર્ય કરે છે. જે સ્પષ્ટપણે દર્શાવે છે કે સમર્પિત તાલીમ અને ખેલો ઈન્ડિયા પહેલ દ્વારા પૂરી પાડવામાં આવતી શ્રેષ્ઠ સુવિધાઓની સુલભતા દ્વારા કઈ ઊંચાઈઓ પ્રાપ્ત કરી શકાય છે. શ્રીમતી ખડસેએ શ્રેષ્ઠતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે એકેડેમીના પ્રયાસોની પ્રશંસા કરી અને ભારતીય રમતગમત માટે ઉજ્જવળ અને વધુ ભવ્ય ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે આવી મહત્વપૂર્ણ સંસ્થાઓમાં રોકાણ ચાલુ રાખવાના સરકારના નિર્ધારની પુનઃપુષ્ટિ કરી હતી.

### ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે

# ગુજરાત ક્રુઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

દેશમાં સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત ક્રૂઝ ભારત મિશનનું નેતૃત્વ કરનારું પ્રથમ રાજ્ય બની ગયું છે. આ સાથે ભારતમાં વિશ્વ કક્ષાનો ક્રૂઝ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાતે મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યએ ૨,૩૪૦ કિમીના દરિયાકિનારા અને સાબરમતી, નર્મદા જેવી નદીઓના વ્યૂહાત્મક મહત્વને ઓળખીને રાષ્ટ્રીય ક્રૂઝ એજન્ડાને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. ક્રૂઝ ભારત મિશન માટે ક્રૂઝ શિપિંગ પોલિસીની રૂપરેખા નક્કી કરવાના ઉદ્દેશથી ગુજરાત મેરીટાઈમ બોર્ડે (GMB) ૬ મેએ એક-દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં વિવિધ હિતધારકોએ હાજરી આપી હતી. GMB દ્વારા આયોજિત આ વર્કશોપમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડના ચીફ નોટિકલ ઑફિસર (HQ) કેપ્ટન બંશીવા લાડવા, GMBના વાઇસ ચૅરમૅન અને સીઈઓ રાજકુમાર બેનીવાલ (IAS)એ મહત્વનું સંબોધન કર્યું હતું. તેમણે રાજ્યની વધી રહેલી દરિયાઈ ક્ષમતાઓ તેમજ ઊભરતા ક્રૂઝ ટુરિઝમ ક્ષેત્રની આર્થિક તકો પર ભાર મૂક્યો હતો. વર્કશોપના પ્રથમ સત્રમાં મેરીટાઈમ અને ટુરિઝમ નિષ્ણાતોની ઉપસ્થિતિમાં "નીતિ અને માળખાગત સુવિધા- ભારતમાં ક્રૂઝ ક્ષેત્રના વિકાસ માટે પાયો નાખવો" એ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ઈન્ડિયન પોર્ટ્સ એસોસિએશનના સલાહકાર રાજીવ જલોટાએ ક્રૂઝ ભારત મિશન હેઠળ વ્યૂહાત્મક લક્ષ્યોની રૂપરેખા આપી હતી. મુંબઈ પોર્ટ ઑથોરિટીના અધ્યક્ષ શ્રી સુશીલ કુમાર સિંહે બંદરોની તૈયારી અને સ્પષ્ટ બર્થિંગ પોલિસીની જરૂરિયાત પર ચર્ચા કરી હતી. FRRO, કોચીનના કૃષ્ણરાજ આર. એ ઈમિગ્રેશન અને દરિયા કિનારાની પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જ્યારે ગોવા ઈન્ટરનેશનલ ક્રૂઝ ટર્મિનલના CEO ગૌતમ ડેએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ્સ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂક્યો હતો. ગુજરાતનો રોડમૅપ રજૂ કરતાં રાજકુમાર બેનીવાલે રોકાણને અનુરૂપ પોલિસીઓ બનાવીને વિશ્વ કક્ષાના ક્રૂઝ ટર્મિનલ માટે રાજ્યની યોજના વિશે માહિતી આપી હતી. ગુજરાત ટુરિઝમના મૅનેજિંગ ડિરેક્ટર સાઈદિંગપુઈ છાકછુઆક (IAS) એ મુસાફરો માટે ક્રૂઝ-રેડી સ્થળો અને ઓનશોર પ્રવાસન વિકસાવવા માટેની વ્યૂહરચના રજૂ કરી હતી. કૃષ્ણરાજ આર. (IPS)એ કાર્યક્ષમ ઈમિગ્રેશન પ્રક્રિયાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને પ્રવાસીઓના સંચાલનને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટેક્નોલૉજીના ઉપયોગની ભલામણ કરી હતી. બંદરો અને પરિવહન વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે ગુજરાતને એક અગ્રણી ક્રૂઝ હબ તરીકે સ્થાપિત કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો વ્યાપક અભિગમ, તેની માળખાગત સુવિધાઓ, નીતિ અને પ્રવાસન વિકાસ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે. ત્યારબાદ વર્કશોપના પ્રશ્નોત્તરી સત્ર દરમ્યાન સહભાગીઓએ રાજ્ય માટે એક મજબૂત ક્રૂઝ નીતિ બનાવવા સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. તો પૅનલસત્રમાં પૅનલિસ્ટોએ હાલના પડકારોને સંબોધીને ભવિષ્યમાં ક્રૂઝ ક્ષેત્રે રહેલી સંભાવનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ સત્ર સહભાગીઓ અને ઉદ્યોગના દિગ્ગજો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે મહત્વનું માધ્યમ બન્યું હતું.

ક્રૂઝ ભારત મિશનના ભાગ રૂપે, ગુજરાતે તેના પશ્ચિમ કિનારા પર વિવિધ સંભવિત ક્રૂઝ સર્કિટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં દીવ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, જામનગર, ઓખા અને પડાલા ટાપુ જેવા મુખ્ય સ્થળો તેમજ કાર્યરત ઘોઘા-હઝીરા રો-પેક્સ સેવાનો પણ સમાવેશ થાય છે.

## એક સપ્તાહ પહેલા જ કરેલી તપાસમાં બ્રિજમાં કોઈ નુકસાની જોવા મળી ન હતી

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

મધ્ય ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મહીસાગર નદી પરનો આશરે ૪૦ વર્ષ જૂનો ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટના બની હતી. આ ઘટનામાં બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી બે ટ્રક, એક બોલેરો જીપ સહિત ચાર વાહનો બે કાંઠે વહેતી મહીસાગર નદીમાં ખાબક્યા હતા. આ ઘટનાની જાણ થતા ટોળે વળેલા લોકોનો તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો. લોકો જણાવી રહ્યા હતા કે ૪૫ વર્ષ જૂના ગંભીરા બ્રિજના સમારકામ માટે તંત્રને અનેક વખત ધ્યાન દોરવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આજે આ દુર્ઘટના સર્જાઇ છે. આ દુર્ઘટના માટે માત્રને માત્ર તંત્ર જવાબદાર હોવાનો સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો. બ્રિજ દુર્ઘટનાને લઈને મુખ્ય ઈજનેરનો ચોંકાવનારો દાવો કર્યો છે ગયા સપ્તાહે જ તપાસ કરી જેમાં કોઈ નુકસાની જોવા ન મળી હતી, ગયા વર્ષે જ બ્રિજના સ્ટ્રક્ચરમાં નુકસાની જણાઈ હતી.

## પિકઅપ વાન ઊંચી થઈ અને કુદીને ભાગ્યા : વાહન ચાલક

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

ગુજરાતીમાં એક કહેવત છે કે, રામ રાખે એને કોણ ચાખે, આ કહેવત આજે બ્રિજ દુર્ઘટનામાં બચી ગયેલા પિકઅપ વાન ચાલક માટે સાર્થક ઠરી છે. આણંદ જિલ્લાના ગંભીરા પાસે મહીસાગર નદી ઉપરનો બ્રિજ આજે તુટી પડતા, આ સમાચાર લખાય છે ત્યાં સુધીમાં ૧૨ નિર્દોષ નાગરિકોના મોત થયા છે. કહેવાય છે કે, કેટલાક સ્થાનિકોએ, આ પૂલ જર્જરિત હોવાની ફરિયાદ અવારનવાર તંત્રને કરી હતી. પરંતુ ગુજરાત સરકારના તંત્રના કયા પેરામિટરમાં આ પુલ ફિટ હતો તે તો તંત્ર જ કહી શકશે. બાકી બ્રિજ વાહનવ્યવહાર માટે યોગ્ય ના હોવા અને જર્જરિત હોવાની ફરિયાદોનો ઢગલો કરનારા અનેક લોકો હાજર છે. આજે બુધવારના રોજ સવારે બનેલ મહિસાગર પરના ગંભીરા બ્રિજ તુટી પડ્યો એ જ ઘડીએ એક પિકઅપ વાન પણ બ્રિજ ઉપરથી પસાર થઈ રહી હતી. પરંતુ આ પિકઅપ વાન ચાલક અને તેમા સવાર અન્ય લોકો, માર્યા ગયેલાઓની સરખામણીએ નસીબદાર હતા. જેવો બ્રિજ તુટ્યો કે પિકઅપવાન બ્રિજના જે ભાગમાં હતી તે એકાએક ઉંચી થઈ ગઈ. આ ઘટનાને કારણે ચાલક અને તેમા બેઠેલા અન્ય ગભરાઈ ગયા અને તેઓ એકાએક કૂદી ગયા. જો કે તેમની આખોની સામે પિકઅપ વાન નદીમાં ખાબકી પરંતુ તેઓ બચી ગયા.

### ગરીબ વિદ્યાર્થીઓ માટેના સંસાધનોનો દુરુપયોગ

## સરકારી પાઠ્યપુસ્તકો પસ્તી તરીકે મળતાં શૈક્ષણિક તંત્રમાં હડકંપ મચી

**માલપુર શહેરમાં એક ભંગાર વેપારીના ગોદામમાંથી સરકારી પાઠ્યપુસ્તકો જપ્ત કરવામાં આવ્યા**

। (એજન્સી) અરવલ્લી, તા.૯ ।

અરવલ્લી જિલ્લાના માલપુર શહેરમાં એક ભંગાર વેપારીના ગોદામમાંથી સરકારી પાઠ્યપુસ્તકો જપ્ત કરવામાં આવ્યા. આ ઘટનાએ શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચાવી દીધો છે. આ પુસ્તકો મહિસાગર જિલ્લાના લીબરડિયા પંથકના એક ભંગાર વેપારી પાસેથી ખરીદવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે, જેનાથી સરકારી મિલકતના દુરુપયોગ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

ઘટનાની વિગતવાર માહિતી: માહિતી મળતાં જ મહિસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ, અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ માલપુરમાં ભંગાર વેપારી મદન ગુર્જરના ગોદામમાં રેન્ડમ નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન, ધોરણ ૧ થી ૮ સુધીના આશરે ૫,૦૦૦ જૂના અને કેટલાક નવા પાઠ્યપુસ્તકો મળી આવ્યા હતા. જાણવા મળ્યું હતું કે આ પુસ્તકો મહિસાગર જિલ્લાના લીબરડિયા વિસ્તારના જેઠુભાઈ કારી નામના ભંગાર વેપારી દ્વારા માલપુરના એક વેપારીને પસ્તીના રૂપમાં ભંગાર તરીકે વેચવામાં આવ્યા હતા.

શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી: શિક્ષણ વિભાગે આ તમામ પુસ્તકો જપ્ત કરી છે અને આ મામલાની તપાસ શરૂ કરી છે. શિક્ષણ વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે આ પુસ્તકો ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મફતમાં આપવામાં આવ્યા હતા પરંતુ તેમને ભંગાર તરીકે વેચવામાં આવ્યા હતા, જે ખૂબ જ દુઃખદ અને ગંભીર બાબત છે.

જાહેર ભંડોળનો દુરુપયોગ: આ ઘટના જાહેર ભંડોળના દુરુપયોગનું સ્પષ્ટ ઉદાહરણ છે. વિદ્યાર્થીઓના શિક્ષણને ટેકો આપવા માટે આપવામાં આવેલા પાઠ્યપુસ્તકો ભંગાર તરીકે વેચવામાં આવ્યા હતા, જે સમાજના સૌથી સંવેદનશીલ ક્ષેત્રોને અસર કરે છે. આ ઘટનાઓ શિક્ષણ પ્રણાલીમાં ભ્રષ્ટાચાર અને બિનજરૂરી નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરે છે.

તપાસ અને આગામી પગલાં: શિક્ષણ વિભાગે જાહેરાત કરી છે કે તે આ મામલે કડક કાર્યવાહી કરશે. તપાસ દરમિયાન, જિલ્લાઓ અને ભંગારના વેપારીઓ બંનેમાંથી સંડોવાયેલા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં, શિક્ષણ વિભાગ આવી ઘટનાઓને રોકવા માટે કડક નિયમો અને દેખરેખ પ્રણાલી લાગુ કરશે.

સામાજિક પ્રતિક્રિયાઃ સ્થાનિક વસ્તી અને સામાજિક સંગઠનોએ આ ઘટના પર પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમણે આવા કૃત્યો કરનારાઓ સામે કડક કાર્યવાહી અને શિક્ષણ પ્રણાલીમાં ભ્રષ્ટાચાર અટકાવવા માટે કડક નીતિઓ વિકસાવવાની માંગ કરી છે. આ ઘટના જાહેર સંપત્તિના દુરુપયોગ સામે કડક પગલાં લેવાની જરૂરિયાતની ગંભીર ચેતવણી તરીકે સેવા આપે છે, ખાસ કરીને જ્યારે તે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી હોય. શિક્ષણ વિભાગે આ બાબતે ઝડપથી અને નિર્ણાયક રીતે કાર્ય કરવું જોઈએ

## અમદાવાદ પ્લેન ક્રેશ : ૧૯ મૃતકોના અવશેષોની હોસ્પિટલ તંત્રે અંતિમ વિધિ પરિપૂર્ણ કરી

**ક્રેશ સાઇટ ખાતે મળી આવેલા માનવ અંગોના ડી.એન.એ. સેમ્પલ મેચિંગ પ્રક્રિયા બાદ તમામ નશ્વર અવશેષોની અંતિમ વિધિ કરાઈ**

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં ૧૨ જૂનના રોજ બનેલી હૃદયદ્રાવક પ્લેન ક્રેશની દુર્ઘટનામાં ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ભયાનક વિસ્ફોટના કારણે લોકો આગમાં ભડથું થયા હતા. તેમના મૃતદેહોની ઓળખ ડીએનએ સેમ્પલ મેચના આધારે થઈ રહી છે. સ્વજન, વ્હાલસોઈ વ્યક્તિની આપણી વચ્ચેથી વિદાય થવી તે જીરવવું કોઈ પણ માટે કપરું હોય છે. તેમાં પણ જ્યારે સ્વજનનો મૃતદેહ ઓળખી પણ શકાય નહીં તેવી સ્થિતિમાં આવે અને તેમના અવશેષોના ટુકડા જેમ-જેમ મળે તેમ અંતિમ વિધિ કરવી પડે તો તેમાં સ્વજનની પીડાને વર્ણવી શકાય જ નહીં. અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ક્રેશ સાઈટ ખાતે મળી આવેલા માનવ અંગોના ડી.એન.એ. સેમ્પલ મેચિંગ પ્રક્રિયા બાદ તમામ નશ્વર અવશેષોની અંતિમ વિધિ સન્માનપૂર્વક સંપન્ન કરવામાં આવી છે.

અમદાવાદમાં થયેલા પ્લેનક્રેશને ૨૬ દિવસ પૂરા થયા છે. પ્લેનક્રેશ થયાના ૩ સપ્તાહ સુધી ઘટનાસ્થળેથી છૂટાછવાયા માનવ અવશેષો મળી આવ્યા હતા. દરેક અવશેષોના ડી.એન.એ મેચ કરી ઓળખ પ્રક્રિયા પૂરી કરવામાં આવી હતી.

ડી.એન.એ. સેમ્પલ મેચિંગની પ્રક્રિયા દરમિયાન હૉસ્પિટલ તંત્ર દ્વારા મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી કે, માનવ અંગોના ડી.એન.એ સેમ્પલ મેચિંગ પ્રક્રિયા ચાલુ હોવાથી ભવિષ્યમાં તેમના પરિવારજનોના નશ્વર અવશેષો મળી શકે છે. સેમ્પલ મેચિંગની પ્રક્રિયાને અંતે કુલ ૨૬ જેટલા મૃતકોના નશ્વર અવશેષો મળી આવતા તમામ સંબંધિત પરિવારજનોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ પૈકી ૭ પરિવારો તેમના સ્વજનોના અંગો અંતિમ વિધિ માટે લઈ ગયા હતા. બાકીના પરિવારોએ હૉસ્પિટલ તંત્રને તેમની તરફથી અંતિમ વિધિ કરવા કહ્યું હતું. જેથી ૧૯ લોકોની અંતિમ વિધિ સરકારી તંત્ર દ્વારા પૂરી કરવામાં આવી હતી.

૧૯ મૃતકોના નશ્વર અવશેષોની અંતિમ વિધિ કરવાની હતી તેમાંથી એક મુસ્લિમ વ્યક્તિની દફન વિધિ સંપૂર્ણ સન્માન સાથે મુસ્લિમ વિધિ પ્રમાણે મૌલવી દ્વારા કુરાન શરીફની આયત વાંચીને કરવામાં આવી હતી. ૧૮ હિન્દુ મૃતકોના નશ્વર અવશેષોની અંતિમ ક્રિયા હિન્દુ શાસ્ત્રક્ત વિધિ પ્રમાણે વાડજ સ્મશાનમાં કરવામાં આવી હતી. તમામના અસ્થિને સંપૂર્ણ સન્માન સાથે સાબરમતીના નારણ ઘાટ પર વિસર્જિત કરવામાં આવ્યા હતા. સિવિલ હૉસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ, ફોરેન્સિકના વડા, મેડિકલ ઑફિસર્સ, રેસિડેન્ટ ડૉક્ટર્સ, પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અંતિમ વિધિ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

## છોટાઉદેપુરના નેશનલ હાઈવે નંબર ૫૬ પરનો બ્રિજ બિસ્માર હાલતમાં

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૯ ।

છોટાઉદેપુર જિલ્લાના નેશનલ હાઈવે નબર ૫૬ ઉપર આવેલા બ્રિજને સ્થાનિકોમાં ચિંતા પેઠી છે. ગંભીરા બ્રિજની જેમ આ બ્રિજ પણ બિસ્માર હાલતમાં હોવાથી ગમે ત્યારે ધરાશાઈ થાય તેવી શકયતા છે. આવા અનેક બ્રિજો રાજ્યમાં છે જેની સમય મર્યાદા પૂરી થઈ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી રહી નથી. જૂના અને જર્જરીત આ બ્રિજોને ટકાવી રાખવા ફક્ત લીપા પોતીનું લિંપણ કરાય છે. જિલ્લાનો નેશનલ હાઈવે ૫૬ જે જબુગામ પાસેથી પસાર થાય છે. મેરિયા નદી ઉપરના આ બ્રિજ પરથી પસાર થતા એમ લાગે ગમે ત્યારે ધડામ કરતા તૂટી શકે છે. બ્રિજ પર જ્યાં જુવો ત્યાં તિરાડો અને મસ મોટા ખાડા પડી ગયા હોવાના કારણે વાહન લઈ પસાર તેવું પણ મુશ્કેલ બન્યું છે. બોડેલી નજીક આવેલ જિલ્લાની સૌથી મોટી ઓરસંગ નદી પરના બ્રિજ પરથી પસાર થવું તો જાણે લોખંડના ચણા ચાવવા બરાબર લાગી રહ્યું છે. આ બ્રિજના એક ભાગ ૧૯૯૧માં ધરાશાઈ થયો હતો. આ દુર્ઘટનામાં એસ.ટી નિગમ મોડાસર ગામ પાસે ખોટકાયેલ બસનું રિપેરિંગ કરવા જઈ રહી હતી તે બસ રાત્રિ ના સમયે ખાબકી હતી. બસના ડ્રાઈવરનો આજ દિન સુધી પત્તો લાગ્યો નથી. આ બનાવ બાદ તૂટેલા એક ભાગનું નવીની કરણ કરવામાં આવ્યું અને બીજો ભાગ આજે પણ જેમનો તેમ છે. આ બ્રિજ હવે મોરબી ઝૂલતા પુલની જેમ જુલી પણ રહ્યો છે. છતાં આ બ્રિજનું સમારકામ કરી ટકાવી રાખવામાં આવ્યો છે. વાહન ચાલકો આજે પણ આ જોખમી બ્રિજ પર થી પસાર થઈ રહ્યા છે. આ બ્રિજ પર થી પસાર થતા હજારો વાહનો મધ્યપ્રદેશ અને રાજસ્થાન તરફ જઈ રાહયા છે. વર્ષો થી વાહન ચાલકો બૂમરાણ મચાવે છે પણ તંત્ર તેમની વાત સાંભળવા તૈયાર નથી. આવા તો અનેક બ્રિજો છે જે કયારે પણ લોકોના ભોગ લઈ શકે તેવી સ્થિતિ જોવાઈ રહી છે. પણ નેતાઓ કે અધિકારીઓ ને જાણે કાઈ પડી હોય તેમ લાગતું નથી. સવાલ એ ઊભા થાય છે કે ગંભીરા બ્રિજ કે મોરબી ઝૂલતા પુલ જેવી દુર્ઘટના ઘટે તો આખરે જવાબદાર કોણ?

## સરખેજ ગાંધીનગર હાઈવે પર વરસાદથી નુકસાન પામેલા રસ્તાઓને તાકીદે રિપેર કરાયા

। અમદાવાદ, તા.૯ ।



રાજ્યમાં ચાલુ સીઝનમાં પડેલા સાર્વત્રિક વરસાદના પરિણામે ઘણા સ્થળોએ રસ્તાઓ પર ધોવાણના પરિણામે રોડ રસ્તાને નુકસાની થવા પામી છે. અમદાવાદ અને ગાંધીનગર ખાતેથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર નુકસાન પામેલા રસ્તાઓના મરામત માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ અમદાવાદ અને ગાંધીનગર પેટા વિભાગ દ્વારા તાકીદે કામગીરી હાથ ધરવામાં આવી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૭ પર સરખેજ ગાંધીનગર હાઈવે પર અલગ અલગ સ્થળોએ વરસાદના કારણે ક્ષતિ પામેલા રસ્તાઓ પર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ ગાંધીનગરની ટીમો દ્વારા પેચવર્ક અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૭ પર ચિલોડા ગાંધીનગર સરખેજ રસ્તા પર સર્વિસ રોડ પેવ્ડ શોલ્ડર સાથે સિક્સ લેનની કામગીરી ચાલુ છે, જેમાં ભારે વરસાદના લીધે કેટલાંક સ્થળોએ માર્ગોને નુકસાની થવા પામી હતી. અલગ અલગ સ્થળોએ હોટ મિક્ષ, વેટ મિક્ષ અને કોલ્ડ મિક્ષ દ્વારા પેચવર્ક અને માર્ગ મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આ કામગીરીમાં જેસીબી, રોલર, ડમ્પર સહિતના સાધનો સાથે ટીમોએ સતતપણે કામગીરી કરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH ૧૪૭ પર નુકસાન પામેલા રોડ રસ્તાઓને ઝડપથી રીપેર કરવા કામગીરી હાથ ધરી હતી.

### પાલિકાની ગંભીર બેદરકારીના કારણે વિદ્યાર્થીઓના આરોગ્ય સામે ખતરો

## સુરતમાં સમિતિની સ્કુલની બહાર કચરાના ઢગલાઓ

**સ્કૂલ બહાર જ સ્થાનિકો પ્રાણીઓના હાડકા સાથે ગંદો અને ગંધાતા કચરાનો નિકાલ સ્કૂલની દીવાલ પર કરે છે**

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરત મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ગંભીર બેદરકારીને કારણે સમિતિની શાળામાં અભ્યાસ કરતા બાળકો અને શિક્ષકોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. પાલિકાની નબળી કામગીરીના કારણે સગરામપુરા ટપાલ મંડપ પાછળ આવેલી સ્કૂલ બહાર જ સ્થાનિકો પ્રાણીઓના હાડકા સાથે ગંદો અને ગંધાતા કચરાનો નિકાલ સ્કૂલની દીવાલ પર કરે છે. આ કચરાના કારણે વાસ આવી રહી છે અને તેમાં આ બાળકો અભ્યાસ કરી રહ્યાં હોવાથી તેમના આરોગ્ય સામે મોટો પ્રશ્ન ઉભો થયો છે.

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સગરામપુરા વિસ્તારમાં આવેલી શાળા બહાર માથાભારે તત્વો ગેરકાયદે દબાણ કરતા હોવાની ફરિયાદ હતી. આ ફરિયાદ બાદ સમિતિના ચેરમેને સેન્ટ્રલ ઝોનને પત્ર લખી દબાણ હટાવવા જણાવ્યું હતું. જોકે એકાદ દિવસ આ દબાણ અંશતઃ દૂર કરવામાં આવ્યા હતા, પરંતુ હવે ફરીથી બંને શાળા બહાર દબાણ થઈ રહ્યા છે. માથાભારે દબાણ કરનારાઓ વિદ્યાર્થીઓ માટે જોખમ બની રહ્યા છે તે ફરિયાદનો અંત હજી આવ્યો નથી ત્યાં સમિતિની શાળા માટે વધુ એક આફત બહાર આવી છે.

### વરસાદ બાદ શહેરના સંખ્યાબંધ રસ્તાઓ તૂટી ગયાં છે

## સુરત પાલિકાના વરાછા ઝોનમાં બોમ્બે માર્કેટ પાસે મોટો ભુવો પડ્યો

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરત શહેરમાં પડેલા વરસાદ બાદ શહેરના સંખ્યાબંધ રસ્તાઓ તૂટી ગયાં છે અને પાલિકા તંત્ર પોતાની નિષ્ફળતા છુપાવવા ખાડાઓની જાદુઈ ગણતરી કરી રહી છે. આ ગણતરી વચ્ચે સુરત પાલિકાના વરાછા ઝોનમાં ટ્રાફિકથી ધમધમતા બોમ્બે માર્કેટ વિસ્તારમાં અચાનક ભુવો પડી જતાં લોકોમાં ગભરાટ ફેલાયો છે. પાલિકાએ ભુવાની આસપાસ બેરિકેટિંગ કરી રીપેરીંગ માટેની કામગીરી હાથ ધરી છે. સુરતમાં બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે અને પાલિકા વિસ્તારમાં તુટેલા રસ્તા રીપેર કરવાની કામગીરી જોરમાં શરૂ કરવામાં આવી છે. જોકે, સંકલન બેઠકમાં સુરતમાં રસ્તા કઈ રીતે તૂટી રહ્યા છે અને રોડ તુટ્યા છે તેના માટે જવાબદાર કોણ છે તેવો પ્રશ્ન પૂછ્યો હતો પરંતુ અધિકારીઓ જવાબ આપી શક્યા ન હતા. તો બીજી તરફ પાલિકા શહેરના ખાડા ગણતરી માટે જાદુઈ આંકડા જાહેર કરી રહી છે. દરમિયાન શહેરના ટ્રાફિકથી ધમધમતા બોમ્બે માર્કેટ પાસે આવેલા ખાડી મહોલ્લામાં મેઈન રોડ પર રસ્તા વચ્ચે મસમોટો ભુવો પડી પડી ગયો છે.

### શોખ પૂરો કરવા આચરી છેતરપિંડી

## અમદાવાદમાં છેતરપિંડીના ગુનામાં દરિયાપુર પોલીસે શખ્સની ધરપકડ કરી

**આરોપી કોઈ પણ જગ્યા પરથી કપડાં, બુટ કે અન્ય કોઈ પણ બ્રાન્ડેડ કંપનીની વસ્તુઓ ખરીદી કરી ઓનલાઇન પેમેન્ટ કરવાનો આગ્રહ રાખતો**

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અત્યાર સુધી નકલી અધિકારી, નકલી પોલીસ ઑફિસર જોયા છે પણ દરિયાપુર પોલીસે એક એવા આરોપીની ધરપકડ કરી છે જે મોંઘીદાટ અને કિંમતી વસ્તુઓ ખરીદવા માટે નકલી પેમેન્ટના સ્ક્રીન શોટ અને મેસેજ મોકલીને વેપારીઓ સાથે છેતરપિંડી કરતો હતો. પોલીસે છેતરપિંડી કરનાર સુદર્શન યુવરાજ રેડ્ડીને દરિયાપુરમાંથી દબોચ્યો. અમદાવાદમાં છેતરપિંડીના ગુનામાં દરિયાપુર પોલીસે આ શખ્સની ધરપકડ કરી છે. મૂળ બેંગલોરના વતની સુદર્શન યુવરાજ રેડ્ડીને મોંઘીદાટ અને બ્રાન્ડેડ વસ્તુઓ પહેરવાનો શોખીન હતો પણ રૂપિયા ના હોવાના કારણે તેનો આ શોખ પૂરો નહોતો થઈ શકતો. એટલે આ ગઠિયાએ પોતાનો શોખ પૂરો કરવાનો નવો કીમિયો શોધી કાઢ્યો. આરોપી કોઈ પણ જગ્યા પરથી કપડાં, બુટ કે અન્ય કોઈ પણ બ્રાન્ડેડ કંપનીની વસ્તુઓ ખરીદી કરી ઑનલાઈન પેમેન્ટ કરવાનો આગ્રહ રાખતો. ઓનલાઈન પેમેન્ટ માટે પોતાના બેંક એકાઉન્ટમાં રૂપિયા ના હોય તો પણ બારકોડ સ્કેન કરતો અને ટ્રાન્જેક્શન કેન્સલ થાય તેનો સ્ક્રીન શોટ એડિટ કરી વેપારીને બતાવતો અને ત્યારબાદ પેમેન્ટ કરી દીધું હોવાનો વિશ્વાસ અપાવી ખરીદી કરી પલાયન થઈ જતો હતો.